# લોહાણા વિઝન

**એન્ડ મિશન**

વહીવટી કાર્યાલય

હૉટલ નીલકંઠ ઈન સેલર, પાલડી ચાર રસ્તા પાસે, પાલડી, અમદાવાદ.

અખિલ ગુજરાત લોહાણા સમાજનું મુખપત્ર

# લોહાણા વિઝન

સંગઠન • સહકાર • સમર્પણ

**એન્ડ મિશન**

**પ્રમુખની કલમે**
સંગઠિત સત્ય હંમેશા જીતે છે.

**ગુજરાતની ખાણીપીણી**
સ્વાદિષ્ટ અને પૌષ્ટિક વિશ્વ

**કાલીદાસે**
રઘુવંશનું અદ્‌ભુત વર્ણન કર્યુ છે.

**યોગ**
યોગથી તન અને મન સુદૃઢ બને છે

**હાસ્ય**
ઠક્કર ઠક ઠક ન કર

**વારસો**
ગુજરાતનું ઘડતર કરનારા ગૌરવશાળી નામો






## જ્ઞાતિ સંતો

### ભક્ત જલારામ



બાળક જલારામનું ચિત્ત બચપણથી જ ભક્તિભાવ તરફ ઢળેલું હતું. શરૂઆતમાં જલારામ પિતાની દુકાને બેઠા પણ થોડા જ વખતમાં એમનું ચિત્ત ઊઠી ગયું. એકાએક એમની મનમાં જાત્રાએ જવાનો સંકલ્પ થયો. જાત્રા કરીને પાછા ફર્યા બાદ તેઓએ ભોજા ભગતને ગુરુ બનાવ્યા. ગુરુએ કંઠી બાંધી મંત્ર આપ્યો. પછી સંતોની સેવામાં તેમણે જીવન સમર્પિત કર્યું...

એક સુખદ પળે એમને સદાવ્રત ખોલવાનો વિચાર આવ્યો. ગુરુની આજ્ઞા લઈ સદાવ્રત ખોલ્યું, માત્ર વીસ વર્ષની ઉંમરે ! અનેક કસોટી વચ્ચે તેમણે સદાવ્રત ચલાવ્યું. ગરીબોની તેનાથી આંતરડી ઠરતી. તેમની સદ્‌વૃત્તિથી એવું બનવા માંડ્યું કે, તેમના મુખેથી જે નીકળે તે વાણી સિધ્ધ થવા માંડી, એમની સર્વ પ્રવૃત્તિઓમાં તેમનાં પત્ની વીરબાઈનો ઘણો મોટો હિસ્સો હતો.

**2nd** Lohana in India
**5th** in Asia
**11th** in World most common cast.

**15%** of India and
**70%** of Gujarat's business handled by Lohana.

**6th** Lohana is the most richest community in the world.

**423** Lohana caste have different type of surnames.

**65%** NRI are Lohanas

Lohana is an official caste of 43 countries.

**2018** In Lohana caste will be world's number one caste.

Proud to be Lohana.
Jay Jalaram and Jay Shree Ram...

## અખિલ ગુજરાત લોહાણા સમાજ




**ઉત્તર વિભાગ**
ઉત્તર ગુજરાતે સિદ્ધરાજ જયસિંહ જેવા શ્રેષ્ઠ રાજવી આપ્યો. સદીઓથી અંબામાતા ઉત્તર ગુજરાતને આર્શીવાદ આપે છે. ઉત્તર એટલે ઉત્તમ! અનેક સવાલોના ઉત્તર આ પ્રદેશ પાસે છે.

**કચ્છ વિભાગ**
જોવા જેવો મલક અને ફરવા જેવી ભૂમિ એટલે કચ્છ. કલાનું પિયર. રણ અને સમુદ્રનો સમન્વય.

**મધ્ય વિભાગ**
મધ્ય ગુજરાતનું વડોદરા સંરકારની છડી પોકારે અને સયાજીરાવ ગાયકવાડની યાદ અપાવે. ચરોતર એટલે છલોછલ. અમદાવાદ એટલે મહાનગર.. ગુજરાતનો ધબકાર. હોટલ પતંગ અમદાવાદનો નવો શણગાર!

**સૌરાષ્ટ્ર વિભાગ**
હાકલા અને પડકારની ધીંગી ધરતી. કાઠિયાવાડનો કસબ રંગબેરંગી. રાજકોટ રંગીલુ તો ભાવનગરમાં ભાવનાં વહે પૂરે.

**દક્ષીણ વિભાગ**
'જય જય ગરવી ગુજરાત'નો નારો, આપનાર વીર કવિ નર્મદની આ ભૂમિ! તેણે સમાજ સુધારણાનું પણ રણશિંગુ ફૂક્યું હતું. તાપીનાં વહેણ અને સુરતીલાલાઓની લહેર... જીવન એટલે મજા... આનંદ... ઉજાણી... જલસો...

# લોહાણા વિઝન એન્ડ મિશન

## સાંકળિયું INDEX


04 અહેવાલ
07 શું તમારી પાસે આના જવાબો છે?
08 ફોટાઓ
10 ઇતિહાસ
12 હાસ્ય લેખ
14 મનગમતો સ્વાદ
18 હાસ્ય લેખ
20 સ્વાસ્થ્ય
21 રમૂજ
22 પ્રેરણાનું ઝરણું
23 સ્પર્ધા
24 શાર્પ વર્ક
25 સ્માર્ટ-વર્ક
26 આયુર્વેદ લાઇફ સ્ટાઇલ
28 તાંત્રિકની દુનિયા
31 કાર્ટુન
32 ઉદ્યોગ / લુહાણા
33 ગુણિયલ ગૂર્જર દેશ
34 બાળપણની કેળવણી
36 (કળિયુગના) સત્યના પ્રયોગ
38 અસ્મિતા
43 ચર્ચા

## વિઝનનો વ્યાપ અને 'મિશન' ની ગહનતા

સુજ્ઞ વાચકો અને પ્રિય જ્ઞાતિબંધુઓ...

'લોહાણા વિઝન અને મિશન'નો પ્રથમ અંક આપના હાથમાં છે. એને તો જવું છે આપના હસ્તથી આપના હૃદય સુધી. મિડિયાની જબરજસ્ત ભીડમાં 'અખિલ ગુજરાત લોહાણા સમાજ' નું આ મુખપત્ર પોતાનો એક આગવો અને સૂરીલો શબ્દ લઈને આવ્યું છે આપની પાસે. પરંપરાગત જ્ઞાતિ સામયિકો કરતાં તેનું વ્યક્તિત્વ તમને જુદું લાગશે કારણ કે અમે તેવું સકારણ કરવાનો પ્રયાસ કર્યો છે. વાચકોને જ્ઞાતિના સમાચાર કે અહેવાલો તો મળે જ, પણ સાથે સાથે તેના મનોજગતના વિઝનને મજબૂત કરે તેવું વાચન આપવાના પણ અમને અભરખા છે.

આ સામયિકનું નામ છે 'લોહાણા વિઝન અને મિશન', વિઝન વિના તો વિકાસ શક્ય જ નથી. વિઝન હોય તો ખબર પડે કે ક્યાં જવાનું છે. વિઝન હોય તો પ્રગતિનો પાયો નંખાય અને સફળતાની સીડી પણ ચડાય. જેમ નવા માટલામાં પાણી ઝમતું ઝમતું છેક નીચે આવે છે તેમ નવા પ્રમુખ ઉમંગભાઈ ઠક્કરનું વિઝન ઝમતું ઝમતું આ સામાયિક દ્વારા તમારા સુધી આવશે. માત્ર વિઝનથી વાત પૂરી થતી નથી, તેને પામવાનું પણ હોય છે. તો લો મિશન પણ હાજર છે. 'મિશન' એટલે વ્રત. વ્રત કરવાની આપણાં ત્યાં પ્રાચીન પરંપરા છે. લોહાણાઓને તો વ્રત અને સદાવ્રત બન્ને જોડે સીધો અને મજબૂત નાતો. વ્રત ભાવનાથી કામ થાય તો દુનિયાનું કોઈ કામ એવું નથી જે ના કરી શકાય. આ ભાવનાનો પડઘો આ સામયિકમાં ઝિલાશે.

જેમ ગુજરાતી થાળીમાં વિવિધ વાનગીઓ હોય છે તેમ એક આદર્શ સામયિકમાં પણ વિવિધ સ્વાદના લેખો હોવા જોઈએ અને આ સામયિકનાં એડીટિંગમાં એ બાબતનો ખ્યાલ રાખ્યો છે. લોહાણા જ્ઞાતિના ભવ્ય વારસાની ઓળખને રજૂ કરતા અહીં લેખો છે તો આરોગ્ય, યોગ, ઉદ્યોગ, હાસ્ય એમ વિવિધ પ્રકારના લેખો પણ મૂક્યા છે.

પાકી ખાતરી છે કે આ સામયિક તમને આખું વાંચવાનું ગમશે અને એના વાચન પછી, સામયિકમાં પાનાંઓ વિચાર સ્વરૂપે આપના ચેતોતંત્રમાં સતત ફરકતાં રહેશે.

કોઈ પણ સામયિક વાચકોના પ્રતિસાદ વિના અધુરું અને પ્રતિભાવ સાથે અધુરું ! અમે આપના નિખાલસ અભિપ્રાયોની રાહ જોઈશું.

રમેશ તન્ના
તંત્રી,
(લોહાણા વિઝન એન્ડ મિશન)

## મિત્રો, સંગઠનને વિજય સાથે સારું બને છે,
## અને સંગઠિત સત્ય હંમેશાં જીતે છે.. .

### શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર



ગુજરાતમાં વસતા તમામ લોહાણા પરિવારના સભ્યોને, તેમના સમગ્ર પરિવારજનોને મારા જય જલારામ. સૌપ્રથમતો અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ તરીકે હું આપ સર્વેનો હાર્દિક આભાર માનું છું. આપના સહયોગથી આ સંસ્થા ધબકતી થઈ છે. તેના ધબકારને આપણે બધાએ સતત ચાલુ રાખવાના છે. મને શ્રદ્ધા છે કે આપણે સમૂહશક્તિથી ઘણાં બધાં લક્ષ્યાંકોને સિદ્ધ કરીશું.

અખિલ એટલે આખું, અખિલ એટલે સમગ્ર, અખિલ એટલે બૃહદ. આપણે બધાએ સાથે મળીને અખિલ બનવાનું છે. સંસ્થાના નામમાં જે શબ્દ છે તેને આપણે વાસ્તવિક બનાવવાનો છે. વિશ્વનો ઈતિહાસ કહે છે કે, જે સંગઠિત છે તે ચોક્કસ સફળ થાય છે.

અમેરિકાના એક ઈતિહાસકારને મનુભાઈ પંચોળી 'દર્શક' દાદાએ સવાલ પૂછ્યો હતો કે અમારા ત્યાં સત્યમેવ જયતે.. એ મુદ્રાલેખ છે, શું સત્ય હંમેશા જીતે છે ખરું ? ઈતિહાસની દ્રષ્ટિએ આ વાત સાચી છે ? તેમણે થોડુંક વિચારીને જવાબ આપ્યો હતો કે સંગઠિત સત્ય હંમેશા જીતે છે.

આ સામયિકમાં લોહાણા જ્ઞાતિનું વિઝન અને મિશન ઝિલાશે. આપણી પાસે વિઝન હોય પણ તે પુરુ કરવાનું મિશન ના હોય તો તેનો કોઈ અર્થ નથી. અમે આ સામયિકને રંગે રુડું, રુપે પુરુ અને ગુણે અદકેરું બનાવવા માંગીએ છીએ. અમેરિકાથી પ્રકાશિત થતાં ગુજરાત ટાઈમ્સના તંત્રી અને ૨૫ વર્ષનો પત્રકારત્વનો બહોળો અનુભવ ધરાવતા જ્ઞાતિબંધુ રમેશ તન્નાનો આ સામયિકને તંત્રી તરીકેનો લાભ મળવાનો છે. જ્ઞાતિના અન્ય લેખકો અને પત્રકારોની સજ્જતા અને અનુભવનું પણ સંયોજન કરીશું.

આ સામયિકનું પ્રકાશન આપણને અનેક પ્રકારનો પ્રકાશ આપશે તેની મને ખાતરી છે, હજુ તો આ પ્રથમઅંક છે, ભાવ અને પ્રતિભાવની રાહ જોઈશું અને વિકસતા જઈશું.

શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર

અહેવાલ

# મંઝિલ સુધી પહોંચવાની સંગઠન યાત્રા

ભગવાનદાસ 'બંધુ' (ડીસા)
મહામંત્રીશ્રી,
અખિલ ગુજરાત લોહાણા સમાજ

## અખિલ ગુજરાત લોહાણા સમાજની મંઝિલ સુધી પહોંચવાની મથામણ

જગતપિતા પરમકૃપાળુ પરમાત્મા શ્રી રામચંદ્રજી ભગવાનની અસીમકૃપાથી સાંપ્રત સમયમાંભારતમાંઅંદાજે ત્રીસ લાખ જેટલા રઘુવંશી લોહાણાઓ વસવાટ કરે છે. અનેક દૈવી પુરૂષોના આર્શીવાદથી સમસ્ત રઘુવંશી લોહાણા સમાજ ઠીક ઠીક પ્રમાણમાંસાધન સંપન્ન અને સુખી બન્યો છે. ભારતના પ્રત્યેક રાજયમાંઅને વિશ્વના અનેક દેશોમાંલોહાણાઓ વસવાટ કરે છે. પૂજય જલારામ બાપાનાંમંદિરો ગુજરાત,ભારત અને વિશ્વમાંઅનેક સ્થળોએ નિર્માણ પામ્યાંછે. દરેક વ્યકિત, સમાજ, ગામ, નગર અને રાજયના કયારેક કયારેક ખૂબ જ સારા દિવસો આવતા હોય છે. સમય અને સંજોગો બદલાય તેમ દરેક બાબતમાં પરિવર્તન પણ જરૂરી છે. આઈ.ટી.ના આ જમાનામાંનેતૃત્વક્ષેત્રે પણ યુવાન, માહિતીસભર, ઉત્સાહી અને દીર્ઘદષ્ટિ સંપન્ન માણસોની તાતી જરૂરિયાત છે. માણસ પાસે પૈસો, મિલ્કત, વાડીવજીફો બધુ જ હોય પરંતુ કામ કરવાની આગવી દષ્ટિ ના હોય તો માત્ર માલમિલ્કતને લીધે કશુંજ રચનાત્મક થઈ શકતુંનથી. લોહાણા સમાજની રચનાત્મક સક્રિયતા માટે સંગઠનક્ષેત્રે કાર્યરત અખિલ ગુજરાત લોહાણા સમાજનો પણ એક આગવો ઈતિહાસ છે. તા.૨૧/૧૦/૧૯૮૪ ના રોજ સમગ્ર ગુજરાતનાંરઘુવંશી લોહાણા મહાજનોના પ્રતિનિધિઓની એક અગત્યની બેઠક રાજકોટના રઘુવંશી અગ્રણી શ્રી મનહરભાઈ નથવાણીના અધ્યક્ષસ્થાને ગોધરા ખાતે મળી. આ મીટીંગના આયોજક શ્રી અશ્વિનભાઈ કારીયા હતા અને જેના અતિથિ વિશેષપદે બોડેલીના શ્રી બાબુભાઈ વ્રજલાલ હાલાણી ઉપસ્થિત હતા. સંગઠનની ચર્ચા અને સૂચનોને અંતે અખિલ ગુજરાત લોહાણા સમિતિની અગિયાર સભ્યોની એક એડહોક સમિતિ બનાવવામાંઆવી, જેના પ્રમુખ તરીકે શ્રી અશ્વિનભાઈ કારીયા અને મંત્રી તરીકે શ્રી કરસનદાસભાઈ કારીયાની નિમણુંક કરવામાંઆવી.

તા.૬, ૭ અને ૮ માર્ચ ૧૯૮૭ એમ ત્રણ દિવસ માટે સુરેન્દ્રનગર લોહાણા મહાજન અને ધાંગધ્રા લોહાણા મહાજનના સંયુકત ઉપક્રમે એક મહત્વની બેઠક સુરેન્દ્રનગર ખાતે મળી. જેમાંલોહાણા મહાપરિષદના તત્કાલિન પ્રમુખ અધ્યક્ષસ્થાને બિરાજમાન હતા અને મહાપરિષદની કારોબારીના મોટાભાગના સભ્યોપણ ઉપસ્થિત રહયા હતા. આ મીટીંગના કન્વીનર ધાંગધ્રાના શ્રી વસંતભાઈ જે.રાજવીર હતા. વિધિવત બંધારણ, સંગઠન, શિક્ષણ તેમજ આરોગ્યલક્ષી અનેક બાબતોની ચર્ચા વિચારણાને અંતે અખિલ ગુજરાત લોહાણા સમાજની સ્થાપના કરી તેના પ્રમુખ તરીકે શ્રી નાનુભાઈ મજેઠીયા અને મહામંત્રી તરીકે શ્રી કાન્તિલાલ વાલજીભાઈ કારીયાની નિમણુંક કરવામાંઆવી. આ મહત્વની બેઠકમાંઅંદાજે ૩૫૦૦ જેટલા ડેલીગેટસ ઉપસ્થિત રહયા હતા.સને.૧૯૯૬ માંશ્રી એલ.ટી.શ્રોફ પ્રમુખ સ્થાને નિમણુંક પામ્યા જેમના ઉપપ્રમુખ તરીકે ધાંગધ્રાના શ્રી વસંતભાઈ રાજવીર તેમજ મહામંત્રી તરીકે શ્રી બાબુભાઈ કારીયા અને સંગીતા સાડીવાળા શ્રી રણછોડભાઈ કકકડે સેવા બજાવી. સને.૧૯૯૭ માંચતુર્થ પ્રમુખ તરીકે અમદાવાદના શ્રી રસીકભાઈ બોડેલીવાળા પ્રમુખ તરીકે પસંદગી પામ્યા અને તેમના સમયગાળામાંમહામંત્રી તરીકે અનુક્રમે શ્રી બાબુભાઈ કારીયા તેમજ વડોદરાના શ્રી ઠાકોરભાઈ ઠકકરે સેવા બજાવી. સપ્ટેમ્બર-૨૦૦૯ માંકમીજલા ખાતે મળેલી મીટીંગમાંઅખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ તરીકે શ્રી ઠાકોરભાઈ ઠકકર અને મહામંત્રી તરીકે શ્રી ભગવાનદાસ બંધુની નિમણુંક કરવામાંઆવી. થોડાક સમય પછી મહામંત્રી તરીકે આણંદ ખાતેની બેઠકમાંશ્રી હસમુખભાઈ કારીયાની પણ નિમણુંક કરવામાંઆવી. અખિલ ગુજરાત લોહાણા સમાજના હોદ્દેદારો તેમજ કાર્યકરો પોતપોતાની યથાશકિત મુજબ કાર્યરત હતા. આવા સંજોગોમાંઅખિલ ગુજરાત લોહાણા સમાજને વધારેને વધારે ગતિશીલ બનાવવા માટે સૌને કોઈક યુવા નેતૃત્વની શોધ હતી. ઘણી બધી મીટીંગો અને ચર્ચાને અંતે અમદાવાદ ખાતે મળેલ મીટીંગમાંપ્રમુખશ્રી ઠાકોરભાઈ ઠકકરે રાજીનામુ આપતાંનવા પ્રમુખની શોધખોળ શરૂ કરવામાંઆવી. ફરી એકવાર ચર્ચા અને મીટીંગના અંતે લોહાણા મહાપરિષદના યુવાન અને ઉત્સાહી પ્રમુખ યોગેશભાઈ લાખાણી, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી પરેશભાઈ ભુપતાણી, *હરીરામસેવા કેન્દ્રના સેવક શ્રી પ્રવિણભાઈ દયાળજીભાઈ ઠક્કર (પ્રવિણ બાપા)*, લોહાણા મિલન અમદાવાદના પ્રમુખ અને ઈશ્કોન ગ્રુપના ચેરમેન શ્રી પ્રવિણભાઈ કોટક, અખિલ ગુજરાત લોહાણા સમાજના પૂર્વપ્રમુખ શ્રી ઠાકોરભાઈ ઠકકર અને લોહાણા મિલનના શ્રી હિંમતભાઈ કોટકને નવાપ્રમુખ શોધવા માટેની ખૂબ જ મહત્વની જવાબદારી સોંપાઈ. આ પાંચ મહાનુભાવોની ગર્વનીંગ બોડીએ મહામહેનતે અને અનેક મહાનુભાવો સાથે ચર્ચા વિચારણાના અંતે અમદાવાદના યુવાન, ઉત્સાહી, ઉદાર, ખંતીલા, ધગશશીલ, સમાજલક્ષી અને દીર્ઘદષ્ટિ સંપ્પન એવા જાણીતા બિલ્ડર અને સમાજ સેવક શ્રી ઉમંગભાઈ ઠકકર (ધર્મદેવ બિલ્ડર્સવાળા)ની અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ તરીકે પસંદગી કરી ખૂબ જ મહત્વની જવાબદારી સભાનતાપૂર્ણ રીતે સંપ્પન કરી.

તા.૨૭/૦૫/૨૦૧૨ ના રોજ અમદાવાદ ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે સમગ્ર ગુજરાતના રઘુવંશી લોહાણા મહાજનો અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાંઅખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ તરીકે શ્રી ઉમંગભાઈ ઠકકરે પ્રમુખપદ સંભાળ્યું. શ્રી ઉમંગભાઈ ઠકકરે તેમના પ્રવચન દરમ્યાન મહામંત્રી તરીકે શ્રી ભગવાનદાસ બંધુની વરણી જાહેર કરીને આગળની કાર્યવાહી માટે ગતિવિધિ ચાલુ કરી. આ ક્ષણે અખિલ ગુજરાત લોહાણા સમાજ તેમજ લોહાણા મહાપરિષદ એમ બન્ને સંસ્થાઓને ગુજરાતમાંઅતિસક્રિય કરવા માટે જેમણે ખૂબ જ મહેનત કરી એવા આપણા સૌના આદરણીય વડીલ પૂજય શ્રી પોપટભાઈ ભૂપતાણીનુંસ્મરણ વારંવાર થાય છે. અખિલ ગુજરાત લોહાણા સમાજની સ્થાપના અને સક્રિયતા સાથે રાજકોટના શ્રી મનહરભાઈ નથવાણી, શ્રી છબીલભાઈ નથવાણી, સુશ્રી જસુમતિબેન વસાણી, ધાંગધ્રાના શ્રી વસંતભાઈ રાજવીર, સુરેન્દ્રનગરના શ્રી મહેશભાઈ સોમૈયા, વડોદરાના






શ્રી ઠાકોરભાઈ ઠકકર, શ્રી મગનભાઈ રૂપારેલ, શ્રી હીરાભાઈ સોઢા, કચ્છના શ્રી હરેશભાઈ ગણાત્રા (માંડવી) તેમજ શ્રી શશીકાંતભાઈ ઠકકર (માધાપર), સુરતના શ્રી ધનવાનભાઈ કોટક અને શ્રી કિશોરભાઈ ભજીયાવાળા, નવસારીના શ્રી બળવંતભાઈ મશરાણી, વલ્લભવિદ્યાનગરના શ્રી હસમુખભાઈ કારીયા, અમદાવાદના શ્રી બાબુભાઈ કારીયા, શ્રી રણછોડભાઈ કકકડ, શ્રી વસંતભાઈ નથવાણી, શ્રી અમૃતભાઈ કકકડ, શ્રી પ્રવિણભાઈ વીઠલાણી, શ્રી જીતુભાઈ પુજારા, ગાંધીનગરના શ્રી અમૃતભાઈ ચંદન, અમરેલીના શ્રી અંતુભાઈ સોઢા, ઉત્તર ગુજરાતના શ્રી પોપટભાઈ અખાણી, શ્રી ભીખાભાઈ આચાર્ય, શ્રી નટુભાઈ આચાર્ય, પોરબંદરના શ્રીમતિ દુર્ગાબેન લાદીવાળા સહિત નામી-અનામી અનેક મહાનુભાવોએ પોતપોતાની રીતે ઉમદા સહયોગ આપ્યો છે. મારુંસદભાગ્ય છે કે મને અખિલ ગુજરાત લોહાણા સમાજના મહામંત્રી તરીકે ખૂબ જ સક્રિય પ્રમુખ એવા શ્રી ઉમંગભાઈ ઠકકર સાથે સમાજની સેવા કરવાની એક ઉમદા તક મળી છે. સમાજકાર્ય માટે  કે કારોબારીની રચના માટે પ્રમુખશ્રી કે હોદ્દેદારો ધારે તો ટેલીફોન ઉપર વાત કરી એ.સી.ચેમ્બરમાંબેસી કારોબારી પણ બનાવી શકે અને જરૂરી વહીવટ પણ કરી શકે. નવા વરાયેલા પ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠકકરે એક અલગ ચીલો ચાતરીને સામે ચાલીને રઘુવંશી લોહાણા મહાજનોને મળવાનો તેમજ શકય તેટલાંવધુ મહાજનોના ભાઈઓ-બહેનોને મળીને તેમની સાથે સીધી ચર્ચા અને વિચારગોષ્ઠી કરવાનુંનકકી કર્યુ. આ નિર્ણયના અમલના ભાગસ્વરૂપે તેમણે પ્રવાસ પણ ચાલુ કર્યો. લોહાણા મહાપરિષદના ખૂબ જ સક્રિય પ્રમુખ એવા શ્રી યોગેશભાઈ લાખાણી સાથે ગુજરાત એકમના ઉપપ્રમુખ તરીકે શ્રી ઉમંગભાઈ ઠકકરે ઉત્તર ગુજરાતના લોહાણા મહાજનોની મુલાકાત લીધેલ હોઈ તેમણે તેમના પ્રવાસની શરૂઆત દક્ષિણ ગુજરાતના સુરત ખાતેથી કરી. સુરત ખાતે દક્ષિણ ગુજરાતના સર્વ શ્રી ધનવાનભાઈ કોટક, શ્રી કિશોરભાઈ ભજીયાવાળા, શ્રી બળવંતભાઈ મસરાણી, શ્રી જગદીશભાઈ ચંદારાણા, શ્રી કિશોરભાઈ લાખાણી, શ્રીમતિ કલ્પનાબેન ઠકકર, શ્રી જીગ્નેશભાઈ ભજીયાવાળા જેવા મહાનુભાવોના સહકારથી સુરતની મીટીંગ ખૂબ જ સફળ રહી. આ મીટીંગમાંસુરત, બીલીમોરા, નવસારી, વ્યારા, વાપી, કઠોર, સચિન, ધરમપુર, અમલસાડ, વલસાડ સહિત દક્ષિણ ગુજરાતનાંમોટાભાગનાંરઘુવંશી લોહાણા મહાજનોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા. આ મીટીંગમાંઉમંગભાઈની સાથે લોહાણા મહાપરિષદના ગુજરાત એકમના ઉત્સાહી મંત્રી શ્રી મુકેશભાઈ ઠકકર પણ જોડાયા.

માન.પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠકકર એમની વરણી વખતે એવુ અનુભવતા હતા કે કદાચ હુંસમય ઓછો આપી શકીશ પરંતુ જેમ જેમ સમાજના ભાઈઓને મળતા ગયા તેમતેમ સમાજ સંગઠન અને પ્રવાસ માટેની તેમની ઉત્કંઠા વધારે ને વધારે વધતી ગઈ. બીજો પ્રવાસ સૌરાષ્ટ્રના ભાવનગર, જામનગર અને રાજકોટનો ગોઠવાયો. ભાવનગર ખાતે ડૉ.નરેશભાઈ સુચકની હોસ્પિટલ પર સરસ મજાની સમાજલક્ષી બેઠક થઈ. જામનગર લોહાણા મહાજનવાડી ખાતે ત્યાંના ખૂબ જ ઉત્સાહી પ્રમુખશ્રી જીતુભાઈ લાલ અને મહાજનના તમામ કારોબારી સભ્યો સાથે પ્રેરણાદાયી વિચારગોષ્ઠી થઈ. રાજકોટ જલારામ હોસ્પિટલ ખાતે રાજકોટના સર્વશ્રી રાકેશભાઈ રાજદેવ, દિવ્યેશભાઈ રાજદેવ તેમજ રાજકોટના લોકપ્રિય મેયર જનકભાઈ કોટક સહિત અંદાજે ૧૫૦ (દોઢસો) જેટલા આગેવાનોની ઉપસ્થિતિમાંરચનાત્મક અને હકારાત્મક ચર્ચાઓ થઈ અને મીટીંગ સફળ રહી. રાજકોટ ખાતેની મીટીંગમાંવાંકાનેર, તલાલા, મોરબી, ધાંગધ્રા, જેતપુર, કોડીનાર, વીરપુર, રાજકોટ, ધોરાજી, ઉપલેટા સહિત વિવિધ મહાજનોના પ્રતિનિધિઓ તેમજ આગેવાનો ઉપસ્થિત રહયા. આ પ્રવાસમાંમહામંત્રી શ્રી ભગવાનદાસ બંધુ, ગુજરાત એકમ લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી મુકેશભાઈ ઠકકર તેમજ કાર્યાલય મંત્રી શ્રી હર્ષદભાઈ કારીયા પણ જોડાયા.



જેમ જેમ પ્રવાસ આગળ વધતો ગયો તેમ તેમ પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠકકર સહિત સમગ્ર ટીમનો ઉત્સાહ પણ બેવડાતો ગયો. તૃતિય પ્રવાસમાંકચ્છની મુલાકાત લેવાનુંનકકી થયુંઅને સમગ્ર ટીમ ગાંધીધામ પહોંચી. અંજારના ધારાસભ્ય શ્રીમતિ નીમાબેન આચાર્ય અને ડૉ.ભાવેશભાઈ આચાર્યની મહેમાનગતિ કાયમી સંભારણુંબની રહી. ગાંધીધામ ખાતે આદીપુર, સામખ્યાળી, અંજાર, રાપર, ગાંધીધામ, ભચાઉ સહિત વિવિધ મહાજનોના પ્રતિનિધિઓની બેઠક ગાંધીધામ લોહાણા મહાજનવાડી ખાતે સફળતાપૂર્વક સંપન્ન થઈ. આ મીટીંગમાંમાંડવીના શ્રી હરેશભાઈ ગણાત્રા, ગાંધીધામ મહાજનના પ્રમુખશ્રી અજીતભાઈ, અગ્રણી શ્રી મોહનભાઈ ધારસીભાઈ. અંજારના ધારાસભ્ય શ્રીમતિ નીમાબેન આચાર્ય, અંજારના અગ્રણી શ્રી વસંતભાઈ કોડરાણી સહિત અનેક સમાજ આગેવાનોએ પોતાના પ્રવચનો થકી સમાજ સંગઠન માટે સમર્પિત થવા હાકલ કરી. બીજા દિવસે ભૂજ ખાતે ત્યાંના મહાજન પ્રમુખ અને ભૂજના મેયર શ્રી નરેન્દ્રભાઈ ઠકકર, માધાપરના શ્રી શશીકાન્તભાઈ ઠકકર, માંડવીના શ્રી હરેશભાઈ ગણાત્રા, ભૂજના શ્રી શશીકાન્તભાઈ ઠકકર (સ્વીટુભાઈ) અને શ્રી રઘુરામભાઈ શીવરામભાઈ ઠકકર સહિત વિવિધ આગેવાનોની નિશ્રામાંભૂજ ખાતે ભૂજ તેમજ આજુબાજુના મહાજનોના પ્રતિનિધિઓની એક ફળદાયી બેઠક થઈ. આ બેઠકમાંમહિલાઓ અને યુવાનોની સંખ્યા ધ્યાન ખેંચે તેવી હતી. બધાનો સુર એકતા માટેનો હતો એટલે શ્રી ઉમંગભાઈ ઠકકર અને તેમની ટીમને પણ જબરજસ્ત પ્રોત્સાહન મળ્યું. ભૂજથી સાંજના સૌ મોરબી પહોંચ્યા. મોરબી ખાતે હળવદ, ધાંગધ્રા, ચોટીલા, થાન તેમજ મોરબી સહિત વિવિધ મહાજનોની સફળતાપૂર્ણ મીટીંગ થઈ. અખિલ ગુજરાત લોહાણા સમાજના નવા વરાયેલા પ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠકકરનુંસાસરીગામ મોરબી એટલે તેમનાં ધર્મપત્ની શ્રીમતિ રીટાબેન ઠકકર પણ મોરબી ખાતે ખાસ ઉપસ્થિત રહયાં. મોરબીની મીટીંગમાંપણ યુવાનો અને મહિલાઓની સંખ્યા ખૂબ સારા પ્રમાણમાંહતી.




ચતુર્થ પ્રવાસમાંમધ્ય ગુજરાતમાંવડોદરા અને આણંદને આવરી લેવાયાં. વડોદરા ખાતે સર્વશ્રી મગનભાઈ રૂપારેલ, શ્રી ઠાકોરભાઈ ઠકકર,શ્રી હીરાભાઈ સોઢા, શ્રી સુનિલભાઈ જીવણ, શ્રી મહેશભાઈ નાગ્રેચા, શ્રીમતિ જયાબેન ઠકકર (પૂર્વ સાંસદ), શ્રી

કે.ડી.રૂપારેલ, શ્રી ધર્મેન્દ્રભાઈ ઠક્કર, શ્રીમતિ ધીરુબેન નાગ્રેચા, શ્રી દિનેશભાઈ ઠક્કર (તંત્રીશ્રી, દુનિયા લોહાણાની) વિગેરેના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નોને લીધે મીટીંગમાંખૂબ સારી સંખ્યા રહી અને તેમાંપણ મહિલાઓની સંખ્યા પચાસ ટકા જેટલી હતી. મેઘરાજાની હાજરીમાંવડોદરા ખાતેની મીટીંગ ખૂબ જ ફળદાયી રહી. વડોદરાની મીટીંગ પૂર્ણ કરી કાઠીયાવાડી ભોજનનો સ્વાદ માણી સમગ્ર ટીમ મોડી રાત્રે આણંદ લોહાણા મહાજનવાડી ખાતે પહોંચી ત્યારે પણ ખૂબ સારી સંખ્યામાંઆગેવાનો તેમજ સમાજના ભાઈ બહેનો ઉપસ્થિત હતાં. આણંદના સર્વશ્રી ધીરેનભાઈ ઠક્કર, શ્રી પ્રવિણભાઈ ઠક્કર, શ્રી હસમુખભાઈ કારીયા, શ્રી અતુલભાઈ પાવાગઢી સહિતના અનેક કર્મઠ આગેવાનોની ઉપસ્થિતિમાંઆણંદની મીટીંગ પણ આનંદદાયી રહી. વડોદરા અને આણંદના પ્રવાસમાં જાણીતા ટ્રેનર શ્રી પરીક્ષિત જોબનપુત્રા, અમદાવાદના શ્રી જીતુભાઈ પુજારા, શ્રી કિર્તીભાઈ ઠક્કર અને શ્રી ડૉ.ભાવદીપ ગણાત્રા પણ જોડાયા હતા. વડોદરા અને આણંદ ખાતે વિવિધ પ્રવચનોની સાથે સાથે શ્રી પરીક્ષિત જોબનપુત્રાનાંસમાજલક્ષી પ્રવચનો ખૂબ જ પ્રશંસનીય રહયાંહતાં.

પંચમ પ્રવાસમાંધોળકા, બાવળા, વિરમગામ તેમજ સાણંદ સહિત વિવિધ મહાજનોની મુલાકાત લેવામાંઆવી અને આ તમામ સ્થળોની બેઠકો ખૂબ જ ફળદાયી રહી. ધોળકા ખાતે મુરબ્બી શ્રી પોપટભાઈ ઠક્કર, શ્રી નટુભાઈ ઠક્કર, શ્રી સુરેભાઈ ઠક્કર સહિત અનેક આગેવાનોએ બેઠક માટેની સુંદર વ્યવસ્થા લોહાણા મહાજનવાડી ખાતે કરી હતી અને આ મીટીંગમાંયુવાનો અને બહેનો પણ ખૂબ સારી સંખ્યામાંહાજર હતાં.ધોળકાની મીટીંગ પૂર્ણ કરી સમગ્ર ટીમ બાવળા ખાતે પહોંચી જયાંપૂર્ણ સગવડ ધરાવતી લોહાણા મહાજનવાડીમાંમીટીંગ રાખવામાં આવી. બાવળા લોહાણા મહાજનના પ્રમુખ શ્રી રસીકભાઈ ઠક્કર, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી નટુભાઈ ઠક્કર, શ્રી અરુણભાઈ ઠક્કર, શ્રી હસમુખભાઈ મિરાણી, શ્રી વૈકુંઠભાઈ ગોપાણી સહિત અંદાજે ૨૦૦ જેટલા સમાજના ભાઈઓની ઉપસ્થિતિમાંસંગઠન માટે ફળદાયી ચર્ચા થતાંબાવળાની મીટીંગ ખૂબ જ સફળ રહી. વિરમગામ ખાતે મહાજન પ્રમુખશ્રી પ્રભુભાઈ ઠક્કર સહિત વિવિધ આગેવાનોએ લોહાણા મહાજનવાડી ખાતે મીટીંગ તેમજ ભોજન માટેની સુંદર વ્યવસ્થા કરી હતી અને આ મીટીંગમાંપણ ખૂબ સારી સંખ્યામાંસમાજના ભાઈબહેનો ઉપસ્થિત રહયા હતાં. વિરમગામની મીટીંગ પૂર્ણ કરી મોડી રાત્રે અમે સૌ સાણંદ પહોંચ્યા ત્યારે પણ શ્રી રમેશભાઈ ઠક્કર તેમજ શ્રી કમલેશભાઈ ઠક્કર સહિત સૌ આગેવાનોએ મીટીંગ માટેની સુચારુ વ્યવસ્થા જલારામ મંદિર ખાતે કરી હતી. સાણંદ ખાતે સુંદરકાંડનુંપણ દિવ્ય આયોજન કરાયુંહતું. અંદાજે ૨૫૦ જેટલા ભાઈ બહેનોની ઉપસ્થિતિમાંસાણંદની મીટીંગ ખૂબ જ ફળદાયી રહી હતી. આ પ્રવાસમાં લોહાણા મહાપરિષદના મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વના સહ સંપાદક અને જાણીતા સમાજ સેવક ઉત્તર ગુજરાત લોહાણા પરિવારના સક્રિય મંત્રીશ્રી હર્ષદરાય ઠક્કર પણ જોડાયા હતા.

ષષ્ટમ પ્રવાસમાંગાંધીનગર ખાતે ગાંધીનગર, અમદાવાદ પૂર્વ, પ્રાંતિજ, તલોદ, દહેગામ, બોપલ, ઓઢવ, કડી, કલોલ, ખેડબ્રહમા, પેથાપુર, હિંમતનગર સહિત વિવિધ મહાજનોના અગ્રણીઓને ગાંધીનગર જલારામ મંદિર ખાતે મળવાનુંથયું. ગાંધીનગર જલારામ સેવા સમાજના સર્વશ્રી અમૃતભાઈ ચંદન, શ્રી જીતેન્દ્રભાઈ સેજાણી, શ્રી અરવિંદભાઈ આર.ઠક્કર, શ્રી વિનોદભાઈ તન્ના, શ્રી રમેશભાઈ પુજારા, શ્રી મયુરભાઈ ઠક્કર, શ્રીમતિ જશુબેન ઠક્કર, શ્રીમતિ ગીતાબેન સેજાણી સહિત તમામ આગેવાનોએ ચર્ચામાંભાગ લઈ સમગ્ર મીટીંગ ખૂબ જ સફળ બનાવી તેમજ પ્રસંશનીય કામગીરી પણ કરી. ગાંધીનગર ખાતેની મીટીંગમાં પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર સાથે મહામંત્રીશ્રી ભગવાનદાસ બંધુ, ગુજરાત એકમ લોહાણા મહાપરિષદના મંત્રીશ્રી મુકેશભાઈ ઠક્કર, કાર્યાલય મંત્રીશ્રી હર્ષદભાઈ કારીયા, અમદાવાદના શ્રી ભુપેન્દ્રભાઈ ઠક્કર,શ્રીમતિ હંસાબેન ઠક્કર, શ્રી કિર્તીભાઈ ઠક્કર, શ્રીમતિ પારૂલબેન ઠક્કર, શ્રીમતિ રીટાબેન બી.ઠક્કર, શ્રી ભરતભાઈ માવાણી સહિત વિવિધ આગેવાનો જોડાયા હતા.

રઘુવંશી લોહાણા મહાજનો સાથેની મુલાકાત પછી પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરે યુવાનો સાથે તેમજ અમદાવાદની વિવિધ રઘુવંશી સેવાભાવી સંસ્થાઓ સાથે પણ મહત્વની બેઠકો કરી હતી. તા.૭/૧૦/૨૦૧૨ ના રોજ વિસનગર ખાતે વિસનગર જલારામ ધામ અને વિસનગર લોહાણા મહાજનના આમંત્રણને માન આપી ઉત્તર ગુજરાતનાંતમામ રઘુવંશી લોહાણા મહાજનોના પ્રતિનિધિઓ પધારેલ તેમની સાથે પણ શ્રી ઉમંગભાઈ ઠક્કરે વિચાર વિમર્શ કરેલ. શ્રી લોહાણા મહાપરિષદ હીરક મહોત્સવ ૨૦૧૨ નિમિતે આગામી જાન્યુઆરી ૨૦૧૩ માં અમદાવાદ ખાતે મળનાર લોહાણા મહા અધિવેશનની મુખ્ય યજમાનની જવાબદારી પણ અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર તેમજ તેમની ટીમના શિરે છે ત્યારે અખિલ ગુજરાત લોહાણા સમાજનુંસંગઠન વધારે મજબૂત બને તે પણ ખૂબ જ જરૂરી છે. શ્રી ઉમંગભાઈ ઠક્કર અને તેમની ટીમ જયાં જયાંગઈ ત્યાંત્યાંભરપૂર આવકાર પણ મળ્યો અને સમાજજનોમાંસંગઠનની જે ભાવના પડેલી છે તેનાંપણ દર્શન થયાં. રઘુવંશી લોહાણા સમાજમાં ડોકટરો, વકીલો, એન્જીનિયરો, ફાર્માસિસ્ટ, ઉધોગપતિઓ, મહિલાકાર્યકરો, શિક્ષકો, પ્રોફેસરો, બેન્કિંગ અધિકારીઓ, સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ, જાહેર જીવનના મહાનુભાવો, સ્વૈચ્છિક સંસ્થાઓના પદાધિકારીઓ સહિત ખૂબ મોટી શકિત પડેલી છે પણ આ બધાનુંસંકલન કરવા કોઈક ચોકકસ સંસ્થાની જરૂર છે. અખિલ ગુજરાત લોહાણા સમાજ આ બધા વચ્ચે સેતુ બનાવા માગે છે. કયાંક કશુંક જતુંકરીને પણ સમાજને માટે આવો આપણે સૌ થોડાક વધારે સક્રિય બનીએ. પત્રકાર વર્કશોપ અને




લીડરશીપ વર્કશોપ થકી પણ શ્રી ઉમંગભાઈ ઠક્કરે તેમની આગવી કાર્યશૈલીનાંદર્શન કરાવ્યાંહતાં. શ્રી ઉમંગભાઈ ઠક્કર જેવા ખૂબ જ ઉત્સાહી, ઉદાર, ધર્મપ્રેમી, સમાજપ્રેમી અને દીર્ઘદષ્ટિ સંપન્ન પ્રમુખ શ્રી અખિલ ગુજરાત લોહાણા સમાજને જયારે મળ્યા છે ત્યારે સમગ્ર ગુજરાતનાંરઘુવંશી લોહાણા મહાજનો અને વિવિધ સેવાભાવી સંગઠનો આ સંસ્થા સાથે જોડાય અને ૨૦૧૨-૨૦૧૬ નાંચાર વર્ષ અતિ સફળ બનાવવામાંસૌ સહભાગી બને તેવી નમ્ર વિનંતી. જગતપિતા પરમકૃપાળુ પરમાત્મા, શ્રી રામચંદ્રજી ભગવાન, શ્રી સ્વામી નારાયણ ભગવાન, શ્રી દરિયાલાલ દાદા, શ્રી વીરદાદા જસરાજ, શ્રી ભાણ સાહેબ તેમજ પૂજયશ્રી જલારામબાપા સહિત અનેક દેવી દેવતાઓ અને સંતો મહંતોના આર્શિવાદ આપણા સૌ ઉપર ઉતરે અને આપણને જે કંઈ શકિત પ્રાપ્ત થઈ છે તેનો સમાજ હિતાર્થે અને દેશહિતાર્થે સદઉપયોગ થાય તેવી કુદરતને પ્રાર્થના. આવો આપણે સૌ સાથે મળી નાનામોટાંવાદવિવાદ મીટાવી, ભૂલોને વિસરી જઈ સાથે મળી નવી પેઢી માટે કંઈક એવુંરચનાત્મક કરીએ જેથી પરમાત્મા પણ રાજી થાય અને આ પૃથ્વી ઉપર આવ્યાનો આપણો ફેરો પણ સાર્થક થાય.

*ધર્મદેવ ઈન્ફ્રાસ્ટ્રકચર લિમીટેડ તથા નીલકંઠ ગ્રુપ ઓફ હોટલ્સના તમામસ્ટાફ ભાઈઓ-બહેનો દ્વારા આ સમગ્ર આયોજનને પાર પાડવા માટે અથાગ મહેનત કરીને પ્રશંસનીય કામગીરી બજાવેલ છે જે બદલ અમો તેમના આભારી છીએ.*

# શું તમારી પાસે આના જવાબો છે?

અમુક વ્યક્તિ જીવનમાં સુખી હોય છે જ્યારે અમુક વ્યક્તિ કેમદુઃખી હોય છે ? એક માણસ આનંદિત અને પૈસાવાળો છે, તો બીજો માણસ ગરીબ અને ઉદાસ કેમહોય છે ? શા માટે અમુક વ્યક્તિ ચિંતિત અને ડરેલી હોય છે અને બીજી અમુક વ્યક્તિ આત્મવિશ્વાસથી ભરપૂર હોય છે ?

શા માટે એક માણસ વિશાળ મહેલમાં રહે છે જ્યારે બીજો માણસ ઝૂંપડીમાં જ જીવન પૂરું કરી નાંખે છે ? શા માટે કોઈ માણસ સફળતાના શિખરે પહોંચે છે જ્યારે બીજો કોઈ નિષ્ફળતાની ખાઈમાં ધકેલાઈ જાય છે ? શા માટે કોઈ વકતા લોકપ્રિય બને છે જ્યારે અમુક વકતાને લોકો બિલકુલ પસંદ નથી કરતા ? શા માટે અમુક વ્યક્તિ પોતાના વ્યવસાયમાં ખૂબ આગળ વધે છે જ્યારે બીજી વ્યક્તિ અપાર મહેનત કરવા છતાંય નોંધપાત્ર પ્રગતિ પામી શકતી નથી ?

શા માટે અમુક વ્યક્તિના અસાધ્ય રોગ પર સારા થઈ જાય છે જ્યારે બીજી વ્યક્તિ એ જ રોગથી પીડાઈને મૃત્યુ પામે છે ? શા માટે અમુક ધાર્મિક લોકોને પણ અસાધ્ય અને ભયંકર શારીરિક અને માનસિક પીડા ભોગવવી પડે છે, જ્યારે ઘણા નાસ્તિક અને અનૈતિક કર્મવાળા લોકો પણ સારી તંદુરસ્તી ભોગવતા હોય છે ? શા માટે એક સ્ત્રી પરણીને જીવનમાં સુખી થાય છે જ્યારે એની જ બહેન પરણ્યા પછી દુઃખી અને નિરાશ રહે છે ?

જો આ બધા પ્રશ્નોના જવાબ ક્યાંય હોય તો એ આપણી પોતાની અંદર જ છે. અને એ માટે આપણે આપણા મનની શક્તિ, મનની વિશિષ્ટતા અને મનના કાર્યના સિદ્ધાંતો જાણવા જોઈએ.

માણસના મનની શક્તિ અપાર છે. પણ મનની શક્તિનો ઉપયોગ મનુષ્ય હજી સુધી ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં કરી શક્યો છે. કારણ કે આ મનની શક્તિ કેટલી અને કેવી છે, તેનો ઉપયોગ કેમથાય તેના વિશે આપણે ખૂબ જ ઓછું જાણીએ છીએ. મનુષ્યના મનમાં અનંત સામર્થ્ય રહેલું છે. પણ મોટા ભાગના લોકોને હજી એ વાતની ખબર નથી કે એનામાં શક્તિઓનો કેટલો ભંડાર ભર્યો છે. બીજી એક વાત સ્પષ્ટ કરી દઉં કે ભગવાન જ્યારે મનની શક્તિ વહેંચવા બેઠા ત્યારે રસ્તે રખડતા ભિખારીથી માંડીને અમેરિકાના પ્રમુખ સુધી દરેકને એકસરખી જ મનની શક્તિ તેમણે આપી છે. ફરક ફક્ત એના વત્તા ઓછા ઉપયોગનો જ છે. તમે ક્યારેય એવું વિચાર્યું છે કે તમને મળેલ મનની આ અગાધ શક્તિમાંથી અત્યાર સુધીના જીવનમાં એનો કેટલો ઉપયોગ કર્યો છે ? જો ના વિચાર્યું હોય તો એક વૈજ્ઞાનિક સત્યા જાણી લો કે,

દુનિયાના સૌથી સફળ માનવીઓએ પણ પોતાને મળેલ મનની શક્તિનો ઉપયોગ ૧૦ ટકાથી વધુ ક્યારેય કર્યો નથી.

આનું મુખ્ય કારણ માનવીને તેના મનની શક્તિઓ વિશેની અજ્ઞાનતા છે. આટલું વિચાર્યા અને વાંચ્યા પછી જો આપને આપના મનની શક્તિઓ પામવાની ઈચ્છા થઈ હોય તો "પ્રેરણાનું ઝરણું" પુસ્તક વાંચો.


Kavish ENTERPRISES

Dipak Rajpopat
98981 07295

અખિલ ગુજરાત લોહાણા સમાજના ગુજરાતના યુવા પ્રમુખ તરીકે સુરતના
શ્રી જીજ્ઞેશભાઈ કિશોરભાઈ ભજીયાવાલા (વડેરા)ને નિયુક્ત
કરવા બદલ અખિલ ગુજરાત લોહાણા સમાજના તમામ હોદ્દેદારોનો આભાર અને અભિનંદન

"Shreejee Nivas" Near Santosh Banglows, B/H. Sargam Shopping Center, Athwalines, Surat-395 007. E-mail : kavish_enterprise@yahoo.co.in

Authorised Distributor

Luminarc | CRISTAL D'ARQUES | Diamax | CLAY CRAFT | Mansi

## પત્રકાર પરિષદ





## થલેસેમિયા રેલી





## શપથ વિધિ કાર્યક્રમ



## લીડરશીપ વર્કશોપ



## મશાલ રેલી





## સંગઠન યાત્રા





# આપણો ગૌરવપૂર્ણ વારસો

કનુભાઇ આચાર્ય

ઈતિહાસ આપણને આપણા પૂર્વજોની વિશેષતાઓ બતાવે છે. તે આપણને આપણાં મૂળ અને કૂળ દેખાડે છે. એ જ રીતે ઈતિહાસ ક્યારેક કાનમાં એમ પણ કહી જાય છે કે તમારા વડવાએ જે ભૂલો કરી તેનું પુનરાવર્તન ના કરતા. આપણે આગળ વધવું હોય તો પણ પાછળ નજર તો કરવી જ પડે. આપણી જ્ઞાતિના બળૂકા સર્જક અને કર્મઠ સ્વાધ્યાયી કનુભાઈ આચાર્ય આપણી આંગળી પકડીને લઈ જાય છે રઘુવંશની ઈતિહાસ ભૂમિમાં. લોહાણા વિઝનમાં રઘુવંશીઓનો ઈતિહાસ હપ્તાવાર પ્રકાશિત થતો રહેશે.

### *આ રઘુવંશ શું છે ?*

જગતની આદિ શક્તિ પરમકૃપાળુ પ્રભુ રામચંદ્રજી જ્યારે માનવી - જીવનમૂલ્યો અને આદર્શ સમજવા માટે, સ્વયં અવતાર માટે ‘રઘુવંશ’ ને પસંદ કરે છે ત્યારે એ ‘રઘુવંશ’ વિશ્વ-માનવી જીવનનો શ્રેષ્ઠ વંશ જ હોઈ શકે. એજ વંશ અને પરંપરાનો ‘હું પણ એક અંશ છું’ એ ગૌરવપૂર્ણ સમજણ જ પ્રત્યેક રઘુવંશીની સાચી ઓળખ છે. રઘુવંશી તો જન્મથી જ રાજા છે કારણ કે તેણે રાજા રામચંદ્રનાં વંશમાં - જન્મધર્યો છે - જન્મલીધો છે અને સામાજિક નેતૃત્વ કરવું, રામની રાહ પર ચાલવું એ પ્રત્યેક રઘુવંશીઓનો સ્વભાવ છે.

મહાકવિ કુળગુરુ કાલિદાસે વર્ણવેલ ‘રઘુવંશ’ મહાકાવ્યમાં રઘુવંશી રાજાઓનું આદર્શ ચિત્રણ છે. આ ગુણનો ભંડાર તમામ રઘુવંશી સુધી પહોંચાડીને પ્રત્યેક રઘુવંશીમાં આ ‘રઘુવંશ’ નો ગૌરવપૂર્ણ નાદ ગૂંજતો કરવો તે જ સાચા અર્થમાં ‘રઘુવંશ’ ની પૂજા છે.

હું રઘુવંશી છું છતાં મારા વંશનાં ગૌરવની મને જાણકારી કે જ્ઞાન નથી અને મારું જીવન પણ એવું નથી... તો પછી અન્ય સામાજીક સંસ્થા અને ‘રઘુવંશી’ સંસ્થામાં અંતર શું ?

આવી ભાવના પ્રદર્શિત કરતી વાત મહાકવિ કુળગુરુ કાલિદાસ વર્ણીત ‘રઘુવંશ’ મહાકાવ્યમાં સંસ્કૃતનાં શ્લોકોમાં આ રીતે રજૂ થઈ છે.

આવા ગૌરવશાળી રઘુવંશનાં વારસદારો આપણે છીએ તેનું ગૌરવ જાળવીએ... જય રઘુવંશ.

રઘુવંશ વિશે, વિશ્વના શ્રેષ્ઠ કવિઓમાં પણ જેનું મુઠી ઉંચેરૂ સ્થાન ગણાયું છે તે ભારતના મહાકવિ કાલિદાસ પણ બોલી ઉઠ્યાં છે કે આ મહાન વંશનું વર્ણન કરવાનું મારું ગજું નથી. પોતાના વિશે કહે છે કે હું કોણ વર્ણન કરનારો ? પોતાના મહાકાવ્ય રઘુવંશની શરૂઆતમાં જ કાલિદાસ પોતાના હૃદયના ભાવો પ્રગટ કરતાં કહે છે :

> **‘ક્યાં સૂર્યનું તેજ લઇને અવતરેલ રઘુવંશ.**
> **અને ક્યાં તુચ્છ વિષયોમાં રાચતી મારી મતિ!**
> **તણખલાની હોડી દ્વારા અપાર સાગરને પાર કરવા**
> **જેવું સાહસ, રઘુવંશ વિશે મહાવરા લખીને હું કરી રહ્યો છું.’**

પછી તો કવિઓના આ કુળગુરુ કાલિદાસ, રઘુવંશ વિશે લખતાં મુગ્ધ અને ભાવવિભોર થયાં છે.






સૂત્રાત્મક શૈલીમાં, અનુષ્ટુપ છંદમાં, તેમણે રઘુવંશી રાજાઓના ઉદાત ચરિત્ર આદર્શ અને અનુકરણીય જીવનશૈલીનું પોતાના મહાકાવ્યમાં જે રસાળ આલેખન કરેલ છે તે સમગ્ર કોઈ સમર્થ અભ્યાસીના મુખેથી સાંભળવા - માણવા મળે તો તે જીવનનો એક લ્હાવો થઈ પડે તેવું છે. પણ તેના અભાવમાં, આ મહાકાવ્યના પ્રથમસર્ગના શરૂઆતના ચતુ:સૂત્રીરૂપ ચાર શ્લોકોમાં આ મહાકવિએ ઘણું જ કહ્યું છે તેનો રસાસ્વાદ લઈ, સંતોષ માનીએ. આ ચાર શ્લોકોની શરૂઆતમાં ‘તે હું કાલિદાસ’ શબ્દથી આરંભ કરી, ચારેય શ્લોકોના અંતે એવાં રઘુવંશીઓનાં વંશ વિશે કહું છું, એમ જણાવી ભાવસભર શબ્દોમાં રઘુવંશી મહાપુરૂષોને અંજલિ આપે છે. આ રઘુવંશી રાજાઓ કેવાં હતાં ? તો કહે છે :

તેઓ અભિજાત શુચિમાન - જન્મજાત શુદ્ધ, ફળ ન મળે ત્યાં સુધી કર્મ કરનારાં, સમુદ્ર પર્વતની પૃથ્વીના સમ્રાટ, સ્વર્ગપર્યત જેના રથને માર્ગ ઉપલબ્ધ હતો, એવાં રઘુવંશીઓના વંશ વિષે હું કહું છું. પછી આગળ કહે છે....

જેઓ શાસ્ત્રવિધી અનુસાર યજ્ઞો કરવાવાળા, યાચકોની મનોકામના પરિપૂર્ણ કરવાવાળા, અપરાધીઓને યોગ્ય શિક્ષા કરવાવાળા, યોગ્ય સમયે જાગૃત થવાવાળા, રઘુવંશીઓના વંશ વિષે હું કહું છું. બાકીના બે શ્લોકોમાં આ રઘુવંશી રાજાઓનું સમગ્ર જીવન દર્શન પ્રગટ થાય એ રીતે તેમના પ્રેરણાદાયી ગુણોનું વર્ણન કાલિદાસે કર્યું છે, જે દરેક દેશ કાલમાં આપણી જેવાં સામાન્ય રઘુવંશીજનને પણ સદા સર્વદા પ્રસ્તુત અને અનુકરણીય મહાન આદર્શ સમાન લાગે તેવું છે. તે આ રીતે છે.

જન્મથી શુધ્ધ એવા રઘુવંશીઓનાં ચરિત્રનું આ વર્ણન છે. જન્મથી શુધ્ધ એટલે, જેમની માતા પતિવ્રતા અને પિતા પવિત્ર, એમના થકી જન્મલેનાર આ રઘુવંશી રાજાઓના કર્મ પણ સુચિમાન હતાં. એટલે કે ત્યાગ માટે - દાન માટે, તેઓ ધન કમાતાં અને સંગ્રહ કરી, તે જનકલ્યાણ માટે ખર્ચી નાંખતાં. પરિશ્રમકરી મેળવેલ સંપત્તિનો તેઓ દીન હીનના ઉદ્ધાર માટે વિનીયોગ કરતાં, જેમસત્તા એક શક્તિ છે તેમ વિત્ત પણ એક શક્તિ છે. જે ક્ષત્રિયોએ મેળવવી જ જોઈએ જેથી જેનો સમાજના ઉત્થાન માટે ઉપયોગ થઈ શકે. આ રઘુવંશીઓની બીજી લાક્ષણિકતા હતી. સત્ય પ્રગટ કરવાવાળી પ્રમાણસર વાણી જ તેઓ બોલતારૂ હતા. જરૂર કરતાં વધુ બોલનાર વ્યક્તિ જાણે અજાણ્યે અસત્ય વાણી ઉચ્ચારી બેસે છે. રઘુવંશી રાજાઓની વાણી સંયમિત રહેતી. પછી કહે છે તેઓ યશને માટે વિજયની આકાંક્ષાવાળા હતાં અને નહી કે અન્યોની ભૂમિ, વૈભવ પડાવી લેવા, આંચકી લેવા અને તેમને ગુલામ બનાવવા. શ્રીરામે, વાલીને પરાભૂત કરી, તેનું રાજ્ય તેના ભાઈ સુગ્રીવનો સોંપી દીધું. રાવણને હરાવી, સોનાની લંકા રાજ્યની ગાદી પર તેના ભાઈ વિભીષણને બેસાડ્યો. આગળ વર્ણન કરતાં કહે છે. તેઓ વિષયભોગની લાલસાથી નહીં પણ પ્રજા માટે સંતતિ માટે ગૃહસ્થાશ્રમ સ્વીકારતા હતા.

ચોથા શ્લોકમાં આગળ વર્ણન કરતાં કહે છે, નાની ઉંમરમાં માણસને વિદ્યા પ્રાપ્ત કરવા સિવાય બીજે ક્યાંય ધ્યાન ન હોવું જોઈએ. રઘુવંશીઓ નાનપણથી જ વિદ્યાઓમાં પારંગત થવા સતત અભ્યાસમાં જ મગ્ન રહેવાવાળા હતા. પછી કહે છે, કર્તવ્યવાન પરાક્રમી અને ધ્યેયનિષ્ઠ રઘુવંશીઓ, યુવાવસ્થા પ્રાપ્ત કરતાં, યુવાનીને અનુરૂપ સર્વ વિષયોમાંથી આનંદ ઉપભોગ લેતાં. વૃદ્ધ એટલે વૃદ્ધિ પામેલ અને ઘરડો એટલે ઘસાઈ ગયેલો, તપમાં, અનુભવમાં, જ્ઞાનમાં અને ભાવમાં જે વધી ગયેલ છે તે વૃદ્ધ, રઘુવંશીઓ વૃદ્ધ થતાં, વ્યવહાર નિવૃત થઈ વાનપ્રસ્થ સ્વીકારી, મુનિવ્રત - મૌનવ્રત ધારણ કરીને રહેતા હતા અને છેવટે પુર્ણ આત્મસંયમસિધ્ધ કરી, યોગમાર્ગે પોતાના દેહનું વિસર્જન કરતા.

એવા આ પ્રતાપી રઘુવંશી રાજાઓના વંશનું હું વર્ણન કરું છું. એમકહી કાલિદાસ રઘુવંશનું જીવનદર્શન સંક્ષિપ્તમાં વર્ણવે છે. આપણા મહાન પૂર્વજોનું આ જીવનદર્શન, તેનું ચરિત્ર, તેમના સદ્ગુણોમાં ઉપનિષદોની પેલી મહાન ગર્જના સાંભળવા મળશે’ ઉતિષ્ઠત: જાગૃત પ્રાપ્ય વરાન્નિબોધત : “ઊઠ, ઊભો થા, જાગૃત થા અને શ્રેષ્ઠને પ્રાપ્ત કરવા પુરૂષાર્થ કર.”

કાલિદાસે કહ્યું કે આનું નામ રઘુવંશ છે. અસ્તુ...

હાસ્ય લેખ

# ઠક્કર... ઠક ઠક ન કર

અશોક દવે

> ગુજરાતી ભાષાના ખ્યાતનામહાસ્યલેખક અશોક દવે એ પોતાના 'ઓખળ પરેડ' પુસ્તકમાં વિવિધ જ્ઞાતિઓની રમૂજી અને ચોટદાર ઓળખાણ કરાવી છે. તેમાંથી લોહાણાઓ વિશેનો તેમનો લેખ અમે સસ્મિત રજૂ કરીએ છીએ અને દાંત કાઢતાં કાઢતાં વાંચો તેવી આશા છે.

તમારી ઓફિસમાં કે ઘરની બાજુમાં કોઈ ઠક્કર, માખેચા, ગણાત્રા, કોટક, કારીયા, તન્ના, પોપટ કે માધવાણી છે ?... છે ને એકદમગોરો ચિટ્ટો, લાંબા-અણિયારા નાકવાળો, બારેમાસ હસહસ કરતો... અને તમારો રૂપિયોય છોડે નહિ એવો ?

એ બધા લોહાણા કહેવાય !

લોહાણા સ્ત્રીઓ વિશે તમને પાછું બહુ પૂછાય નહિ, કેમકે સ્ત્રીઓના મામલે તમે જ્ઞાતિ-જાતિના ભેદભાવો રાખો એવા નથી... બહુ મોટું મન !

અલબત્ત, લોહાણી સ્ત્રીઓ વિશે તમે એવો 'સોફ્ટ-કોર્નર' રાખવા જાઓ તો તમારું કાંઈ ઊપજે ય નહિ ! 'બેન-બેન' કહને ધીમે ધીમે સંબંધ વધારી શકાશે, એ વાતમાં માલ નહિ. લોહાણી પોતાની જ્ઞાતિવાળા સિવાય, ચેઈન્જ ખાતર પણ બીજે ક્યાંય પરણવાની નથી ને તમે ખુદ લોહાણા હો તો પણ એની પાસે પહોંચી શકો, એવું માની ન લેવું... પ્રોપર ચેનલ જ જવું પડે !!

યસ! બીજે બધે રામલીલાઓ ચાલે છે એવું નથી પણ, બીજી કોઈ પણ કોમની સ્ત્રીઓ કરતાં આ લોહાણીઓનું ચરિત્ર વધુ શુદ્ધ - વધુ ઊંચું ! એમના પતિદેવો-ભલે કારણ આળસનું હોય, પણ પત્ની પ્રત્યેની વફાદારી પૂરા ૨૪ કેરેટની...!... એ લોકો વેચે છે એવા ઘી જેવી નહિ !!

સાલો એકે ય અપવાદ જ ન નીકળે એવી એક-બે ચીજો તમામ લોહાણીઓને લાગુ પડે છે.

એક તો એમની સ્ત્રીઓ સાવ સોફ્ટ અને ગુલાબી ગુલાબી ચામડીવાળી હોય ! કાં તો ગુલાબી હોય ને કાં પછી દૂધ જેવી ધોળીધબ્બ ! ત્રીજો કોઈ કલર કે શેડ જ જોવા ન મળે ! ગુલાબના ફૂલને સદીઓ પહેલા કોઈ લુહાણા યુવતીનો ગાલ અડી ગયો હશે, નહિ તો ગુલાબ આટલું ગુલાબી શેનું થાય ? ફૂલોને પોતાને 'ફેસીયલ' કરાવવું હોય તો... ચમનમાં એમના આવવાની રાહ જોવી પડે !

બસ-એ બધી માર ખાઈ જાય છે ત્રણ ચીજોમાં ! સાઈઝની ગરબડ ઠેઠ એમના પૂર્વજોના વખતથી ચાલી આવતી હશે પણ ૯૦ કે ૯૧ કે ૯૨ ટકા નહિ પૂરેપૂરી ૯૮ ટકા લોહાણીઓ સાવ બટકી... ! ઉપર નીચેથી તાણીને ખેંચાવવાની જ રહી ગઈ હશે ! આ જ કારણે કોઈ પણ લોહાણીને નીચું જોવું પડતું નથી... બીજાઓ પાસે જોવડાવે છે !

બીજું હેર ડાઈ વાપર્યા વિના તો કાંસકો ય ધોળો થઈ જાય એટલી હદે વાળ ધોળા થઈ ગયા હોય, નાની ઉંમરમાં !

અને ત્રીજું, ઘરમાં સાસુ-સસરાનો સેટ અકબંધ પડ્યો હોય ત્યાં સુધી બિચારીઓને માથે ઓઢવાનું, બહાર ગમે તેવા સોટા મારતી ફરે, પણ ઘરે તો ડ્રેસ-બેસ નહિ જ પહેરવાનો... આજથી ૪૦૦ વર્ષ પહેલાં બીજી બધી સ્ત્રીઓ સહન કરતી હતી તે લોહાણીઓ આજે ય કરે છે.

પણ સાસુ-સસરાવાળો પૂરો બદલો એ લોકો પતિઓ ઉપર પૂરી મીઠાશથી વાળે છે. નહિ, પતિદેવોને માથે ઓઢવા-ફોઢવાનું કે રૂઢિગત ડ્રેસીઝ પહેરવાનું કે પછી બીજું બધું એ લોકો કરાવતી નથી, પણ નાગર સ્ત્રીઓની માફક લોહાણીઓનો પણ પતિદેવો ઉપર પૂરેપૂરો કાબૂ ! પેલો જરાય આઘા પાછો થઈ ન શકે. બેમાંથી એકેય જ્ઞાતિમાં આ બાબતે એકેય અપવાદ ન મળે !

કમ્માલની વાત તો એ છે કે, લોહાણી સ્ત્રીઓને જેટલું રૂપ ચઢ્યું એટલું ભણતર નથી ચઢ્યું છતાં બિઝનેસ તો એમની નસનસમાં ચઢી ગયો છે... માંદી પડે તો ગ્લુકોઝને બદલે બિઝનેસના બાટલા ચડાવવા પડે.

ખ્યાલ આવ્યો કાંઈ ? એક તો ડિસ્ટીલ્ડ વોટર જેવું શુદ્ધ ચરિત્ર, એમાંય ચહેરો હોસ્પિટલના પલંગની સફેદ ચાદર જેવો સ્વચ્છ અને એમાંય પતિદેવો વોર્ડબોયની માફક હુકમના તાબેદાર એટલે મજાલ છે કે ઘરની બહાર બીજે ક્યાંય ડાફરિયાં મારી શકે ? ઘણા તો 'લેસર ઈવિલ' તરીકે ધંધામાં વધુ ધ્યાન આપી, એ ઘડી ઘરમાં ય ડાફોડિયા મારતા નથી ! લોહાણા સ્ત્રીઓની ખુમારી અને એમના પતિદેવોની શિથિલતા રહસ્યમય છે, એ જોઈને જ વડોદરાના કવિ બાલુ પટેલે આ શે'ર લખ્યો હશે...

**'કાં તો હરણને કોઈનું પીઠબળ મળ્યું હશે,**

**કાં તો હવે સાવજના ડણકવામાં ફરક છે.'**

ભેજામાં ઊતરતી જ નથી એ વાત એટલી કે, આ ઠક્કરો, રૈયા, જોબનપુત્રા, પૂજારા, સોમૈયા, રાજા, વસાણી, બેટાઈ, ચંદારાણા, રૂપારેલ (વાઉ... યાદ આવી ચન્ના રૂપારેલ?) માનસાતા કે મજીઠિયા હોય, તમામ લવાણાઓ મૂછો શા માટે રાખતા હશે ? એ વાત સાયન્સ ભલે સમજી શક્યું ન હોય, પણ ઈતિહાસ સમજે છે. જોનારાને હસવું આવી જાય એટલી મૂછો તો માંડ ઊગતી હોય છતાં, મૂછ વિનાનો લવાણો જોવા નહિ મળે ! મજાકમસ્તી પૂરતી મૂછો રાખવી બરોબર છે. બાકી જે મૂછો નથી રાખતા એમની પત્નીઓ મર્દાનગીથી ભરપૂર હોય માટે ભયના માર્યા નથી રાખતા.

આગળા 'ઈતિહાસ' શબ્દ વપરાયો એમાં હેતુ આ કોમની શૂરવીરતા પ્રગટ કરવાનો હતો. મૂછ ભલે ઊગું ઊગું કરીને પાછી ઊંડી ઊતરી જતી હોય એવું લાગે પણ, પાછી ઉપર તો રોજ રીંછ હાથ ફેરવવા આવતું હોય એટલા વાળ લોહાણાઓની છાતી પર હોય ! મૂછ પણ ત્યાંથી જ ઉઠાવેલો ચોરીનો માલ લાગે ! પણ એ બંને મર્દાનગીનાં પ્રતીકો લટકાવીને ફરવાનો આ કોમને હક છે. ભાયડાઓ છે ભાયડાઓ ! શૂરવીરતા સાલાઓને ગળથૂથીમાંથી મળી છે. એકની સામે પાંચ આવીને ઊભા રહે તો વાણિયો એ પાંચેયના હાથમાં પાંચ-પાંચની નોટ પકડાવીને જીવ બચાવે, નાગર આદત મુજબ ભાગી જવાનો રસ્તો પેલા પાંચને જ પૂછે, વખાણ કરતા કરતા..., પટેલ એમાંના એક બેને એડબોથમાં ઝીંકી દઈ બાકીનાઓને ગાળો બોલી ભગાડે પણ લોહાણો એ પાંચે પાંચને ઢાળી દેવા માટે ધંધાનો ટાઈમખોટી થતો ન હોય તો પોતાનો જાન આપી દે પણ ભાગે નહિ ભાયડો ! પાકિસ્તાનમાં આજે પણ લોહાણાઓનાં દસ હજાર ઘર છે... આપણે તો કાશ્મીરમાં ય એક ઘર બનાવી શકતા નથી. ત્યારે ઈસ્લામાબાદની હાઈકોર્ટના ન્યાયધીશ તરીકે આજે પણ એક ઠક્કર બેઠા છએ. ઝીણાભ'ઈ પૂજાભ'ઈ નામના એક મૂળ લોહાણાનો દીકરો પાકિસ્તાનનો રાષ્ટ્રપિતા બન્યો, જનાબ મોહમ્મદઅલી ઝીણા ! લોહાણાઓ આ કિસ્સા પૂરતા ભારતને માથે પડ્યા કહેવાય તો બીજી બાજુ મયૂર માધવાણીને પરણી ફિલ્મસ્ટાર મુમતાઝ... રામ જાણે કોણ કોને માથે પડ્યું કહેવાય !!

અને હાઆઆ...! લોહાણાઓ પાછા એકબીજાને માથે પડવા માટે ય પૂરા સમર્થ છે. અંધશ્રદ્ધા અને કુરિવાજોને કારણે હિંદુસ્તાનની અન્ય કોમો કરતાં લોહાણા યુવતીઓમાં આત્મહત્યાનું પ્રમાણ ઘણું ઊંચું છે અને એટલે જ અથવા તો એમછતાં ય એ લોકોમાં 'વર' કરતાં 'બીજવરો' (બીજી વાર પરણનાર) નું પ્રમાણે ય તગડું છે... અને એટલે જ, લોહાણા પુરુષો ભરજવાનીમાં સિંહની છાતીવાળા હોય છે, એ અડધે પહોંચતાં સુધીમાં તો અધમૂવા થઈ ગયા હોય છે. બીજવર કેટલું ખેંચે ?

પણ પોતાને ભારે પડવાવાળી વાતમાં, લોહાણા જ્ઞાતિની એક લેડી ડોકટરે પોતાનું નામ નહિ આપવાની વિનંતીથી મને કહ્યું, "ખાસ લખજો... લોહાણાઓનો કોઈ'દિ વિશ્વાસ ન થાય... અમે લોકો અંદરોઅંદર પણ એકબીજાનો વિશ્વાસ નથી કરતાં ત્યાં બીજાઓ તો ક્યાંથી કરે?"

કહેવાય છે કે ઘેરથી પૂરેપૂરી અક્કલ અને ખિસ્સામાં પૂરા પૈસા લઈને નીકળ્યા હો, તો જ લોહાણા વેપારીની દુકાનમાં જવાય ! સિંધીઓ પણ લોહાણા પાસે ફેઈલ જાય છે...

નામદાર આગાખાન ફેઈમ ખોજાઓ પૈકીના મોટા ભાગના વટલાયેલા લોહાણાઓ છે. મુસ્લિમોના 'રીફાઈન્ડ' વર્ગોમાં ખોજાઓનું નામ છે.

ઓછા ભણતરે એમને કલાકાર નથી બનવા દીધા, પણ 'સેન્સ ઓફ હ્યુમર' તો છાતીના વાળની માફક દરેક લોહાણા પાસે ઢાંસુ બ્રાન્ડની !

સ્ત્રીઓમાં તો એમના પુરુષોથી ય ઊંચી અને સૂક્ષ્મ! એક યુવતીએ કહ્યું, "લોહાણાઓના ઘરમાં કદી પણ કપડાં ધોવામાં વપરાતી ગળી જોવા પણ ન મળે... ગળીને બદલે એ લોકો 'પતિ' વાપરે છે !"

એ જ રીતે એમના નામોમાં ય ઠેકાણાં નહિ ! હર્ષદ, ઘનશ્યામ, નટવર, મોહન, વસંત કે ગિરીશ નામની તો અડધી નાત હોય ! યુવતી અલ્ટ્રા મોર્ડન હોય પણ નામહોય સવિતાગૌરી કે હસમુખબેન !

પણ સમગ્ર હિંદુ કોમ એક બાબતે આ લોકોની સદાય ઋણી રહેશે, એમના સંતોથી ! ૭૩ સંતો તો મેં ગણ્યા છે ! વીરપુરના જય જલારામબાપાની ભક્તિ મારી પત્નીને ફળી કે નડી એ તો એ જાણે, પણ એમની ભક્તિને કારણે જ હું એને મળ્યો એવી એક લોકકથા છે. સ્વામિનારાયણ સંપ્રદાયના પરમપૂજ્ય ગુરુજી અક્ષરવાસી યોગીજી મહારાજ, ભિક્ષુ અખંડ આનંદજી, જલા બાપાનો બીજો અવતાર મનાતા જસદણના પૂ. હરિરામબાપા કે પછી હાથીજણ આશ્રમમના શ્રી લાલબાપુ હોય, સમાજને કાંઈક ને કાંઈ આપ્યું જ છે... અને જ્યાં આવા સંતો થયા હોય, એ કોમતો સંસ્કારી જ હોય ને ?



**મનગમતો સ્વાદ**

# ગુજરાતના કયા શહેરનું શું વખણાય ? ગુજરાતી થાળી ઉપરાંત પણ ગુજરાતી ખાણીપીણીનું મોટુ વિશ્વ છે..!!

રીટાબહેન ઠક્કર (એન.કે. હૉટેલ્સ, સી.એમ.ડી.)

ખાવું એ મનુષ્યની સહજ અને ખરજિયાત પ્રવૃતિ છે અને સ્વાદિષ્ટ અને વૈવિધ્યસભર ખાવું એ તેની સંસ્કૃતિ. (લોહાણાઓ તો ખાવા જેટલા જ ખવડાવવા માટે પણ જાણીતા છે.) આ માહિતીપ્રદ લેખમાં ગુજરાતના કયા શહેર કે નગરનું શું મળે છે તેની એક ઝલક આપી છે. કશું રહી ગયું હોય તો અચૂક અમારું ધ્યાન દોરજો. અને હા, આ વાંચ્યા પછી વાચકે સ્મિતવો મુખવાશ પોતાના ઘરના જાતે જ ખાઈ લેવો...

ચાણકયે કહ્યું છે કે, સૌથી મોટો આનંદ ખાવાનો હોય છે, ગુજરાતીઓ આ વાત બરાબર જાણે છે. આમ તો ગુજરાતી માત્ર શુદ્ધ શાકાહારને જ પાત્ર. ગુજરાતી ખાવામાં એટલો બધો ચુસ્ત અથવા ચીકણો છે કે તેને માત્ર શાકાહારથી નથી ચાલતું. તેને શુદ્ધ શાકાહાર જોઈએ છે. એટલે તો ગુજરાતમાં કે ગુજરાત બહાર લોજ, હોટલો કે રેસ્ટોરન્ટ પર આપણને લખેલું જોવા મળે છે: શુદ્ધ શાકાહારી ભોજન મળશે. ગુજરાતી થાળી એટલે બત્રીસ પકવાનનો થાળ અને હા, હોય બધુ જ શુદ્ધ શાકાહારી !

શરુઆત ગુજરાતના મહાનગર અમદાવાદથી કરીએ. આ શહેરનો માણેકચોક વિસ્તાર ખાણી પીણી માટે કદાચ યુગોથી જાણીતો છે. અહીં રાત્રે ખાણી પીણીની મોસમજામે છે. માણેકચોકની નજીક ચંદ્રવિલાસ લોજ આવેલી છે. ચંદ્રવિલાસની દાળની સુવાસ ગુજરાતના સીમાડા વટાવી ચૂકી હતી. ગુજરાતના ઘણાં ગામડાના લોકો ખાસ આ દાળ ખાવા માટે અમદાવાદ આવતા. ચંદ્રવિલાસની જલેબી પણ જાણીતી. રિલીફ રોડ ઉપર આવેલી ચેતના લોજમાં જમવું તે એક ગૌરવ ગણાતું.

અમદાવાદના પૂર્વ વિસ્તારની વાત કરીએ તો રાયપુરના ભજીયાંને ન ભૂલી શકાય. જયારે અમદાવાદમાં અનેક મીલો ધમધમતી હતી ત્યારે મીલ કામદારો રાત્રે મીલમાંથી છૂટીને ભજીયાંની લિજ્જત માણતાં. આજે રાયપુરનાં ભજીયાં નહેરુનગર પણ પહોંચ્યાં છે. એમ તો અમદાવાદમાં હવે સાબરમતી જેલના કેદીઓએ બનાવેલાં ભજીયાં પણ વખણાય છે. કેદીઓ એટલા સરસ ભજીયાં બનાવે છે કે ખાધા પછી અંદર (સંડાસમાં નહિ) જેલમાં જવાનું મન થાય.

લાલ દરવાજા વિસ્તારમાં લક્કીની ચા અને મસ્કાબન આજે પણ વખણાય છે. વિશ્વવિખ્યાત ચિત્રકાર એમ. એફ. હુસેન અહીં નિયમિત ચા પીવા આવતાં. એની બાજુમાં જ શશીનું ચવાણુ મળે છે, જે ખાવા જેવું અને ખવડાવવા જેવું હોય છે.

ભલે અમદાવાદનું નામ ભાજપ 'કર્ણાવતી' ન કરાવી શકયો પણ આજે પણ દાબેલી તો કર્ણાવતીની જ વખણાય છે. માંડવી કે ભુજની દાબેલીને ટક્કર મારે એવી કર્ણાવતીની દાબેલી હોય છે. અરે, દાબી દાબીને ખાવાનું મન થાય એવી કર્ણાવતીની દાબેલી હોય છે. અમદાવાદ આવો ત્યારે ટેસ્ટ કરવાનું ભૂલતા નહિ.

કાંકરિયા પાસે આવેલી માસીની પાણીપુરી આજે પણ વખણાય છે. તો શંભુની કોફીના પણ ઘણા બંધાણી છે. અરે, દાસને ભૂલી ગયા? દાસની સેવખમણી અને ખમણ આજે પણ લોકો હોંશે હોંશે ખાય છે. નહેરુનગર પાસે આવેલા લક્ષ્મીના ગાંઠિયા ખાવા લોકો સવારે વહેલા ઉઠી જાય છે. પહેલા લક્ષ્મી ગાંઠિયારથ એક લારી હતી, આજે તે મોટી દુકાન છે. ગાંઠિયા માત્ર ભાવનગરમાં જ ચાલે તેવુ નથી. અમદાવાદમાં પણ ચાલે, અરે, દોડે. અમદાવાદના અનેક વિસ્તારોમાં સૌરાષ્ટ્રના ગાંઠિયાની અનેક દુકાનો અને હોટલો થઈ ગઈ છે. રવિવારે સવારે આ તમામ દુકાનોમાં ગરમાગરમ ગાંઠિયા - ફાફડા લેવા માટે લોકો લાઈનમાં ઉભા રહે છે. ભગવાને જીવન ખાવા માટે આપ્યું છે.

અમદાવાદની વાત હજુ બાકી છે. અમદાવાદમાં લખનૌની કોઈ વાનગી મળે ? જતાં રહો કાંકરિયા રોડ પર પારસી અગિયારીની સામે લખનૌની અડદની જલેબી એક વખત ખાશો તો વારંવાર ખાશો. (આ જાહેરાત નથી, માહિતી છે.) ઝવેરીવાડની પાણીપુરી આજે પણ વખણાય છે. અમદાવાદના ગુજરાત કોલેજ પાસે ગુજરાત દાળવડા એવા મળે કે ચોમાસામાં અહીં ટ્રાફીક જામ થઈ જાય. ગુજરાત દાળવડાની લારી પણ છે અને દુકાન પણ છે. એમતો ખાડાના દાળવડા પણ વખણાય છે. માથાકૂટ ન કરશો, ખાડાના દાળવડા જુના છે અને ગુજરાતના દાળવડા નવા છે, પણ બંને જાણીતા છે.

અમદાવાદમાં પતંગ હોટલ તો નહેરુબ્રિજના છેડે છે, પરંતુ ફરકી (ફીરકી) તો દરિયાપુર દરવાજા પાસે છે. ફરકીની લસ્સી પીશો તો ચડી જશે સોરી ! નવતાડને ભૂલી ગયા. નવતાડના સમોસાં માટે તો એવું કહેવાય છે કે ભગવાન રામદેવપીર પણ આ સમોસા ખાતા હતાં. ખૂબ જાણીતા સમોસા એટલે નવતાડના જ એવી એક કહેવત પડી ગઈ છે. નવતાડ વિસ્તારમાં વહેલી સવારમાં તો તમને સમોસા મળવા માંડે. શોખીનો સવારમાં આવીને ટેસથી સમોસા ખાય, ઘણા લોકો કાચા સમોસા ઘરે લઈ જાય અને પછી તળીને ખાય. અમદાવાદના બીજા ઘણા વિસ્તારોમાં પણ હવે આ સમોસાની શાખાઓ ખૂલી છે.

અમદાવાદના પાલડી વિસ્તારમા એક નરસિંહ ભગત હોસ્ટેલ આવેલી છે. ના, અહીં કોઈ મંદિર જાણીતું નથી. અહીં તો પાપડી જાણીતી છે. એ જ રીતે વાડજ વિસ્તારમાં સોહરાબજી કંપાઉન્ડમાં દાલ પકવાન ખાનારા લોકોની સંખ્યા પણ ઘણી છે.

ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં અમદાવાદની ગુફા આવેલી છે. એને અડીને ઋતુરાજની ખુલ્લી લારી આવેલી છે. અહીંની ચા અને મસ્કાબન ખૂબ વખણાય છે. એવું કહેવાય છે કે સમગ્ર વિશ્વમાં અડધી ચાની શોધ અમદાવાદીઓએ કરી છે. (એને કટીંગ કહેવાય છે) આ લારી ઉપર સુજ્ઞ વાંચકો ધ્યાન દઈને સાંભળો, પા ચા પણ મળે છે. આ અમદાવાદ છે, અહીં એક ઘૂંટડો ચા પણ વેચાઈ શકે છે.

અહીં અન્નાના ઢોંસા પણ વખણાય છે, ના, અન્ના હઝારેને અને આ ઢોંસાને કોઈ સંબંધ નથી.

અમદાવાદમાં એક કાઠિયાવાડ છે. એનું નામ બાપુનગર છે. અહીં ગોંડલના ગાંઠિયા ખૂબ જાણીતા છે. અમદાવાદમાં લખનૌની વાનગી હોય તો ઈન્દોરે શો ગુનો કર્યો છે ? ઈન્દોરની ચાટ વખણાય છે. આમતો અમદાવાદમાં વાડીલાલ, હેવમોર અને અમૂલનો આઈસ્ક્રીમસૌથી વધુ ચાલે છે. કયાંક કયાંક પટેલનો આઈસ્ક્રીમખવાય છે. અરે, ભાઈ રાજસ્થાનનો આઈસ્ક્રીમપણ અમદાવાદીઓ ખાય છે. આધુનિક અમદાવાદીઓ પરંપરાને ભૂલતા નથી



એટલે જ તો અસારવાનો સંચાનો આઈસ્ક્રીમઅને શંકરનો આઈસ્ક્રીમકોઈપણ સીઝનમાં ખવાય છે. વચ્ચે એવા સમાચાર હતાં કે અમદાવાદમાં તો આઈસ્ક્રીમના ભજીયાં પણ મળે છે.

આઈસ્ક્રીમની વાત કરતાં હોઈએ તો દેરાણી-જેઠાણીને કેવી રીતે ભૂલી જવાય ? અમદાવાદમાં વર્ષો પૂર્વે નવરંગપુરા વિસ્તારમાં દેરાણી-જેઠાણીએ મળીને આઈસ્ક્રીમનું ઉત્પાદન અને વેચાણ શરુ કરેલું. એ આઈસ્ક્રીમખૂબ ચાલેલો, પછી ભલે દેરાણી અને જેઠાણી કોઈ કારણથી જુદા પડયાં, પરંતુ બંનેના પોતપોતાના આઈસ્ક્રીમના એકમો તો ચાલુ જ છે. આ આઈસ્ક્રીમનો ટેસ્ટ જુદો હોય છે. અમે કયારેક 'ગુજરાત ટાઈમ્સ' ની ઓફિસમાં એ આઈસ્ક્રીમ લાવીને ખાઈએ છીએ.

મણિનગરમા ટામેટાના ભજીયાં મળે છે. વી. એસ. હોસ્પિટલ પાસે નાગરની ચોળાફળી મળે છે. અમદાવાદના એસ. જી. હાઈવે પર વૈષ્ણોદેવી પાસે દાલ-ફ્રાય અને ભાત મળે છે તથા કાંકરિયાની પાળે કાલી ટોપી લંબી મૂછની ખારેક મળે છે. આ બધી જ વાનગીઓ જીભ અને જઠરને તૃપ્ત કરે એવી હોય છે.

જૂના શેરબજારનું ચવાણુ આજે પણ લોકો વિદેશ લઈ જાય છે. એમતો મરચીપોળનું ચવાણું પણ જેવું તેવુ નથી હોતું. કેટલી વાતો કરીશું ? પાર આવે તેમનથી, હજુ આ તો સ્ટાર્ટર છે. મેઈન કોર્સ તો બાકી છે. આવતી ડાયરીમાં વાત આગળ વધશે.

અમદાવાદની ખાણીપીણીની આ વાત આગળ વધારીએ અને તેમાં બીજા શહેરો રહી જાય તેવું ના કરાય. હા, ખાણીપીણી સાથે સંકળાયેલા વિશિષ્ટ રેસ્ટોરાંનાં નામપણ જોઈએ.

અમદાવાદમાં ખૂબ જ પ્રેમથી સાસુજી ખવડાવે છે. (સી.જી. રોડ ઉપર 'સાસુજી' નામનો ગુજરાતી ડાઈનિંગ હોલ છે.) જો સાસુજી હોય તો દાદી કેમના હોય? છે. (વી. એસ. હોસ્પિટલની નજીક 'દાદીમા' નામનો ગુજરાતી ડાઈનિંગ હોલ છે.) તમે જો અમદાવાદમાં અતિથિ તરીકે આવો તો આખેઆખો 'અતિથિ' ડાઈનિંગ હોલ અહીં હાજર છે.

અમદાવાદમાં 'પકવાન' છે અને 'કંસાર' પણ છે, 'ગોરમો' હાજર છે અને જો તમે 'ગોરધન થાળ' માં જમવા જાવ તો ખરેખર થાળીને બદલે થાળ ભરાઈ જાય તેટલી વાનગીઓ મળે. એ તો દરેક ગુજરાતી ડાઈનિંગ હોલમાં હોય જ છે ને! અમારું એક મૌલિક સંશોધન એવું છે કે ડાઈનિંગ હોલમાં ગુજરાતી થાળી ખાવાથી નિર્ણયશક્તિ સુધરી જાય છે. જો તમારી નિર્ણયશક્તિ મંદ હોય તો તમે એક મહિનો ગુજરાતી ડાઈનિંગ હોલમાં જમો. તમારી નિર્ણય લેવાની શક્તિ આપોઆપ વધી જશે. એનું કારણ છે. ગુજરાતી થાળીમાં પચ્ચીસથી પણ વધુ વાનગીઓ હોય. દરેક વાનગી પિરસનારો તમારી પાસે ઓછામાં ઓછી છ સાત વાર તો આવે જ. તમારે ૩૦ મિનિટમાં ૧૨૫થી વધુ વખત હા કે ના પાડવાની. વળી, નિર્ણય ઝડપથી અને પાછો જમતાં જમતાં લેવાનો, જરા પણ મોડું કરો એ ના ચાલે. પિરસનારો તમારી રાહ જોઈને ઉભો ના રહે. ૩૦ મિનિટમાં ૧૨૫થી વધુ વખત નિર્ણય કયારે કરી શકાય ? જયારે તમારી નિર્ણયશક્તિ સારી હોય ત્યારે જ!



ગુજરાતી થાળીની વાત કરતાં હોઈએ ત્યારે 'વિશાલા'ને યાદ કરવું જ પડે. ભારત કે ગુજરાતની સંસ્કૃતિનું અહીં જતન અને સંવર્ધન થાય છે. તમને એવું લાગે કે તમે કોઈ ગામડામાં આવી ગયા છો, તેની વાનગીઓ પણ બધી પરંપરાગત.


અહીં

ધાતુપાત્રોનું જ

સંગ્રહાલય છે તે અજોડ છે.

લાલ





દરવાજા વિસ્તારમાં આવેલી ‘અગાસીએ’ની પણ મોટી પ્રતિષ્ઠા છે. તમે ‘રજવાડું’ને ભૂલો એ કેમ ચાલે ? લોકો અહીં હોંશે હોંશે ખાવા અને વાતાવરણ માણવા માટે આવે છે. કર્ણાવતી કલબનો ‘સરભરા’ ડાઈનિંગ હોલ પણ ખરેખર સ્વાદિષ્ટ છે. (સરસ છે એવું થોડું લખાય ?)

વસ્ત્રાપુર તળાવ પાસે એક ‘રૂડુ કાઠિયાવાડી’ છે. જયાં સૌરાષ્ટ્ર યાદ આવી જાય તેવું કાઠિયાવાડી ખાવાનું મળે છે. કેટલાક પત્રકારો અને કટારલેખકો અહીં જુદા જુદા વિશિષ્ટ લેખકો સાથે મળે છે અને પત્રકારો હોવા છતાં અહીં પોતાના પૈસે જમે છે!

અમદાવાદમાં તમને જલારામના ખમણ તો ઠેર ઠેર જોવા મળે છે. (ખાવા હોય તો ખાવા પણ મળે છે.) ખબર નહિ, ખમણના નામસાથે જલારામબાપાનું નામ કેમ સંકળાઈ ગયું છે ? શું જલારામબાપાને ખમણ ખૂબ ભાવતાં હતા ? જો કે એવી કોઈ માહિતી મળતી નથી.

પૂરી- શાક ખાવા હોય તો ‘આઝાદ’ના જ ખાજો, આજે પણ આઝાદના પૂરી-શાક વખણાય છે. ઘણાં લોકોને વળી ‘હેવમોર’ ના ચણાપુરીનો ચટાકો હોય છે.

સરખેજ-ગાંધીનગર ધોરીમાર્ગ પર (એસ. જી. રોડ) આખું ‘ગોકુળ’ હાજર છે. એક જમાનામાં તેનું ખૂબ આકર્ષણ હતું. પણ હવે લોકો ‘ગોકુળ’ ને ભૂલી ગયા છે. (ઘણાં એમકહે છે કે તેનું કુળ ગોકુળ જેવું લાગતું નથી) આ જ માર્ગ પર ‘મઢૂલી’ છે. ભલે નામ મઢૂલી હોય બાકી છે ઘણી મોટી અને સરસ જગ્યા. ‘ગોરસ’ અને ‘તુલસી’ પણ છે. ગોપી જૂનો ડાઈનિંગ હોલ છે. ‘વિશાલા’ ને લોકો આજે પણ ખાણીપીણીની સાચી અને જૂની પાઠશાળા માને છે. સી.જી. રોડ પર ‘આધાર’ છે અને ‘અમે ગુજરાતી’ નામના ડાઈનિંગ હોલમાં ગુજરાતી સિવાયના લોકો પણ જમવા જઈ શકે છે.

અમદાવાદ છોડો. એસ.જી. હાઈવે પરથી સીધા જઈએ રાજકોટ. રંગીલા રાજકોટના પેંડા આજે પણ વખણાય છે. એમ તો રાજકોટની ચીકી પણ આખા વિશ્વમાં જાણીતી છે. શિયાળો આવે એટલે રાજકોટમાં ચીકીબજારમાં ગરમી આવી જાય. રાજકોટના બ્રેડ કટકા પણ વખણાય છે. રાજકોટમાં કઈ કઈ વાનગીઓ વખણાય છે એની માહિતી અમારા રાજકોટના કેટલાક મિત્રોએ આપી છે.

રાજકોટમાં અલગ અલગ હોટલના ગાંઠિયા વખણાય છે. પણ ‘જોકર’ના ગાંઠિયા વારંવાર ખાવા જેવા હોય છે. રાજકોટમાં સરકસ ન આવ્યું હોય તો પણ આ ગાંઠિયા મળે છે. ભજીયાંની વાત કરો ભજીયાંની ! રાજકોટમાં ‘મયૂર’ના ભજીયાં વખણાય છે. તો ‘મનોહર’ના તો ભજીયાં અને સમોસા બંને વખણાય છે. ઢેબરચોકમાં આઈસ્ક્રીમના ભજીયાં વખણાય છે. (અમે જો કે કદી આઈસ્ક્રીમના ભજીયાં ખાધા નથી, અરે જોયા પણ નથી) અમદાવાદની જેમ અહીં પણ આઈસ્ક્રીમવધુ ખવાય છે. ભક્તિનગર સર્કલ પાસે ‘સોનારૂપા’ નો આઈસ્ક્રીમલોકો ખૂબ ખાય છે. આઈસ્ક્રીમમાં સોનું કે રૂપુ નાખે છે તેવી કોઈ માહિતી અમારી પાસે નથી.

રાજકોટમાં ‘સૂર્યકાન્ત’ના થેપલા અને ચા ખૂબ વખણાય છે. ‘જય સિયારામ’ના પેંડા વખણાય છે. એવું અમે નથી લખવાના, કારણ કે, ભગવાન રામસહિત એની તો આખી દુનિયાને ખબર છે. રાજકોટમાં આ ઉપરાંત ‘નઝમા’નું શરબત જાણીતું છે. રાજકોટમાં ‘રામ અને શ્યામ’ના ગોળા વખણાય છે.

રંગીલા રાજકોટમાં ‘રઘુવંશી’ના વડાપાઉં ઘણાં ફેમસ છે. તો કરણપરાના બ્રેડ કટકા પણ જાણીતા છે.

રંગીલા રાજકોટથી ભાવનગર જઈએ અને અહીંના વખણાતા ગાંઠિયા ખાઈએ, ગાંઠિયા આખા વિશ્વમાં બને છે અને ખવાય છે. પણ કોણ જાણે કેમ, ભાવનગરના ગાંઠિયા આજે પણ લોકો ભાન વગરના થઈને ખાય છે. જે વખણાય તેમાં કોઈ વેરાઈટી ઘણી આવે, ભાવનગરમાં અનેક આકારના અને પ્રકારના ગાંઠિયા મળે છે. આપણે માત્ર ખાણીપીણીની વાત કરવી છે એટલે ભાવનગરની ગટરો અને ગાંડા વખણાય છે એની વાત નહિ કરીએ. ભાવનગર એટલે ગાંઠિયાની રાજધાની. ઘણાં લોકો એવું માને છે કે, ભાવનગરનુ નામ ગાંઠિયાનગર હોવુ જોઈએ. અહીં મરીવાલા ગાંઠિયા મળે તો ખત્રીના નાયલોન ગાંઠિયા આજે પણ વખણાય છે. અહીં તમને જીવનભાઈના ગાંઠિયા મળે અને તે સિવાય ઘણી દુકાનોમાં બે ડઝનથી વધારે પ્રકારના ગાંઠીયા મળે. પેંડા વગર ગાંઠિયા, અધૂરા ગણાય અહીં દાસના પેંડા મળે છે. ભાવનગર જાવ તો અમૃતપુરીના પેંડા ખાવાનું ભૂલતા નહિ. ભાવનગરમાં માત્ર ગાંઠિયા અને પેંડા મળે છે તેવુ નથી અહીં ભગવતીના સેવઉસળ વખણાય છે. ગાંધીસ્મૃતિ ટાવર પાસે કચરિયું મળે છે અને તે પણ ખાવા જેવું હોય છે. ઘોઘા ગેટ પાસે દાલ-પકવાન ખાવા અનેક લોકો આવે છે. પાલવની પાંઉભાજી પણ ખૂબ જાણીતી છે. ભાવનગરમાં ભૂગળા બટેટા પણ ખૂબ ચાલે છે. થોડીક ભૂખ લાગી હોય તો કાળુની સેન્ડવીચ ખાઈ લો. આટલું સરસ ખાઈએ પછી આઈસ્ક્રીમ ખાવાની ઈચ્છા થાય એ પણ પૂરી કરી લો. ભાવનગરમાં હિમાલયનો અને દિલબહારનો આઈસ્ક્રીમખૂબ વખણાય છે.

જો વધારે ગાંઠિયા ખાધા હોય અને બેચેની લાગતી હોય તો રસ્તો હાજર છે, અનુપમની સોડા પી લો. અને પછી મૂડ આવે તો રામ ઔર શ્યામનો ગોળો ખાઈ લો. ગરમી ઓછી લાગશે અને દિલ ખુશ ખુશ થઈ જશે.

હવે ચાલો જઈએ જામનગર, અહીં પણ પેંડા વખણાય છે અને ગાંઠિયા વખણાય છે. જામનગરના તળાવની પાળે લખુભાઈનો રગડો જાણીતો છે અને ગિજુભાઈ માત્ર શિક્ષણ માટે જાણીતા હતા તેવું નથી, જામનગરમાં ગિજુભાઈની ભેળપુરી વખણાય છે. જામનગર જાવ અને ચાંદીબજારમાં રાજનો ફાલૂદો ના પીવો તો વાત અધૂરી રહે. જો સમય હોય તો ગીગાભાઈની ભેળ અને ગાંઠિયા પણ ખાઈ આવજો. જામનગરનાં ભજીયાં તો અનેક લોકો વખાણે છે. પણ બેડીગેટ પાસે લક્ષ્મીના ગાંઠિયા અને પુરી શાક બંને વખણાય છે. ગીતાનો આઈસ્ક્રીમવખણાય છે તો એચ.જે. વ્યાસનો શીખંડ જાણીતો છે.

હવે વાત કરીએ સુરેન્દ્રનગરની. ગુજરાતના કેટલાંક ગામોમાં ભાભીના અડ્ડા છે. આ શહેરમાં ભાભીના ભજીયાં જાણીતા છે. રાજેશના સમોસા હોંશે હોંશે ખવાય છે. અહીં કર્ણાવતીની દાબેલી નથી જાણીતી, પણ ચેતનાની દાબેલી જાણીતી છે. ગોકુળનુ સિઝલર વખણાય છે, હા ભાઈ હા અમે સિકંદરની શીંગને નહિ ભૂલી જઈએ.

સૌરાષ્ટ્રના બીજા નગરોની વાત કરીએ તો અમરેલીમાં હીરાભાઈના દૂધના પેંડા વખણાય છે. ભગતનું ઉંધિયું વખણાય છે. રમેશ પારેખના આ ગામમાં જયહિન્દના ગોટા અને ચક્કાભાઈની ચા લોકપ્રિય છે. અમરેલીમાં ગોપાલની જામેલી લસ્સી પીજો અને શીતલનું કોલ્ડ પાન ખાવાનું ચૂકતા નહિ.

નરસિંહ મહેતાના જૂનાગઢની વાત કરીએ તો અહીં મોડલની લસ્સી વખણાય છે. તો હરિઓમના થાબડી પેંડા ખૂબ જાણીતા છે. બાપુના ભજીયાંની સાથે મહારાજાના ભજીયાં પણ વખણાય છે.

હવે ચાલો જઈએ ભૂજ. કચ્છના આ મહાનગરમાં ઠેર ઠેર દાબેલી તો મળે જ છે. પણ અનેક જગ્યાએ પકવાન અને ગુલાબપાક પણ ઉપલબ્ધ હોય છે. જે ખૂબ જાણીતો છે. ઓછી ભૂખ લાગી હોય તો શંકરના વડાપાઉં ખાજો અને કકડીને ભૂખ લાગી હોય તો ધીરુભાઈની રોટી ખાજો. ભૂજમાં ગોવિંદજીના પેંડાની સાથે મધુની ભેળ પણ જાણીતી છે. દાબેલીનું જન્મસ્થળ માંડવી છે. માંડવીની દાબેલી પરંપરાગત કરતાં સાવ જુદી હોય છે. એની ચટણી અને મસાલો બીજે કયાંય તમને જોવા જ ન મળે. તો ખાવા કેવી રીતે મળે ? અમે માંડવી ગયા ત્યારે પાંચ દાબેલી ખાધા પછી પણ પેટ કે મન કશું ભરાયું નહોતું.

ગુજરાત એ ખાણીપીણીનો પ્રદેશ છે.એવું અમે નહિ કહીએ, કારણ કે પીણી શબ્દ વાંચીને અમારા ઘણાં સુજ્ઞ વાંચકોની આંખો ચાર થઈ જશે, અમે એમ પણ કહીશું કે ગુજરાત વાનગીઓનો પ્રદેશ છે.

મધ્ય ગુજરાતની વાત તો રહી ગઈ. તો સાંભળો આણંદમાં અમૂલ છે અને અમૂલના દૂધ, છાશ, અને બટર તો આખા વિશ્વમાં જાણીતા છે. આ સિવાય આણંદના ગોટા વખણાય છે. આણંદ રેલ્વે સ્ટેશન સામે આવેલી મસ્તાના દાબેલી પણ જાણીતી છે. આણંદમાં યોગેશનાં ખમણ અને ઠક્કરના ખમણ હાજર છે તો સાસુજીનો હાંડવો આજે પણ લોકો હોંશે હોંશે ખાય છે.

આણંદમાં અંકિતના બર્ગર અને વલ્લભ વિદ્યાનગરમાં મહારાજના સમોસા પણ વખણાય છે. સત્યનારાયણની કથા આખા વિશ્વમાં જાણીતી છે, પણ વલ્લભ વિદ્યાનગરમાં સત્યનારાયણનો આઈસ્ક્રીમનો કોકો વખણાય છે. લોકો જનતા ચોકડી પાસે ઉભા રહીને ખારી શીંગ ખાય છે. આણંદની બાજુમાં ડાકોર છે અને ડાકોરના ગોટા તો એવું કહેવાય છે કે પાંડવો પણ ખાતા હતા! (જો કે મહાભારતમાં તેનો ઉલ્લેખ નથી તે વાત જરા જુદી છે.) ડાકોરના દર્શન કરવા આવતા લોકો રણછોડરાયજીના દર્શન કરવાનુ ચૂકતા નથી તે રીતે જ ડાકોરના ગોટાનો લોટ ઘરે લઈ જવાનું ભૂલતા નથી. હવે ઝડપથી આગળ વધીએ ઉત્તર ગુજરાત તરફ.

મહેસાણા દૂધ સાગર ડેરી સાથે સંકળાયેલા સહયોગના પેંડા વખણાય છે અને પટેલની ખમણી જાણીતી છે એવું કહેવાય છે કે સ્ટેશનની ચા પીવા માટે લોકો દૂર દૂરના ગામોમાંથી અહીં આવે છે.

પાટણના પટોળાં વખણાય છે, પણ એ ખવાય નહિ તો ખવાય એવું શું વખણાય છે? નવરંગનો ગોળો અને ભગવતીનું ચવાણુ. ચવાણુ પહેલું ખાજો પછી ગોળો અને હા, પાટણના દેવડાં અને પાટણની મુરલીની ચા પીધા વગર પાછા ના આવતાં.

ઉંઝામાં કાકાના ગોટા એક વાર ખાજો તો વારંવાર ખાશો, અહીં ઉમિયાના ભાજીપાઉં પણ વખણાય છે.

સુરત રહી ગયું ખાણીપીણીની આ રાજધાનીમાં આજે પણ ઘારી, લોચો, બટાકા- રતાળુના ભજીયાં, વાનીનો પોંક, ચોકબજારમાં રસાવાળા ખમણ, અરે ભાઈ સુરતની વાતમાં તો આખુ પાનુ ભરાય, સુરતની વાનગીઓ વિશે વાંચવાનું ના હોય, એ તો ત્યાં જઈને માણવાની હોય.




હાસ્ય લેખ

# પ્રેમિકા અને પત્ની વચ્ચે તફાવત : એક સેંથો પૂરે, બીજી સ્નેહ પૂરે

ડો. નલિની ગણાત્રા

દરેક પુરુષને વાસ્તવિકતામાં એક પત્ની અને કલ્પનામાં એક (કે તેનાથી વધુ, જેવી જેની શક્તિ) પ્રેમિકા હોય છે. આપણી જ્ઞાતિનાં જ નહિ, ગુજરાતી ભાષાનાં ટોચનાં હાસ્ય લેખિકા નલિનીબહેન અહિ પ્રેમિકા અને પત્નીના તફાવતને સરસ રીતે રજૂ કરે છે. હિંચકા પર બેસીને, કોફી પીતાં પીતાં, સજોડે માણવા જેવો હાસ્યલેખ...

એકવાર મેં લોકોને ગુસપુસ કરતાં સાંભળ્યા કે... નલિનીબહેને કયારેય કોઈ તફાવત વિષે કયાંય લખ્યું નથી, એ બતાવે છે કે એમના ભેદભાવ દ્રષ્ટિ નથી. તો આપણે નલિનીબહેનને સંત મહંત કેમન ગણવા ? અને હું તેરસો કામપડતાં મૂકીને તાત્કાલિક તફાવત વિષે લખવા બેસી ગઈ. વળી એય, અઠંગ સંસારીને છાજે એવા પાત્રો- પ્રેમિકા અને પત્ની વિશે. જેથી હું સંત છું એવી લોકોની શંકાનો તાત્કાલિક અંત આવે. યુ નો, મને કોઈ સંત કહી જાય એ સહેજ પણ પસંદ નથી.

તફાવતમાં જો કે મને પહેલેથી જ ફાવટ છે.ગમ્મે તે ધોરણમાં ભણતી હોઉં.. તફાવતમાં મને પૂરા માર્કસ મળતા. તફાવતના ટેકાથી જ હું એ.ટી.કે.ટી. સુધી પહોંચી શકતી ! તફાવતમાં નિપુર્ણ એમને મનથી થવાતું... એના માટે દ્રષ્ટિ વિકસાવવી પડે છે.

અરે, આ ભેદભાવ ઉપર તો સંસાર અને સમાજ ટકી રહ્યા છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, શૂદ્ર અને વૈશ્ય વચ્ચેનો આ તફાવત મટી જાય તો દશા શું થાય? વિચારો. બધા બ્રાહ્મણ બની જાત નો લખ લખ જ કરત. તો વાંચત કોણ? બધા વેપારી બની જાય તો છેતરાવા માટે ગ્રાહકો કયાંથી લાવત? બધા સાફસૂફી કરત તો ગંદકી કોણ કરત ?

અરે, મા અને સાસુ વચ્ચે કે બહેન અને નણંદ વચ્ચેનો તફાવત ન હોત તો દીકરીના સાસરીની વાતો કરવાના ઉમળકાનો સત્યાનાશ થઈ જાત! આવા ‘નાશો’ અટકાવવા જ સંસારમાં તફાવત આવશ્યક છે. તો ચાલો પ્રેમિકા અને પત્નીના તફાવતની તડાફડી કરીએ!!

આમ તો પ્રેમિકામાંથી પત્ની બની હોય તે સ્ત્રીને અને પત્ની ઉપરાંત પ્રેમિકાનો પાસપોર્ટ ધરાવતો હોય તેવા પતિને, પ્રેમિકા અને પત્ની વચ્ચેના તફાવતનો સચોટ ખ્યાલ હોય છે. હું આ લાભ- ગેરલાભથી તદ્દન વંચિત છું. એટલે માત્ર અવલોકન અને લોકોના ઈન્ટરવ્યુનો આધાર લઈને ઠીચૂક ઠીચૂક કરતી લખીશ !

તો ... જેને આ બંને પલ્લાને સાચવવાનું દુર્ભાગ્ય સાંપડયું છે એ લોકો ત્રાજવાના કાંટાની જેમ સ્થિર આંખ કરીને અને બાકીના બધા આંખ બંધ કરીને વાંચવા માંડો...પ્રેમિકા અને પત્ની વચ્ચેનો તફાવત....

○ પ્રેમિકાને ‘સહેલી’ વિદ્યા થી પત્ની બનાવી શકાય, જયારે પત્નીને મેલી વિદ્યા થી પણ પ્રેમિકા નથી બની શકતી.

○ પત્ની પ્રાયઃ એક જ હોય છે, જયારે પ્રેમિકા માણસના ગજા અને ગજવા પ્રમાણે લિમિટેડ કે અનલિમિટેડ પણ હોઈ શકે!!

○ આપણી પત્ની આપણી જ હોય (!) જયારે આપણી પ્રેમિકા બીજાની પ્રેમિકા કે પત્ની પણ હોઈ શકે છે. મતલબ પત્ની એટલે મારું- મારું પોતાનું અને પ્રેમિકા એટલે તારું મારું મજિયારું !

○ પત્ની કાયમી હોવાથી તેમાં હઈસો હઈસો ચાલે, જયારે પ્રેમિકા હંગામી હોવાથી હાચવવું બહું પડે..!!

○ પ્રેમિકા બાબતે દિલ લગાના આસાન, સાથ નિભાના મુશ્કિલ, જયારે પત્ની સાથે સાથ નિભાના આસાન પણ દિલ લગાના મુશ્કિલ !!

○ પ્રેમિકા ૨૪ કલાક યાદ આવે અને પત્નીને ૨૪ કલાક યાદ રાખવી પડે !!

○ પ્રેમિકાને જોઈને સપના આવે, પત્નીને જોઈને ઉંઘ આવે..!

○ દિવસ પૂરો થયે પ્રેમિકા નામનો ચેપ્ટરમાં પેરેગ્રાફ પાડવો પડે, પત્ની સળંગોસળંગ ચાલે..!

○ પત્ની જૂની સારી, જેથી ઘર સાચવીને પડી રહે, પ્રેમિકા નીત નવી સારી દિલ સાચવતી રહે !!

○ પત્ની તરફથી પ્રેમનું માવઠું જ મળે, જયારે પ્રેમિકા મુશળધાર વરસે..!!

○ સાંજે જતાં વેંત પત્ની પ્રેતની જેમ વળગે, જયારે પ્રેમિકા સાજે આત્માની જેમછૂટી પડતી લાગે..!!

○ પત્ની સેંથો પૂરે, પ્રેમિકા સ્નેહ પૂરે.!

○ પત્ની રાહ જુએ, પ્રેમિકા રાહ જોવડાવે...!!

○ પત્ની ફાસ - ફૂસ લાગે, પ્રેમિકા ફાસ્ટ ફૂડ લાગે..!!

○ પ્રેમિકા બોલે તો ફૂલડા ઝરે, પત્ની બોલે તો હથોડા પડે..!!

○ પત્ની એટલે હકીકતનું દુઃખ, પ્રેમિકા એટલે કલ્પનાનું સુખ..!

○ પ્રેમિકા એટલે વચગાળાની રાહત અને પત્ની એટલે આજીવન આફત !

○ પ્રેમિકા એટલે ઉનાળાની છાશ, પત્ની એટલે ચોમાસાની છાશ..!!

○ પ્રેમિકા એ ખાનગી અહેવાલ છે, પત્ની જાહેર ખબર છે. !!

○ પ્રેમિકા એ બોગસ કંપની છે, જે ગમે ત્યારે વાળીઝૂડીને ઉઠી જાય, જયારે વાળવા ઝૂડવાની કડાકૂટને કારણે જ પત્ની ટકી રહે છે..!!

○ પ્રેમિકા રૂડીરૂપાળી લાગે છે (!) પત્ની જાડી જમલાગે છે..!

○ પત્ની ફરજમાંથી ફ્રી ટાઈમમળે તો પ્રેમ કરે, પ્રેમિકાનો તો બિઝનેસ જ ફુલ ટાઈમપ્રેમકરવાનો.. !!

○ પ્રેમિકા ધીમી બળે ને વધુ લિજ્જત આપે, પત્ની ભડકો થાય ને ભસ્મ કરે...!

○ પત્ની મા બનવાની હોય તો રણમાં ગુલાબ ખિલ્યા જેવો આનંદ થાય છે, પ્રેમિકા મા બનવાની હોય તો ‘બાગમાં લાગી આગ’ જેવો અહેસાસ થાય છે.

○ પ્રેમિકા પત્ની બન્યા પછી પ્રેમિકા મટી જાય છે, જયારે પત્ની આજીવન પત્ની બની રહે છે ! જેણે પ્રેમિકાને જ પત્ની બનાવવાની ભૂલ કરી છે એને આ તફાવતનો પ્રતિપળ સાક્ષાત્કાર થાય છે.. !

○ પત્નીને સાસુ- સસરા, દિયર - જેઠ, નણંદ- નણંદોઈનો સેટ ભેટમાં મળે છે અને ભેટને સાચવવામાં તે અપસેટ રહ્યા કરે છે, જયારે પ્રેમિકાને હીરા- મોતી ચાંદીના સેટ મળે છે, જેથી પ્રેમિકાનો ગેટ અપ આવે છે.

○ પત્ની અને પ્રેમિકા વચ્ચે એક અક્ષરનો તફાવત છે. પત્નીમાં અઢી અક્ષર છે. પ્રેમિકામાં સાડા ત્રણ અક્ષર છે. એક અક્ષરના ફરકની કિંમત જાણવી હોય તો કોઈ સુંદરીને ‘તારા વાળ સુંદર છે’ ને બદલે ‘તારા વાળ જ સુંદર છે,’ એવું કહી જોજો. એ એક અક્ષર ‘જ’ ‘જૂડો’ ન ‘જ’ બની જાય તો તમે તમે છો અને હું હું છું... બોસ, જાવ...!

○ પ્રેમિકા વેલની જેમવળગે છે, પત્ની વહેલની (માછલી) જેમ વળગે છે !!

○ પ્રેમિકા તહેવારની જેમ ભરી ભરી લાગે છે, પત્ની વહેવારની જેમઆકરી લાગે છે..!

○ પત્નીની વાણી શિર-વાણી લાગે છે, જયારે પ્રેમિકાની વાણી સરવાણી લાગે છે..!!

પરિણીત પુરુષના પ્રેમમાં પડીને એની ઉપપત્ની બનવાની જે ભૂલ કરે છે તેની સ્થિતિ છઠ્ઠી આંગળી જેવી થાય છે. ધ્યાનથી જોજો છઠ્ઠી આંગળીના હાથમાં કયારેય કોળીયો નથી આવતો..!! એ સદાય લટકતી જ રહે છે એ હલહલ કર્યા કરે છે એટલું જ એને કયારેય ઘરસંસારમાં સ્થિરતા મળતી નથી..!!

સાવધાન..! પરણેલી પત્નીઓને એક લોખંડ જેવી સુંવાળી સૂચના આપું છે કે પોત પોતાના પતિને ગમે ત્યાં ભટકવા માટે તમારું એનઓસી (નો ઓબ્જેશન સર્ટિફીકેટ) જરૂર આપો, પણ એ એનઓસીનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ કડક રીતે લાદજો.

છેલ્લો પણ છોતરા ઉખાડી નાંખે એવો તફાવત એ છે કે, પ્રત્યેક પ્રેમિકા પત્ની બનવાના અભરખા રાખે છે, અને પત્ની છૂટાછેડાના અભરખા રાખે છે..!!

આ તો કીધુ સાનમાં, રહેજો ભાનમાં...!!

છમ્મવડું - તફાવત તો લાંબો લખ્યો, એકાદ સામ્ય પણ થવા દો.. સામ્ય એક જ છે અને તે એ કે, બંને સ્ત્રીજાતિની છે.

Dineshbhai +98247 34555

Pooja Trading

Wholesale
Grain & Pulse Merchant...

16/5 Bhagunagar Society, L.H.Road, Surat-6. Ph.2541958



## સ્વાસ્થ્ય

# યોગઃ લાભ તથા સૂચનો

સ્વામી અધ્યાત્માનંદ

યોગાચાર્ય તરીકે સમગ્ર વિશ્વમાં જાણીતા સ્વામી અધ્યાત્મનંદજી આ લેખામાં યોગના લાભ બતાવે છે અને કેટલાંક સૂચનો પણ કરે છે. આજના જમાનાનું એક નવું સૂત્ર છે : તનાવ વિના વિકાસ શક્ય જ નથી. દોડધામવાળી જિંદગી અને લાખો આકારનું અને પ્રકારના ટેન્શનથી છલકાતું આપણું આ જીવન. એમાં શાંતિ અને સ્વસ્થતા માટે યોગ સૌથી વધુ ઉપયોગી છે.

યોગ શબ્દને વાગોળતાં આપણે એટલી સમજણ કેળવી જ શકીએ કે યોગ ઉપકારક તત્વ છે, અને તેનું તારણ આ પ્રમાણે કાઢી શકાય.

૧. યોગ દ્વારા સ્વયંચાલિત અને કેન્દ્રચાલિત સ્નાયુઓ મજબૂત બને છે; તેમની કાર્યક્ષમતા વધે છે. માંસપેશીઓ વધુ સક્ષમ બને છે અને તે વધુ સહનશીલ બને છે.

૨. શારીરિક ક્ષમતા સાથે તનાવરહિતતા અને તનાવ સામે પ્રતિકાર કરવાની ક્ષમતા વધે છે.

૩. સ્થૂળતા નિયંત્રિત થાય છે.

૪. હૃદયને મસાજ મળે છે.

૫. શરીર અને મન બંને સ્વસ્થ અને તાજા રાખે છે.

૬. શ્વસનતંત્ર સબળ બનાવે છે અને સંવેદનતંત્રને સંતુલિત કરે છે.

૭. હૃદયની કાર્યક્ષમતા વધારે છે, રુધિરાભિસરણની ક્રિયામાં નિયમન થાય છે અને હૃદય વધુ સતર્કપણે કાર્યશીલ બને છે.

૮. મસ્તિષ્ક અને અંતઃસ્ત્રાવ ગ્રંથિઓ આસનોની તથા પ્રાણાયમની અસર વડે પ્રાપ્ત, નિયમિત રક્તસંચારને કારણે સંવેદનગ્રંથિઓ, સ્નાયુઓ, રક્તવાહિનીઓ, માંસપેશીઓની પરસ્પર સંવેદનશીલતામાં સુચારુતા વધુ સારી રીતે થાય છે અને તેના કારણે આસન, પ્રાણાયમ, ધ્યાનના અભ્યાસીની વ્યક્તિગત કાર્યક્ષમતા અને કાર્યકુશળતા ખૂબ જ સારી થાય છે.

૯. ધોરી નસ તૂટે તો તેનો રક્તપ્રવાહ તાત્કાલિક બંધ થાય, ગ્લુકોઝની કાર્યક્ષમતા વધુ સક્ષમ થાય, શરીરનો મેદ ઘટે, કોલેસ્ટ્રોલ ઘટે, પરિશ્રમવગર દીર્ઘાયુ અને સ્વાસ્થ્યની ભેટ મળે.

પરંતુ આ બધુ જયારે મળતું હોય ત્યારે આવશ્યક કાળજી રાખવાની પણ અત્યંત આવશ્યકતા હોય છે; જેની પૂરેપૂરી તકેદારી રાખવાથી યોગ અભ્યાસનો વિપુલ માત્રામાં અને યોગ્ય લાભ મેળવી શકાય.

**આટલું અવશ્ય ધ્યાનમાં રાખોઃ-**

૧. યોગ- અભ્યાસ ગોડબજાણીયાની જેમ ઉજઝૂડિયાવેડા કરીને કરવો નહિ, વાનરવેડા કરવા નહિ.

૨. સાધારણ રીતે નાક વાટે જ શ્વાસ લેતાં યોગાભ્યાસ કરવો.

૩. અલગ અલગ આસનો પછી શવાસન, મકરાસન વગેરે શિથિલીકરણ આપતાં વિવિધ આસનોનો અભ્યાસ અવશ્ય કરવો.

૪. પરિશ્રમપડે તેમ ઉતાવળે કોઈ આસનો કરવા નહીં. તનાવ ઉપજે તેમઅભ્યાસ કરવો નહિ.

૫. શ્વાસોશ્વાસના સાક્ષી બની રહો.

૬. આસનો ખૂબ જ શાંતિથી, સરળતાથી અને હરીફાઈ કે સ્પર્ધાની વૃત્તિ વગર કરવા.

૭. જયારે મન સ્વસ્થ, શાંત, પ્રસન્ન અને તાજગી અનુભવતું હોય ત્યારે જ આસનો કરવા.

૮. યોગાભ્યાસ સમયે હળવાં, સ્વચ્છ અને ઢીલાં કપડાં પહેરવા.

૯. હળવાં અથવા તો ખાલી પેટે અભ્યાસ કરવો.

૧૦. સવારે કસરત કરવી હોય તો સારી રીતે નાહ્યા બાદ કરવી, સ્નાન વધુ તાજગી અને કસરતો વધુ આનંદ આપશે..


૧૧. વ્યક્તિગત અને સામાજિક અનુશાસન યમએટલે અહિંસા, સત્ય, અસ્તેય (ચોરી ન કરવી), બ્રહ્મચર્ય (સારા વિચાર, સારું વર્તન, સારો વ્યવહાર) અપરિગ્રહ (સંગ્રહખોરી ન કરવી) તથા નિયમ એટલે શોચ (આંતર- બાહ્ય શુદ્ધિ) સંતોષ તપ, સ્વાધ્યાય (આત્મવિશ્લેષણ) ઈશ્વર પ્રણીધાન (ઈશ્વર- શરણાગતિ) નો અભ્યાસ મુમુક્ષુના જીવનને નિર્મળ અને સાચા અર્થમાં યૌગિક જીવનની દીક્ષા આપશે.

**યૌગિક ઉપચારઃ-**

કોઈપણ રોગના ઉપચાર માટે યોગવિદ્યા અને યૌગિક જ્ઞાનના અભ્યાસ પૂર્વે તમો જે કાંઈ કરવા માંગો છો, તે સંબંધી તમામતબીબી જ્ઞાન ધરાવતા યોગશિક્ષક અને તબીબ (ડોકટર) બંનેની સલાહ પછી જ અભ્યાસ શરુ કરવો. દા.ત. ભારતના આર્મી અધિકારીઓની તાલીમનું એક મોટુ થાણું નોર્ધન કમાન્ડ ઉધમપુરમાં છે. ત્યાના વરિષ્ઠ આર્મી અધિકારીના સેવકને કલાકો સુધી ટાઈપ મશીન પર કામકરવાથી સર્વાઈકલ સ્પોન્ડીલોસિસ થયેલું. કોઈ અઢી ડાહ્યા માણસે કહ્યું કે "આ રોગમાં તો યોગાભ્યાસ જ સહાય કરી શકે." આટલી વાત તો સાવ સાચી છે પરંતુ આગળનું વૈદું આડું ઉતરે તેવું હતું. દુર્ભાગ્યે તેમણે બતાવ્યું કે તમામ આસનોમાં શ્રેષ્ઠ આસન શીર્ષાસન અને સર્વાગાસન છે, આ બંને આસન હું છેલ્લા ૩૫ વર્ષથી નિયમિત રીતે કરુ છું. જુઓ કેટલો સ્વસ્થ છું. આ વાત ઉચિત હતી, પરંતુ જે ગોટાળો થયો તે એ કે, "તમો પણ આ શીર્ષાસન અને સર્વાંગાસન આસન કરો" તે બાબત આ સર્વાઈકલ સ્પોન્ડીલોસિસના દર્દી માટે આ બંને આસન કરવા તે હાઈ ડાયાબિટીસના રોગીને ચાર કપ આઈસ્ક્રીમપ્રેમથી ખવડાવવા જેવી વાત છે, અને ખરેખર જે ન થવાનું હતું તે જ થયું. આર્મી અધિકારીના નિજી સચિવ ખૂબ જ પીડાયા. આમરોગના ઉપચાર માટે યોગનો અભ્યાસ ઊંટવૈદ્યની જેમન કરવો. યોગ અને તબીબ જ્ઞાનની માહિતી ધરાવતી વ્યક્તિના માર્ગદર્શન સાથે અને તેમની સલાહ પ્રમાણે જ કરવો.

**યૌગિક સારવારઃ-**

યૌગિક સારવાર માટે જે મૂળ આવશ્યક વાત છે તે એ છે કે તબીબી સહાય, ભોજનમાં કાળજી અને યૌગિક વ્યાયામઆ ત્રણેય સાથે મળે તો જ સારવારનો લાભ થઈ શકે.



જો રોગી ગહન માંદગીમાં હોય તો યૌગિક ઉપચાર ન થઈ શકે. જયારે બિમારી પ્રથમતબક્કે હોય કે રોગી સાજો થવામાં હોય ત્યારે બંને અવસ્થામાં યૌગિક સારવાર સહાય કરે છે. ધૈર્યપૂર્વક, પ્રાર્થના સાથે થતો પ્રમાણીક યોગ- અભ્યાસ અદ્ભૂત સહાયપ્રદ નિવડે છે. ઓમઃ શાંતિઃ



## રમૂજ

સંકલન : આલાપ તન્ના

૧ પત્ની : હવે તમારે રાત્રે મારી બાજુ મોઢું રાખીને સૂઈ જવાનું, મને બહુ બીક લાગે છે...
પતિ : પણ પછી આખી રાત મને બીક લાગ્યા કરે એનું શું ?

૨ છોકરો : ચલતે ચલતે યુહી રુક જાતા હું મેં, બેઠે બેઠે યું હી ખો જાતા હું મેં, ક્યાં યહીં પ્યાર હે ?
છોકરી : ડોબા, આ પ્યાર નથી, નબળાઈ આવી ગઈ છે.

૩ વડોદરામાં પપ્પુની પત્ની મરી ગઈ. તેનો મિત્ર તેને શાંત કરી રહ્યો હતો.
મિત્ર : જો ભાઈ જે થવાનું હતું તે થઈ ગયું,હવે તારી જાતને સંભાળ.
પપ્પુ : (રડતા રડતા) જલ્દીથી મારું લેપટોપ લઈ આવ.
મિત્ર : કેમ?
પપ્પુ : (રડતા રડતા) ફેસબુકમાં "મેરીડ"નું સ્ટેટસ ચેન્જ કરીને "સિંગલ" કરવું છે.

૪ કંડક્ટર : કેમ છોકરા, દરવાજે કેમ ઊભો છે ? તારા બાપા ચોકીદાર છે કે શું ?
છોકરો : તમે રોજેરોજ બધા પાસે પૈસા કેમ માંગો છો ? તમારા બાપા ભિખારી છે કે શું ?

૫ નડિયાદમાં એક થાંભલા પર બે ઈલેક્ટ્રિક વાયર હતા.
તેમને એક બીજા સાથે પ્રેમથઈ ગયો. બોલો એને શુ કહેશો ?
વિચારો વિચારો...
જલ્દી કરો યાર...
અરે કેટલી વાર...
કોઈ વાત ધ્યાનમાં આવે છે ?
.
.
.
.
અરે સિમ્પલ યાર,એને કરન્ટ અફેર કહીશું.

૬ એક વ્યક્તિ અમદાવાદમાં રાત્રે બે વાગ્યે ડોકટરનું બારણું ખખડાવીને કહે, સાહેબ, મારી પત્ની બહુ જ બીમાર છે. તમે તુરંત ગાડી લઈને મારા ઘરે આવો...
ડોકટર કહે, મારી વિઝીટ ફી ૩૦૦ રુપિયા છે, ખબર છે ને ?
પેલી વ્યક્તિ કહે, હા સાહેબ મને ખબર છે.. તરત જ ડોકટરે મારુતી કાઢી અને તે વ્યક્તિને બેસાડીને ૧૫ કિલોમીટર સુધી લઈ ગયો..
ડોકટર કહે, કહે, તમારુ ઘર કયાં છે? .. દર્દી ક્યાં છે?
પેલી વ્યક્તિ કહે, હા... બસ આવી ગયું.. અહીં જ ગાડી ઉભી રાખો.
તે વ્યક્તિ ત્યાં જ ઉતરી ગઈ અને ડોકટરને ૩૦૦ રુપિયા આપી દીધા.
પેલી વ્યક્તિએ કહ્યું, આ તો રીક્ષાવાળો ૬૦૦ રુપિયા કહેતો હતો અને તમે ૩૦૦માં આવી ગયા.. હવે તમે જાવ.. આભાર...
ડોકટર પણ બોલી ઉઠયા, આ તો સાલો પાક્કો અમદાવાદી નીકળ્યો..

૭ સંતાને સપનામાં એક છોકરીએ ચપ્પલ માર્યું.
બે દિવસ સુધી સંતા પોતાની બેંકમાં ના ગયો.
કેમકે, બેંકમાં લખ્યું હતું કે,
હમઆપકે સપનો કો હકીકતમે બદલ દેતે હૈ...!!

૮ પત્ની : સવાર સવારમાં મારા મોઢાં ઉપર પાણી કેમ નાંખો છો..?
પતિ : તારા બાપાએ વિદાય વખતે કહ્યું હતું કે, મારી દીકરી ફૂલ જેવી છે, જો જો સૂકાઈ ના જાય.

૯ ભક્ત : પ્રભુ ..! એવી પત્નીને શું કહેવાય જે સુંદર હોય, સુશીલ હોય, સમજદાર હોય... રસોઈ પણ ટેસ્ટી બનાવતી હોય....
ભગવાન : (આંખો બંધ કરીને) અફવા...!!

૧૦ બોયફ્રેન્ડ : હું તને કયારે ફોન કરું ?
ગર્લફ્રેન્ડ : જયારે તું ઈચ્છે ત્યારે....
બોયફ્રેન્ડ : મેં તને કાલે સવારે કોલ કર્યો હતો...
ગર્લફ્રેન્ડ : એવું... પણ હું એટલી જલ્દી હું ઉઠતી જ નથી..
બોયફ્રેન્ડ : સારું, હું કાલે ૧૧ વાગ્યે કોલ કરીશ..
ગર્લફ્રેન્ડ : ના. ત્યારે તો પપ્પા ઘરે હોય...
બોયફ્રેન્ડ : તો હું બે વાગ્યે ફોન કરીશ..
ગર્લફ્રેન્ડ : નહિ.. ત્યારે તો લંચ ટાઈમહોય ને....
બોયફ્રેન્ડ : તો પછી પાંચ વાગ્યે કરીશ...
ગર્લફ્રેન્ડ : નહિ, ત્યારે તો હું મારી ફેવરીટ સિરિયલ જોતી હોઈશ...
બોયફ્રેન્ડ : તો હું રાત્રે કોલ કરીશ.. બસ..
ગર્લફ્રેન્ડ : નહિ, રાતે તો બધા ઘરે હોય ને...!
બોયફ્રેન્ડ : તો પછી હું કોલ કયારે કરું....??
ગર્લફ્રેન્ડ : જયારે તું ઈચ્છે ત્યારે...

૧૧ ગવર્મેન્ટ કહે છે એક છોકરીને ભણાવીશું તો એ ઘરના ચાર લોકોને શિક્ષિત કરશે..
પણ એ છોકરી ભણતી વખતે કોલેજના ૪૦ છોકરાને ફેલ કરાવે તેનું શું ?

૧૨ સંતા અને બંતા પાણી પીવા ગયા.ગ્લાસ ઉંધો પડેલો હતો.
સંતા : અરે, આનું તો મોંઢું જ બંધ છે..!!
બંતા : હા, યાર...! નીચેથી પણ તૂટેલો છે..

૧૩ રાકેશ તેની સામે પેપ્સી મૂકીને ઉદાસ બેઠો હતો.
એક મિત્ર આવ્યો, તેણે પેપ્સી પીધી ને પછી બોલ્યો, કેમ ઉદાસ છે, યાર..!
રાકેશ બોલ્યો, આજે તો દિવસ જ ખરાબ છે...યાર, સવારે વાઈફ સાથે ઝઘડો થયો ઓફિસે જતાં રસ્તામાં કાર ખરાબ થઈ ગઈ. ઓફિસે મોડો પહોંચ્યો એટલે બોસ, ગુસ્સે થયા અને મને સસ્પેન્ડ કરી દીધો. હવે જયારે પેપ્સીમાં ઝેર નાંખીને પીવા જતો હતો ત્યાં તુ પી ગયો...

૧૪ પપ્પાએ છોકરાને પૂંછયું કે બોલ બેટા
ચાર પછી શું આવે ?
છોકરો બોલ્યોં પાંચ,
છ અને સાત આવે...!!
પપ્પા : શાબાશ બેટા..
હવે બોલ સાત પછી
શું આવે?
છોકરો કહે, આઠ,
નવ અને દસ.....
પપ્પા બોલ્યા..
વેરી ગૂડ બેટા....
હવે બોલ દસ પછી
શું આવે ?
છોકરો કહે ગલ્લો,
રાણી ને બાદશાહ..
ને એક્કો.!!



## પ્રેરણાનું ઝરણું

# આપણી જાતને તપાસીએ

ડૉ. જીતેન્દ્ર અઢિયા

હું માનું છું કે તમે દરેક સખત મહેનત કરો છો. પણ તમે તમારી જાતને ક્યારેય એવો સવાલ પૂછ્યો છે કે હું આ મહેનત શું કામ કરું છું ? મારે જિંદગીમાં શું જોઈએ છે ? કદાચ આ સવાલ તમારી જાતને પૂછવાનું ક્યારેય નહીં બન્યું હોય ! કોઈ વાંધો નહી. આજે તમે તમારી જાતને આ સવાલ પૂછો કે હું શા માટે સખત મહેનત કરું છું. થોડીવાર માટે આંખ બંધ કરી અંદરથી જવાબ મેળવવાની કોશિશ કરો અને જુઓ કે શું જવાબ આવે છે.

એક દિવસ મેં પણ મારી જાત પાસેથી આ સવાલના જવાબ મેળવવા પ્રયત્ન કરેલ ત્યારે મને નીચે પ્રમાણે જવાબ મળ્યા હતા. હું એટલા માટે મહેનત કરું છું કે કારણ કે મારે સફળતા મેળવવી છે, સુખ મેળવવું છે અને મનની શાંતિ મેળવવી છે. તમે પણ કદાચ આ જ જવાબ મેળવ્યા હશે. હકીકતમાં દરેક વ્યક્તિ જાણ્યે-અજાણ્યે આ ત્રણ ઉપલબ્ધિ મેળવવા માટે જ મહેનત કરતો હોય છે. પણ બીજો સવાલ એ છે કે જે પણ વ્યક્તિ સખત મહેનત કરે છે તે દરેક વ્યક્તિને ત્રણે-ત્રણ ઉપલબ્ધિ પ્રાપ્ત થશે જ એવી ખાતરી છે ? ના. દરેક વ્યક્તિને આ ત્રણેય ઉપલબ્ધિ પ્રાપ્ત થવી મુશ્કેલ છે. આના શું કારણો હશે ? તમે ક્યારેય વિચાર્યું છે ?

- શું આનાં કારણો કંઇક આવા છે ?
- કારણ કે વ્યક્તિ ખોટા દેશમાં જન્મ્યો છે ?
- કારણ કે વ્યક્તિ ખોટા ગામમાં જન્મ્યો છે ?
- કારણ કે વ્યક્તિ ખોટા કુટુંબમાં જન્મ્યો છે ?
- કારણ કે વ્યક્તિ ખોટા ગ્રહની અસર નીચે જન્મ્યો છે ?
- કારણ કે વ્યક્તિ મંદબુદ્ધિવાળો છે ?
- કારણ કે અત્યારે કળિયુગ ચાલે છે ?

ના. મને નથી લાગતું કે આમાંનું કોઈ કારણ આને માટે જવાબદાર હોય. આનું કારણ એ જ છે કે આપણે સૌ આ બધી ઉપલબ્ધિઓ માટે સખત મહેનત (હાર્ડ વર્ક) કરીએ છીએ પણ ખરેખર તો આપણે આના બદલે શાર્પ વર્ક અને સ્માર્ટ વર્ક કરવું જોઈએ.

તો આ શાર્પ વર્ક અને સ્માર્ટ વર્ક શું છે ? તમને ખબર છે ? ચાલો હું તમને જણાવું...


શ્રી રાધેશ્યામ ટ્રેડર્સ

અનાજ, કઠોળ, બેસન તથા
ખાંડના જથ્થાબંધ વેપારી
બારેમાસ ભરવા લાયક સૌરાષ્ટ્રનું
શુદ્ધ સીંગતેલ મળશે.



(O) 2543185 / 2547544

૨/૩, સરોવર પેલેસ, રંગઅવધુત ચાર રસ્તા,
માતાવાડી, સંત તુલસીદાસ ગાર્ડન સામે, લંબે હનુમાન રોડ, સુરત.

Wholesale of
Moulded Luggage

Galaxy
MARKETING

16/2 Bhagunagar Society, L.H.Road SURAT-395006


## જ્ઞાન ચકાસો

અનિતા તન્ના

૧. યજ્ઞ,હોમકે હવન માટે તૈયાર કરવામાં આવતી માટીની ઓટલીને શું કહેવાય?
(૧) વેરાક (૨) વારિક (૩) વેજી (૪) વેદી

૨. ઘર આગળની ખુલ્લી જગ્યા,પરસાળ માટેનો બીજો શબ્દ કયો?
(૧) ચોપાટ (૨) ચોબાજુ (૩) ચોપાડ (૪) ચોપાયો

૩. ગુજરાતના કુલ કેટલા જિલ્લા છે?
(૧) ૨૮ (૨) ૨૫ (૩) ૩૩ (૪) ૩૧

૪. ગુજરાતની કઈ બાઈનું ભજન જાણીતું છે?
(૧) મીરાંબાઈ (૨) પાનબાઈ (૩) સરજુબાઈ (૪) અમરબાઈ

૫. સોડા બાય કાર્બોનેટનું ગુજરાતી નામકહો.
(૧) કડીખાર (૨) પાપડખાર (૩) સરકો (૪) મીઠું

૬. ભારતના ચાર યાત્રાધામમાંથી એક યાત્રાધામ ગુજરાતમાં છે.
(૧) ડાકોર (૨) સોમનાથ (૩) અંબાજી (૪) દ્વારકા

૭. મોરારી બાપુ કથાકાર બન્યા એ પહેલાં શું હતા?
(૧) વેપારી (૨) સરપંચ (૩) હિસાબનીશ (૪) શિક્ષક

૮. મહભારતના રચયિતા કોણ?
(૧) વાલ્મીકી (૨) તુલસીદાસ (૩) વેદવ્યાસ (૪) સુરદાસ

૯. સ્ત્રીઓને ગળામાં પહેરવાનું એક ઘરેણું?
(૧) હીરલો (૨) હાંસડી (૩) હાકલી (૪) હાલી

૧૦. સુદામાપૂરી આજે કયાં નામે ઓળખાય છે?
(૧) સુરત (૨) જામનગર (૩) પોરબંદર (૪) નડિયાદ

૧૧. ગાંધીબાપુએ દાંડીયાત્રાની શરૂઆત ક્યાંથી કરી હતી?
(૧) કોચરબ આશ્રમ (૨) સાબરમતી આશ્રમ
(૩) દાંડી આશ્રમ (૪) વર્ધા આશ્રમ

૧૨. સાડીની સરેરાશ લંબાઈ કેટલી હોય?
(૧) ચાર મીટર (૨) છ વાર (૩) નવ હાથ (૪) પાંચ મીટર

૧૩. ઓલા પાટણ શેરી ની રે----------------ઉપરની લીટી પૂરી કરો.

૧૪. ગુજરાતનું કયું સ્થળ દુનિયાના વારસા (heritage)ની યાદીમાં સ્થાન પામ્યું છે?
(૧) પ્રભાસ પાટણ (૨) વડનગર (૩) ચાંપાનેર (૪) ગીરનાર

૧૫ કાશીનું મરણ------------- આ કહેવત પૂરી કરો.


Shree Shaileshbhai B. Sonpal
Mob. : 98986 52163
Anjali Patel
Store Manager

SAMSUNG

સુરતમાં સેમસંગ સ્માર્ટ ફોન ખરીદવા માટેનું
એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ

SAMSUNG
SMARTPHONE CAFE

અખિલ ગુજરાત લોહાણા સમાજના
ગુજરાતના યુવા પ્રમુખ તરીકે સુરતના અમારા મિત્ર
શ્રી જીજ્ઞેશભાઈ કિશોરભાઈ ભજીયાવાલા
(વડેરા)ને નિયુક્ત કરવા બદલ સોનપાલ પરિવાર
તરફથી અખિલ ગુજરાત લોહાણા સમાજના
તમામ હોદ્દેદારોનો
આભાર અને અભિનંદન




Shop No. 113, Iscon Mall,
Opp. Rajhans Cinema,
Dumas Road, Surat - 395 007
Phone - 0261 2210100

# શાર્પ વર્ક

**શાર્પ વર્ક એટલે શું એ આપણે એક સરસ વાર્તા દ્વારા સમજીએ.**

એક નાના ગામમાં એક યુવાન માણસ રહેતો હતો. તે બેકાર હતો. કામની શોધમાં આમથી તેમ ભટકતાં - ભટકતાં તે એક ટીમ્બર કેમ્પ (લાકડાં કાપવાનું કારખાનું) પાસેથી પસાર થઈ રહ્યો હતો. ત્યાંના મેનેજરે તેને ઉભો રાખીને પૂછ્યું કે તું અહીં શું કામફરી રહ્યો છે ? પેલા માણસે જવાબ આપ્યો. સાહેબ, હું કામની શોધમાં છું. મને કાંઈ કામ આપશો ? મેનેજરે તેનું સુદ્દઢ શરીર જોઈને પૂછ્યું તું ઝાડ કાપવાનું કામ કરીશ ? પેલા યુવાને ખુશ થઈને કહ્યું, હું એ કામખુશીથી કરીશ કારણ કે મારે તો મારા કુટુંબ માટે પૈસાની જરૂર છે.

પેલા મેનેજરે આ યુવાન માણસને એક નવી નક્કોર કુહાડી આપી અને બીજા દિવસથી કામપર આવવા સૂચન કર્યું. બીજે દિવસે સવારે યુવાન માણસે નવી કુહાડી સાથે કામશરૂ કર્યું અને એક જ દિવસમાં સાત ઝાડ કાપી નાખ્યાં. બીજે દિવસે ફરી પાછું એ જ કુહાડી સાથે એટલું જ કામકર્યું પણ છ ઝાડ કાપ્યા. ત્રીજે દિવસે એ જ કુહાડી સાથે એટલું જ કામકરીને પાંચ ઝાડ કાપ્યાં. આમદિવસેને દિવસે ઝાડ કપાવાની સંખ્યા ઘટતી ગઈ.

સાતમાં દિવસે પેલો મેનેજર રાઉન્ડ પર હતો ત્યારે તેમણે આ યુવાનને જોઈને પૂછ્યું કે છેલ્લા સાત દિવસમાં તારા કામનું પરિણામ ઘટતું કેમજાય છે ? પેલા યુવાને મૂંઝવાઈને જવાબ આપ્યો સાહેબ હું તો છેલ્લા સાત દિવસથી સખત મહેનત કરું છું. એટલા કલાકો માટે જ કરું છું જેટલા કલાક મેં પહેલા દિવસે કરેલું અને આ સાતે-સાત દિવસ આપે આપેલી એ જ કુહાડીનો મેં ઉપયોગ કર્યો છે. મને પણ સમજાતું નથી કે આમકરવા છતાં પણ મારું પરિણામ કેમ ઘટતું જાય છે ?

મેનેજરે તેને બીજો સવાલ પૂછ્યો કે સાત દિવસમાં તેં ક્યારેય પણ આ કુહાડીની ધાર કાઢી હતી ખરી ? પેલો યુવાન થોડો ઝંખવાણો થઈને કહે છે ના સાહેબ હું મારા કામમાં એટલો બધો મશગૂલ હતો કે મને એ વાતનો ખ્યાલ જ ન રહ્યો કે મારે મારી કુહાડીની ધાર કાઢવાની જરૂર છે. મેનેજરે તેને સ્મિત સાથે એક સલાહ આપી કે હે યુવાન તું હાર્ડ વર્ક કર એ જરૂરી છે પણ એના કરતાં વધારે જરૂરી છે - શાર્પ વર્ક.

તમને બધા વાચકોને મારો સવાલ છે કે તમે હાર્ડ વર્ક કરો છો કે શાર્પ વર્ક કરો છો ? શું તમે તમારી કુહાડીની ધાર કાઢો છો ? કદાચ તમને એ પણ ખ્યાલ નહીં હોય કે હું કઈ કુહાડીની વાત કહી રહ્યો છું. હા - પરમાત્માએ આપણને આપણા લક્ષ્ય સુધી પહોંચાડવા બે કુહાડીઓ આપી છે. એક છે આપણું શરીર અને બીજી છે આપણું મન. આ બંને કુહાડીઓની સમયાંતરે નિયમિત રીતે ધાર કાઢતા રહેવું જરૂરી છે. જો તમે આ રીતે ધાર કાઢવાની આદત પાડશો તો ચોક્કસ તે ધારદાર કુહાડી તમને ઈચ્છિત પરિણામઆપશે અને તમે તમારા લક્ષ્ય સુધી પહોંચી શકશો.



**જ્ઞાન ચકાસો**

| | | | |
|---|---|---|---|
| ૧ | ૪ | ૯ | ૨ |
| ૨ | ૩ | ૧૦ | ૩ |
| ૩ | ૪ | ૧૧ | ૨ |
| ૪ | ૨ | ૧૨ | ૪ |
| ૫ | ૨ | ૧૩ | મારે થાઉં પદમણી નાર |
| ૬ | ૪ | ૧૪ | ૩ |
| ૭ | ૪ | ૧૫ | સુરતનું જમણ |
| ૮ | ૩ | | |



# સ્માર્ટ-વર્ક

સ્માર્ટ-વર્ક એટલે શું ? આ સવાલ હું મારા લાઈવ પ્રોગ્રામમાં જ્યારે શ્રોતાઓને પુછું છું ત્યારે મને જુદા જુદા જવાબો મળતા હોય છે.

મારા મતે સ્માર્ટ-વર્ક એટલે સાચી દિશાની મહેનત અને સાચી રીતની મહેનત. આપણે જે પણ કાંઈ કામકરીએ છીએ તે જો સાચી દિશાનું હશે અને તે મહેનતની રીત પણ સાચી હશે તો આપણે સ્માર્ટ-વર્ક કર્યું ગણાશે.

**સાચી દિશાની મહેનત**

સાચી દિશાની એટલે કઈ દિશાની મહેનત ? સાચી દિશાની મહેનત એટલે આપણે લક્ષ્ય તરફની મહેનત. એનો મતલબ એ થયો કે જો આપણે નિર્ધારીત લક્ષ્ય સાથે જીવન જીવતા હોઈએ તો એ લક્ષ્યની દિશામાં જ આપણે મહેનત કરીશું અને જો લક્ષ્ય નહીં હોય તો કામની કોઈ દિશા નહીં હોય અને આપણી મહેનત વેડફાઈ જશે.

એક બાળક નિશાનબાજીની રમત રમતો હતો. હાથમાં તીર લઈ કોરી દિવાલ પર મારતો અને તે તીર દિવાલમાં જ્યાં પણ લાગે ત્યાં તીરની આજુબાજુ ગોળ ચક્કર બનાવી ખુશ થતો કે પોતે ચોક્કસ જગ્યાએ તીર લગાવ્યું છે અને તાળીઓ પાડતો. શું આ રીતે નિશાનબાજીની રમત રમાય ? તમે હસીને કહેશો કે - ના આ બાળક તો મૂર્ખ હતો. તેને ખબર જ ન હતી કે પહેલા ગોળ ચક્કર બનાવાય અને પછી એ ચક્કરને સામે રાખી તીર ફેંકાય અને જો તીર ચક્કરના વચ્ચે લાગે તો પોતે સફળ થયો ગણાય અને ખુશ થઈને તાળીઓ પડાય. સાચી વાતને ?

મારે દુઃખ સાથે આપને એક વાત કહેવી છે કે આપણામાંના મોટાભાગના લોકો જિંદગીની રમત આ બાળકની રીતથી જ રમતા હોય છે. કોઈપણ દિશામાં મહેનત શરૂ કરી દે છે અને જે કાંઈ પ્રાપ્ત થાય તેનાથી ખુશ થઈ પોતાની જાતને ધન્ય માને છે. પેલા બાળકની ભૂલ તો સુધારી શકાશે કારણ કે નિશાનબાજીની રમત તો જિંદગીમાં અસંખ્ય વખત રમી શકાય છે. પણ આપણી જિંદગીની રમત પરમાત્માએ એક જ વાર રમવા આપી છે. આપણી જિંદગીમાં આ ભૂલ અક્ષમ્ય હોય છે.

જીવનમાં સફળ થવા માટે દરેકને પોતાનું ચોક્કસ ધ્યેય હોવું જરૂરી છે. જીવનમાં જો ધ્યેય જ નહિં હોય તો તમારો આત્મવિશ્વાસ, મહેનત, ધીરજ, આ બધા ગુણોનો ઉપયોગ શેના માટે કરશો ? દુનિયાના ઘણા દેશોની યુનિવર્સિટીમાં ત્યાંથી જ પાસ થયેલા સ્નાતકોમાં એક પ્રશ્નોત્તરી દ્વારા ખ્યાલ આવ્યો કે આ વિદ્યાર્થીઓમાંથી ૧૦ ટકાથી પણ ઓછા લોકો પાસે ચોક્કસ ધ્યેય હતું.

આપણી કમનસીબી છે કે અભ્યાસક્રમ આપણને ઘણુંબધું શીખવે છે પણ આપણું પોતાનું ચોક્કસ ધ્યેય (ગોલ) શું હોવું જોઈએ અને તેને કઈ રીતે પ્રાપ્ત કરવું તે શીખવતું નથી.

તમારે જો જીવનને સફળ અને સાર્થક બનાવવું હોય તો તમારા જીવનનું ચોક્કસ ધ્યેય નક્કી કરી લેજો.

સાચી રીતની મહેનત

સાચી રીતની મહેનત એટલે કે આપણી શક્તિઓને ઓળખી તેનો વૈજ્ઞાનિક રીતે ધ્યેય પ્રાપ્તિ માટે ઉપયોગ. આપણા જીવનમાં ધ્યેય નક્કી કર્યા પછી તેને પ્રાપ્ત કરવા કુદરતે આપણને બે શક્તિઓ આપેલી છે. શરીરની શક્તિ અને મનની શક્તિ. ઊંચા લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે આપણે આપણામાં જ રહેલી મનની શક્તિઓને સમજવાની જરૂર છે અને તેનો વ્યવસ્થિત ઉપયોગ કરવાની જરૂર છે.

મન શું છે ? તેનાં કાર્યો તથા કાર્યપદ્ધતિ શું છે ? તેને આપણા ભલા માટે કઈ રીતે વાપરી શકાય એ વિશે સમાજમાં ખૂબ જ અજ્ઞાનતા પ્રવર્તે છે. તો ચાલો એ બધી અજ્ઞાનતા દૂર કરીએ.



# આયુર્વેદ જીવન શૈલી

વૈદ્ય ભવદિપ ગણાત્રા

## (શરતો લાગુ - દીર્ઘ અને સ્વસ્થ આયુષ્ય ઇચ્છતા બુધ્ધિશાળી નાગરિકો માટે)

ધર્મ - અર્થ - કામ- મોક્ષ નું મૂળ આરોગ્ય છે અને આરોગ્યનું મૂળ આયુર્વેદ વિજ્ઞાન છે. ૫૦૦૦ થી પણ વધુ વર્ષોના અનુભવ સાથે સમયની એરણ પર સાબિત થયેલ "આયુર્વેદની વૈજ્ઞાનિક હેલ્થ ટીપ્સ" ખાસ આપના માટે...

**૧. આયુર્વેદ લાઈફ સ્ટાઈલ ફેકટર :**

- દરરોજ સૂર્યોદય પહેલાં ઊઠી જવું.
- નરણાં કોઠે ૧ થી વધારે ગ્લાસ હુંફાળું ગરમપાણી પીવું.

તેનાથી થતા ફાયદા

- કુદરતી આયુષ્ય સંપૂર્ણ જળવાયેલું રહે છે.
- કફ દોષથી થતાં દરેક રોગોથી બચી શકાય છે.
- શરીર-મન ખૂબ જ ઉત્સાહથી ભરેલાં રહે છે.

**૨. આયુર્વેદ લાઈફ સ્ટાઈલ ફેકટર :**

- દરરોજ સવારે તલનાં હુંફાળા તેલથી માથામાં, કાનની અંદર-બહાર અને પગનાં તળિયામાં ૧૫ મિનીટ સુધી માલીશ કરવું. જો સમય હોય તો આખા શરીરે માલીશ કરવું. પછી તડકામાં ૧૦-૧૫ મિનીટ બેસી ત્યારબાદ હુંફાળા ગરમપાણીથી સ્નાન કરવું.

**તેનાથી થતા ફાયદા :**

- મોટી ઉંમર સુધી યુવાન રહેવાય છે. ઘડપણ પાછું ઠેલાય છે.
- સાંધાના દુઃખાવા, વાયુના રોગો, મગજની બિમારીઓ, ચેતાતંત્રના રોગોથી બચી શકાય છે.
- માથાનો દુઃખાવો, સાયનુસાઈટીસ, માઈગ્રેઈન, આધાશીશીથી બચી શકાય છે.
- વાળ કાળા રહે છે.
- ચામડી અત્યંત તેજસ્વી રહે છે.



- લોહીનું પરિભ્રમણ જળવાયેલું રહે છે.

**૩. આયુર્વેદ લાઈફ સ્ટાઈલ ફેકટર :**

- પરસેવો વળે ત્યાં સુધી - તેટલી માત્રામાં કસરત દરરોજ કરવી. જેમાં ચાલવું / દોડવું / યોગના આસનો / સ્પોર્ટસ્ વગેરેમાંથી કોઈપણ પસંદ કરી શકાય.

**તેનાથી થતાં ફાયદા :**

- ડાયાબિટીસ, બ્લડપ્રેશરના રોગો, મેદસ્વિતા, કોલેસ્ટેરોલ, હૃદયના રોગો, સ્ટ્રેસ, ડિપ્રેશન વગેરે રોગોથી બચી શકાય છે.

**૪. આયુર્વેદ લાઈફ સ્ટાઈલ ફેકટર :**

- ભૂખ વિના જમવું નહિ.
- ભૂખથી એક કોળિયો પણ વધારે જમવું નહિ.
- જમવાની ૧૫ મિનિટ પહેલાં ૨ થી ૩ કતરણ આદુ ઉપર થોડું સિંધાલૂણ ભભરાવી અને ૧-૨ ટીપાં લીંબુ નીચોવી તે આદું ચાવી જવું.
- જમ્યા પછી ઓછામાં ઓછું ૨ કલાક સુધી સૂઈ જવું નહિ.

**તેનાથી થતાં ફાયદા :**

- અપચો - ગેસ - કબજીયાત - એસીડીટીથી બચી શકાય.
- શ્વાસના રોગો - ચામડીનાં રોગો - એલર્જીના રોગોથી બચી શકાય.
- પિત્તદોષથી થનારાં રોગોથી બચી શકાય.

**૫. આયુર્વેદ લાઈફ સ્ટાઈલ ફેકટર :**

- દેશી ગાયનાં ચોખ્ખા દુધ અને દેશી ગાયનાં ચોખ્ખાં ઘી નું યોગ્ય માત્રામાં નિયમિત સેવન કરવું.

**તેનાથી થતાં ફાયદા :**

- વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ ઉત્કૃષ્ટ બનવાથી આજીવન તંદુરસ્તી અને દીર્ઘ આયુષ્યની પ્રાપ્તિ થાય છે.
- જઠરાગ્નિ એકદમપ્રદીપ્ત રહેવાથી મેટાબોલીઝમ જળવાયેલું રહે છે.
- હાડકાં અને સાંધાને પૂરતું પોષણ મળવાથી શરીર અત્યંત ખડતલ બને છે.

**૬. આયુર્વેદ લાઈફ સ્ટાઈલ ફેકટર :**

- સદા પ્રસન્ન રહેવું.
- ખોટું ન બોલવું.
- ગુસ્સો ન કરવો.
- દાન-પુણ્ય કરવા.
- વડીલોને માન આપવું.
- અભિમાન ન કરવું.
- દુર્જનનો સંગ ન કરવો.
- લોભ કે કંજૂસાઈ ન કરવા.
- દરેક વ્યક્તિમાં ઈશ્વર રહેલા હોવાથી બધાને સમાન ગણવા.

**તેનાથી થતાં ફાયદા :**

- માનસિક બિમારીઓથી બચી શકાય છે.
- જિજીવિષા ટકેલી રહે છે.
- રોગપ્રતિકારક શક્તિ અત્યંત બળવાન બનેલી રહે છે.

આયુર્વેદના મુખ્ય પાયાના સિધ્ધાંતો અહીં પ્રસ્તુત કર્યા છે. એ સિવાય અનેક આવશ્યક બાબતો અનુસરવા જેવી છે. તેના માટે આયુર્વેદના ચિકિત્સકનું માર્ગદર્શન લઈ વ્યક્તિગત સ્વાસ્થ્યને સુધારી શકે છે. આપ રૂબરૂ અથવા ઈ-મેઈલથી આપના પ્રશ્નો પૂછી શકો છો. દર ગુરૂવારે સમગ્ર લોહાણા સમાજ માટે નિ:શુલ્ક કન્સલ્ટીંગ આપવામાં આવશે. અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને આવવું અનિવાર્ય છે.

સમગ્ર લોહાણા જ્ઞાતિ દુનિયાભરમાં સ્વાસ્થ્ય ક્ષેત્રમાં ખૂબ પ્રગતિ કરે - તંદુરસ્ત રહે અને વૈશ્વિક સ્તરે આરોગ્યનો એક આદર્શ પ્રસ્થાપિત કરે તેવી મારી શુભકામનાઓ...

હેલ્થી રહો... હસતાં રહો... !!

વૈદ્ય ભવદીપ ગણાત્રા, B.A.M.S.
ગણાત્રા આયુર્વેદ ક્લિનીક, ૧૨૫, અદ્વૈત કોમ્પલેક્ષ,
સંદેશ પ્રેસની બાજુમાં, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦૦૫૪
ફોન. ૯૯૭૯૩ ૫૭૭૭૬
E-mail : vd.ganatra@gmail.com
website : www.ganatraayurved.in



# યક્ષિણી સાધના

મોહનલાલ અગ્રવાલ

મંત્ર અને તંત્રમાં દરેકને રસ પડે છે. સત્યઘટના પર આધારિત આ લેખ તાંત્રિકોના વિશ્વમાં લઈ જાય છે. સુરેન્દ્રનગરમાં રહેતા મોહનલાલ અગ્રવાલ મિઠાઈની દુકાન ધરાવે છે. તેમને તાંત્રિકો અને અઘોરીઓમાં ઊંડો રસ. તેઓ તળ હિમાલયમાં અનેક સિદ્ધ અઘોરીઓ સાથે રહ્યા છે. તેમના અનુભવો રોમાંચથી ભરેલા છે. 'અઘોર નગારા વાગે' એ બે ભાગના પુસ્તકમાં તેમણે પોતાના આવા દિલધડક અનુભવોનું બયાન કર્યું છે. એ પુસ્તકમાંથી એક લેખ....

ઈ.સ. ૧૯૬૪-૬૫ માં મારે એક વાર આબુરોડ જવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. માર્ચ કે એપ્રિલ માસ હતો. રાતની ટ્રેન દ્વારા મુસાફરી કરી સવારે નવ વાગ્યા આબુરોડ પહોંચી ગયેલો. સૌ પ્રથમ આનંદેશ્વર મહાદેવ ગયો. સ્વામી રામતીર્થજીને મળ્યો 'નમોનારાયણ' આદિ શિષ્ટાચાર કરી હું બેઠો. સ્વામીજી સાથે ઔપચારિક વાતો થઈ. બપોરે જમી-આરામકરી આશરે ત્રણ વાગ્યે ફરી સ્વામીજી સાથે ચર્ચા વિચારણા શરૂ થઈ, જે વ્યાવહારિક બાબતોથી સંકળાયેલી હતી. તે વાતચીતમાં જરૂરી વ્યક્તિઓને બોલાવી એ ચર્ચાનો નિર્ણય લેવામાં આવ્યો. આ દરમ્યાન અટલગિરિજી એક ઓઘડ મહાત્માને લઈ સ્વામીજીને મળવા આવ્યા. તેઓને આવેલા જોઈને મને આનંદ થયો. તેમની પાસે મારે કામઅંગે મળવા તો જવાનું હતું જ તેથી દસ કિલોમીટરનો ધક્કો બચી જવાનો મને સંતોષ થયો. મેં તેમને તથા તેમની સાથે આવેલા ઓઘડ મહાત્માને 'નમોનારાયણ' કર્યા. અહીં થોડું સાધુસમાજના અભિવાદનના શિષ્ટાચાર વિશે જાણી લઈએ.

શંભુદલી, દશનામી સાધુઓ 'ઓમ્ નમોનારાયણ' થી અરસપરસ અભિવાદન કરે છે. ગુરુ-શિષ્ય પ્રણાલિકામાં શિષ્ય ગુરુ સામે બેસી આંખોમાં આંખો પરોવી હાથની મુદ્રાઓ દ્વારા ઓંકાર ઉઠાવે છે. 'ઓંકાર ઉઠાવવો' એટલે હાથની ક્રિયા દ્વારા થતી નમસ્કારની એક પ્રક્રિયા. ત્રણ, પાંચ અગર સાત ઓંકાર ઉઠાવવાની પદ્ધતિ હોય છે. તેમાં નાનીમોટી પદવી પ્રમાણે અભિવાદન કરવામાં આવતાં હોય છે, જેથી સામેની વ્યક્તિ કઈ કક્ષામાં છે તેનો અભિવાદનથી જ ખ્યાલ આવી જાય છે.



સાધુઓ બ્રાહ્મણને નમસ્કાર કરવા માટે 'ઓમ્ બ્રહ્માય નમઃ' એવો અભિવાદનનો ઉપયોગ કરે છે. નવદીક્ષિત સાધુઓ પોતાનાથી ઉચ્ચ શ્રેણીના સાધુઓને 'ઓમ્ મહાપુરુષાય નમઃ' ના ઉચ્ચારથી સંબોધે છે. સમકક્ષાના 'ઓમ્ નમોનારાયણ' થી અરસપરસ મળે છે, જ્યારે અલગ અલગ સંપ્રદાયના સાધુઓનો મિલાપ થાય અને કક્ષા ઓળખવામાં કોઈ પણ કારણોસર અગવડતા ઊભી થાય તો સર્વમાન્ય શબ્દ 'દંડવત્' નો ઉપયોગ કરવામાં આવે છે.

રામાદલી સાધુઓમાં ''જૈ સિયારામ' અગર 'જૈ જૈ સિતારામ' ના ઉચ્ચારથી અભિવાદન થાય છે. નાથ-સંપ્રદાય 'આદેશ' શબ્દનો ઉચ્ચાર કરે છે. ઉદાસી-સંપ્રદાય 'મથ્થાટેક' શબ્દનો ઉચ્ચાર કરે છે. કબીર-સંપ્રદાય 'સત્ત સાહેબ' થી અભિવાદન કરે છે. શીખ-સંપ્રદાયના સાધુઓ 'સત્તશ્રી અકાલ' શબ્દને ઉચ્ચારે છે. આ પ્રમાણે આપણા દેશમાં જુદા જુદા સંપ્રદાયોમાં અનેક પ્રકારનાં પ્રણામ, નમસ્કાર અને અભિવાદનો છે. અહીં થોડા જ પ્રકારોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

અટલગિરિજી સાથે આવેલા ઓઘડ મહાત્માને 'નમોનારાયણ' કર્યા બાદ એમનું રૂપ, પહેરવેશ રસપ્રદ લાગતાં તેમનું નિરીક્ષણ કરવા લાગ્યો. એક તરફ સ્વામી રામતીર્થજી અને અટલગિરિજી વાતોએ વળગેલા હતા. બીજી બાજુ મારું નિરીક્ષણ કાર્ય ચાલી રહ્યું હતું. પણ થોડી જ વાર પછી એ ઓઘડ મહાત્માનું ધ્યાન મારા નિરીક્ષણ તરફ દોરાયું. સાથોસાથ એમણે મને એવી વ્યંગપૂર્ણ દૃષ્ટિથી જોયો જેથી મને એમ થયું કે મારું અવલોકન તેમને ગમ્યુ નથી. મેં નજર ફેરવી લીધી, પણ ઓઘડ મહાત્માનું ધ્યાન મારી તરફ કાંઈક શંકાશીલ હોય એવું મને લાગ્યું. મેં મગજમાંથી વિચારો ખંખેરીને અટલગિરિજી તરફ ધ્યાન પરોવ્યું.

થોડી વાર પછી અટલગિરિજીએ પેલા ઓઘડ મહાત્માનો પરિચય ટૂંકમાં આપ્યો એટલે ફરીથી મેં નમસ્કાર કર્યા. મારો પણ ટૂંકમાં પરિચય ઓઘડજીને આપી દીધો.

હવે બાબત એ પ્રમાણે હતી કે અટલગિરિજી મહારાજ તેમના એક અઘોરી ગુરુ પાસે થોડા સમયથી યક્ષિણી-સાધના સિદ્ધ કરવા માટે અઠવાડિયામાં એક વાર નિયત કરેલા સમયે જતા. અનાદિનાથના નામે અઘોરપંથમાં અર્બુદામંડલ સાધુ-સમાજમાં તેઓ સુવિખ્યાત હતા. અટલગિરિજી સાથે આવેલા આઘેડ મહાત્મા નાથ-સંપ્રદાયના હતા. તેઓ નાથ-સંપ્રદાયના નવદીક્ષિત સાધુ હતા. કર્ણછેદન સંસ્કાર નહીં થવાથી તે ઓઘડ તરીકે ઓળખાતા. જોકે આ નિયમનાથ-સંપ્રદાયમાં સર્વમાન્ય છે. કર્ણછેદન સંસ્કાર પછી તેને દર્શની કહેવામાં આવે છે, તે પહેલાં તે ઓઘડ તરીકે ઓળખાય છે.

તેઓ અઘોરપંથની દીક્ષા લઈ અઘોર-સંપ્રદાયમાં જવા માગતા હોઈ અટલગિરિજીના ગુરુ અનાદિનાથની પાસે રહી તેમની સેવાચાકરી કરીને તેમની કૃપા મેળવવા પ્રયત્ન કરી રહ્યા હતા.

અનાદિનાથની આજ્ઞાથી ઓઘડજી આબુરોડ સમાચાર પહોંચાડવા આવેલા એ દરમ્યાન મારી મુલાકાત થઈ. અટલગિરિજીએ સ્વામી રામતીર્થજીને માઉન્ટ આબુ આવવા અનુરોધ કર્યો, પણ સ્વામીજીએ 'હું આવ્યો છું' એવું કારણ દર્શાવીને માઉન્ટ જવા અંગે ઓછી ઈચ્છા દર્શાવી. અટલગિરિજીની વાતોથી મારી જિજ્ઞાસાવૃત્તિ સળવળી ઊઠી હતી, પણ સ્વામીજીની વાત ઉપરથી બાજી બગડતી નજરે આવવા લાગી.

મેં સ્વામીજીને વિનંતીયુક્ત ભાષામાં કહ્યું : ''મારા કારણે જ જો આપ જવાનું ટાળતાં હો તો એવું ન કરશો. આપ સુખેથી જાઓ અને આપને વાંધો ન હોય તો મને પણ સાથે લઈ જાઓ.'' એમકહીને મેં મારી ઈચ્છા જાહેર કરી દીધી. અટલગિરિજી મારા સ્વભાવથી પરિચિત હોઈને મારી સામે મૂછમાં હસ્યા. હવે અટલગિરિજીએ વધુ આગ્રાહ કરી સ્વામીજીને તૈયાર કરી લીધા. હું તો ફક્ત તૈયારીની રાહ જોતો હતો. મારે સાથે જવાની વાત નક્કી થઈ ગઈ.

મારી સાથે આવવાની વાત નક્કી થવાથી ઓઘડજીએ કાંઈક આશ્ચર્ય, આશંકા, અણગમાના મિશ્રભાવથી અટલગિરિજીના કાનમાં કાંઈક વાત કરી. જવાબમાં અટલગિરિજી હસીને બોલ્યા : ''અરે ગુરુભાઈ ! જો આમને (મને) હું મારા બદલે મોકલું તો મારાથી પણ વહેલા તૈયાર થાય તેવા જિજ્ઞાસુ છે.'' તેઓની આ ગુપસુપથી મને થોડો ક્ષોભ થયો અને થોડો ગુસ્સો પણ ઓઘડ મહાત્મા ઉપર આવ્યો. પણ સાથે જવાની ઈચ્છાથી ચૂપ રહ્યો.

સાંજની છેલ્લી બસ દ્વારા જવાનું નક્કી થયું. અટલગિરિજી એક કાગળમાં લિસ્ટ ઉતારીને લાવ્યા હતા, જે બજારમાંથી મંગાવવાનું હતું. સ્વામીજીએ એક સેવકને બોલાવી લિસ્ટ, પૈસા આપીને બજારમાંથી તરત વસ્તુઓ લાવવા સૂચના આપી મેં આસ્તેથી ઓઘડજીને પૂછ્યું : ''શું મહાત્મા ચીલમ-ગાંજો પીઓ છો કે નહીં?'' જવાબમાં તેમણે ઠાવકું મોઢું રાખીને જણાવ્યું : ''હાં, કભી પી લેતે હૈ.'' એટલે મંદિરની બહાર જઈ એક દમબાજ સેવકને બોલાવ્યો. (દમબાજ એટલે ગાંજો, ચરસ, વગેરેના વ્યસનીને દમબાજ કહેવામાં આવે છે.) તેને પૈસા આપી સારો, 'બાલુચર ગાંજો' પાંચ તોલા લઈ આવવા કહ્યું. મેં પણ માઉન્ટ માટેની જરૂરી તૈયારી કરી લીધી. સિગારેટ, ટોર્ચ, માચીસ, ચલમ, સાફી, ચાકુ એવો મારી જરૂરિયાતનો સામાન કમરથેલામાં ભરી લીધો. રતન ગાંજો લઈને આવી ગયો. તેની જ હું રાહ જોતો હતો. તેને બે રૂપિયા ફૂંક મારવાના આપી હું મેડી પર ગયો. સ્વામીજી પણ તૈયાર હતા. મારી જ રાહ જોવાતી હતી. અમે ચારે મૂર્તિ માઉન્ટ જવા માટે નીકળ્યા ત્યારે સાંજના આશરે છનો સમય થયો હતો.

બજારમાં થઈને બસ-સ્ટેન્ડ તરફ જવાનું હતું કારણ કે, પેલા સેવકને સામાન લેવા મોકલેલ હતો. તેને અમુક દુકાને સામાન લઈ ઊભા રહેવા સૂચવેલું. તેની પાસેથી સામાનનો થેલો થઈ અમે બસ-સ્ટેન્ડ પર પહોંચ્યા. ત્યાંના રિવાજ પ્રમાણે ટિકિટબારીએથી ટિકિટો લઈને બસમાં બેઠા. સમયસર બસ રવાના થઈ.

અટલગિરિજીએ મને પોતાની પાસે બેસવા કહ્યું. હું તેમની પાસે બેઠો. જ્યારે બસે શહેરી વિસ્તાર છોડી દીધો અને માઉન્ટના રસ્તે આગળ વધવાની શરૂઆત કરી ત્યારે અટલગિરિજીએ મને એક-બે ગંભીર સૂચનો આપ્યાં કે, આપણે જઈએ છીએ તે અઘોરી મહાત્મા પાસે ઊટપટાંગ પ્રશ્નો ન કરવા, તેમજ વાણી અને વર્તનમાં સંયમ જાળવવો. તેમના સૂચનથી હું વિચારવા લાગ્યો કે, અટલગિરિજી એમના ગુરુ પાસે જઈ રહ્યા છે એ માટે આવાં નિયંત્રણ લાવવાનાં સૂચનો કરે છે કે પછી એમાં કાંઈ બીજું કારણ સંકળાયેલું છે ?

જે હોય તે. 'આગે આગે ગોરખ જાગે' એમ વિચારી આવનાર સમય-સંજોગો વિશે વિચારવા લાગ્યો. મુસાફરી દરમ્યાન મેં અટલગિરિજી સાથે પ્રાસંગિક વાર્તાલાપ ચાલુ રાખ્યો. તેઓએ જણાવ્યું કે હું જે યક્ષિણીની સાધના કરી રહ્યો છું તેની પાછળ મારો શુદ્ધ હેતુ છે, આ યક્ષિણી સિદ્ધ થયા બાદ દરેક પ્રકારની મનોકામના પૂર્ણ કરે છે. અમારા સાધુ લોકો પોતાની યુક્તિ-મુક્તિ માટે આવું સાધન તૈયાર કરીને રાખતા હોય છે કારણ કે અમુક કક્ષામાં આવ્યા પછી ભિક્ષાવૃત્તિ કરવાને પૂરતો સમય નથી રહેતો, તેમજ આપણા આશ્રયે સાધુને ભિક્ષા માટે મોકલીએ એ મર્યાદનું ઉલ્લંઘન છે, તે સિવાય પણ અનેક કારણો છે જે મને આ કાર્ય સિદ્ધ કરવા માટે પ્રેરી રહ્યાં છે.

મેં તેઓને પૂછ્યું : ''તમે જે વિદ્યાને પ્રાપ્ત કરવા ઈચ્છો છો તે શુદ્ધ ક્રિયા ગણાય કે અશુદ્ધ ગણાય ?'' જવાબમાં તેમણે સસ્મિત જણાવ્યું : ''કોઈ પણ ક્રિયા અશુદ્ધ છે જ નહીં, પણ તેને શીખનારનો હેતુ શું છે એનું વધારે મહત્ત્વ છે. શીખ્યા પછી તેના ઉપયોગ પાછળ કયાં કારણો સમાયેલાં છે એનું વધારે મહત્ત્વ છે. ભગવાન મહાકાલ શિવશંકરે જ્યારે અઘોર વિદ્યા પોતાની સ્વમુખેથી માતા પાર્વતીજીને સંભળાવી હતી ત્યારે તેમનો હેતુ સર્વને માટે મંગલદાયી તથા કલ્યાણકારી હતો. કુપાત્ર સાધક આ મહાવિદ્યાનો દુરુપયોગ કરીને પોતે જ દુઃખ, યાતનાઓ, પીડાઓ વહોરી લે છે તેમાં વિદ્યાને દોષ દેવો યોગ્ય ન લેખાય.

''કુદરતે સર્જેલાં વાયુ, અગ્નિ, જલ, તેજ તથા અન્ય તત્ત્વો માનવજાત માટે ખૂબ જ ઉપયોગી હોઈ લાભકર્તા છે. પરંતુ જો તે સર્વેની મર્યાદાનું ઉલ્લંઘન કરવામાં આવે તો વિનાશકર્તા નીવડે છે. આપણા સૌના સંપૂર્ણ અસ્તિત્વમાં મહાશક્તિ એક યા બીજા પ્રકારે સમાયેલી છે. તેનો તમે સદુપયોગ કરો છો યા દુરુપયોગ કરો છો તે તમારે જ વિચારવાનું છે. સર્જનકર્તા તેમજ સંહારકર્તા શક્તિને નહીં.''

અટલગિરિજીની તટસ્થ સ્પષ્ટતા અંગે હું વિચારી રહ્યો. થોડી વાર મૌન સેવ્યા બાદ ફરી મેં પૂછ્યું : ''આ યક્ષિણી તમારું શું શું કામ કરશે ?' તેમણે ટૂંકમાં જણાવ્યું કે : ''આલોક વિશે મનુષ્યોને અન્યની કૃપા, દયા, કરુણાની ભૌતિક જરૂરિયાતો માટે આવશ્યકતા ઊભી થાય છે તે સર્વ આવશ્યકતાઓ યક્ષિણી પૂર્ણ કરી આપે છે, જેથી પરલોક માટે કાંઈક કરવાનો, વિચારવાનો અને પામવાનો પૂરેપૂરો અવસર મળે છે. આશ્રમની જરૂરિયાતો ત્યાં આવનાર સાધુસંતોની સેવા માટે સાધનસામગ્રી તેમજ અંગત જરૂરિયાતોને પૂર્ણપણે સંતોષે છે. આ હેતુથી જ મેં આ કાર્યનો આરંભ કર્યો છે. સદ્ભાગ્યે ગુરુ પણ સમર્થ મળ્યા છે. પછી શા માટે બીજા કોઈના આધાર પર રહેવાની જરૂર છે ?''

અમારી આવી જ વાતોમાં ઊતરવાનું નિયત સ્થળ આવ્યું. બીજા બસસ્ટોપ પર ઊતરીને પગપાળા મુસાફરી કરવાની શરૂઆત થઈ. સૂર્ય સંપૂર્ણ અસ્ત થઈ ચૂકેલ હતો. સંધ્યા અને રાત્રિ બન્ને વચ્ચે જે છેલ્લું અંતર હોય છે તેવું વાતાવરણ હતું. ઓઘડ મહાત્મા રસ્તાથી માહિતગાર હોઈ રસ્તે ભૂલી જવાની ચિંતા નહોતી. માઉન્ટ વિસ્તાર હોવાથી વાતાવરણમાં ઠંડીનું પ્રમાણ કાંઈક વધારે હતું. અમે ચારે ટોર્ચના પ્રકાશમાં લાકડી તથા ફરસીના આધારે આગળ વધી રહ્યા હતા. વાતાવરણમાં અંધારું, જંગલી નિશાચર પ્રાણીઓના અસ્પષ્ટ અવાજો - આ બધાં કારણે મનમાં ખોડો ભય ઉદ્ભવી રહ્યો હતો. કહેવા પૂરતો રસ્તો પણ સૂકાં પાંદડાં, ડાળી, ઘાસ, કાંકરાથી છવાયેલો હતો.

જ્યાં અમે જઈ રહ્યા હતા તે અઘોરી મહાત્મા વિશે મને વિચારો આવી રહ્યા હતા. સાથોસાથ આ વિદ્યા આપણે જો શીખીએ તો કેમ? - એવું પણ વિચારતો હતો. આવા વિચારથી પ્રેરાઈને મન કાલ્પનિક તરંગો પર સવાર થઈ અનેક પ્રકારના મનોરથ ઘડવા લાગ્યું. અમે ચારેય ક્યારેક કાંઈક વાત કરી લેતા હતા. શિકારનો શોખ હોવાથી રાત્રિ સમયે જંગલમાં ફરવું મારા માટે નવી વાત ન હતી પરંતુ અજાણી ભૂમિ હોવાથી સાવચેતી રાખવી જરૂરી હતી.

એકાદ કલાક રસ્તો કાપ્યા બાદ થોડે દૂર ઊંચાણવાળી જગ્યા પર આછો અગ્નિનો પ્રકાશ જોવામાં આવ્યો. ઓઘડજીએ જણાવ્યું કે આપણે હવે નજીક આવી ગયા છીએ. તે દિશામાં આગળ વધતાં સપાટ જમીન અને ઘાસવાળી કેડી છોડીને ખડક-શિલાવાળો રસ્તો આવ્યો. થોડું ચડાણ કર્યા બાદ અમે સૌ લગભગ નિયત સ્થળ પાસે પહોંચી ગયા હતા. મારા મનમાં આનંદ, ભય, જુગુપ્સાના મિશ્રિત ભાવો આવજાવ કરી રહ્યા હતા. અઘોરી મહારાજ સાથે કઈ રીતે વર્તન કરવું, શું બોલવું એ વિશેની માનસિક તૈયારી કરવા લાગ્યો.

એક ગુફા જેવા જણાતા દ્વાર પાસે આવી અમે ઊભા રહ્યા. ઓઘડ મહાત્માએ 'દંડવત્', 'ઓમ્ નમોનારાયણ' નો મોટેથી અવાજ કરી અઘોરી મહાત્માને અમારા સૌના આવવા વિશે જાણ કરતી આલબેલ પોકારી. શાંત, નીરવ વાતાવરણમાં આ શબ્દોના ચારે દિશાએ પડઘા ગાજી ઊઠ્યા. બીજી ક્ષણે અંદરથી ઘોર કરતો ગંભીર અવાજ સંભળાયો : "આ જાઈએ. મૈં ચેતન હૂં."

આજુબાજુનું ભૌગોલિક નિરીક્ષણ પળવાર માટે મેં કરી લીધું. અમે સૌ નીચા નમીને ગુફામાં દાખલ થયા, અંદરથી આવતા ઝાંખા પ્રકાશ તથા અમારી ટૉર્ચના પ્રકાશથી અંદર જવા લાગ્યા. ગુફા બહુ ઊંડી ન હતી. આગળના ભાગમાં જ બે ત્રાંસી મોટી શિલાઓ એકબીજા સાથે ઉપરના છેડાથી અડેલી અંગ્રેજી 'એ' અક્ષરના આધારે પડેલી હતી. તેની આગળ થોડું ચાલતાં કુદરતી રીતે જ ગુંબજ આકારની કોરાયેલી ગુફા હતી, જેમાં ઊભા રહી શકાય એટલી ઊંચાઈ હતી. દસેક માણસ બેસી શકે તેટલી જગ્યા હતી. ભોંયતળિયાની શિલાને માટીગારાથી લીંપીને સમતળ બનાવી હતી. ગુફામાં દાખલ થયા પછી મેં ખાસ એક અનુભવ કર્યો. મને એવું લાગતું હતું કે જાણે હું પરિચિત જગ્યા પર આવેલો છું અને પોતાના ઘરમાં દાખલ થવાથી જે સાંત્વન મળે છે તેવી લાગણી મને થઈ, જેથી અઘોરી મહાત્મા માટે મને અકારણે લાગણી તથા આદરભાવ ઉત્પન્ન થયાં.

ગુફામાં એક લાંબી પથ્થરની શિલાને કોરીને સૂઈ-બેસી શકાય એવું આસન બનાવેલું હતું. તે ઉપર કાળો ધાબળો પાથરેલ. તેના ઉપર વ્યાઘ્રામ્બર બિછાવીને અઘોરી મહાત્મા અનાદિનાથ બિરાજમાન હતા. સૌ પ્રથમ ઓઘડજીએ તેમનો ચરણસ્પર્શ કરી પ્રણામ કર્યા. મે પણ નજીક જવાનો અવસર શા માટે ચૂકવો જોઈએ એમ સમજી પ્રણામ કરી ચરણસ્પર્શ કર્યો.

અઘોરી મહાત્માએ સૌના કુશળક્ષેમ પૂછ્યા. અઘોરી મહાત્માએ મારા વિશે કાંઈ પણ પરિચય માગ્યો નહીં તેમજ હું જેઓની સાથે ગયેલ તે મહાનુભાવોએ મારો પરિચય આપવાની ચેષ્ટા કરી નહીં. મને થોડો ક્ષોભ થયો. હું વિચારવા લાગ્યો, મારી હાજરી ઈચ્છનીય નહીં હોય? મારું આગમન શું અઘોરી મહાત્માને રુચ્યું નહીં હોય ? શું મને પાછા ફરી જવાનું કહેવામાં આવશે ? - આવા અનેક વિચારો મગજમાં ઝડપથી આંટો મારી ગયા. મેં "જાત ન પૂછીએ સાધુ કી, પૂછ લીજીએ જ્ઞાન, મોલ કરો તલવાર કા, પડા રહને દો મ્યાન' એવું વિચારી મનને આશ્વાસન આપ્યું.

અઘોરી મહાત્માએ અટલગિરિજી સાથે તેમજ ઓઘડજી સાથે થોડી ઔપચારિક વાતો શરૂ કરી. તે દરમ્યાન હું અઘોરી મહાત્માનું રૂપ જોઈ રહ્યો હતો. તેમનું વિશાળ તેમજ ખખડધજ હાથીની ચામડી જેવી ચામડીવાળું સ્થૂળ છતાં તેજસ્વી શરીર ભસ્મદ્વારા વિભૂષિત હતું. તેમનો સમગ્ર દેખાવ ધીરગંભીર વૃદ્ધ વનરાજ સમો જણાતો હતો. જૂના ખોખર વડલાની વડવાઈઓ સમી ફેલાઈને જમીન સાથે અડતી સફેદ ભૂખરી જટાઓની શોભા અલૌકિક જણાતી હતી. વિશાળ કપાળમાં સિંદૂરનું આડતિલક, ભસ્મનું ત્રિપુંડ, અર્ધનારીશ્વરના પ્રતીક સમું દેખાતું હતું. બન્ને ભુજાઓ ઉપર અમુક જાતના વનસ્પતિઓના વેલાને ગૂંથીને બનાવેલાં કડાં પહેર્યા હતા. જમણા હાથની ભુજામાં ભૈરવ કડું (જે નેપાળમાં બને છે અને ત્યાં જ ભૈરવસંસ્કાર કરી પહેરાવવામાં આવ છે, તે કડા ઉપર શિવ-પંચાયતન તેમજ દશાવતાર દસ નામનાં ચિત્રો, ચિહ્નો અંકિત હોય છે) પહેર્યું હતું. હાથમાં એક સફેદ અને એક કાળું કડું પહેરેલ હતું. જે હું ઓળખી શક્યો નહીં. ગળામાં મોટા રુદ્રાક્ષનો કંઠો, ડબલસેરની દ્વિમુખી ઘામણ સર્પની કરોડના મણકાની માળા પહેરેલી હતી. (ઘામણ સર્પમાં એક ખાસ પ્રકારની ઘમણ થાય છે, જેનાં હાડકાંના મણકાને તાંત્રિક ક્રિયાથી સિદ્ધ કરી ઈચ્છિત રૂપ ધારણ કરવાનું સાધન પ્રાપ્ત કરવામાં આવે છે. આ ક્રિયા કાપાલિક-પંથના કાપાલિકોમાં વધુ પ્રચલિત છે.) એક માળા જુદાં જુદાં હાડકાંની હતી, જે નાનાં નાનાં પશુ-પક્ષીઓનાં હાડકાંની હોય તેમ જણાતું હતું. લાલ રંગની લંગોટી કાથીના અગડબંધમાં ભેરવીને પહેરેલ હતી. ડાબા પગમાં એક વણેલો દોરો પહેર્યો હતો. તે દોરામાં કોઈક પથ્થરનો લંબગોળ પારો પરોવેલો હતો.

હું તેમનો બાહ્ય દેખાવ તથા વસ્ત્રાભૂષણ જોઈ રહ્યો હતો. તેમની આંખોમાં જાણે અનંત ઊંડાણનો અભ્યાસ થતો હતો. આંખો મોટી, ભયાનક, ક્રૂર અને અનિમેષ દેખાતી હોવા છતાં તેના ઊંડાણમાં જાણે વાત્સલ્યનો દરિયો ઘૂઘવતો હોય એમ જણાતું હતું. અગ્નિ પ્રચંડ તીવ્ર હોઈ સર્વસ્વ ભસ્મ કરવાની શક્તિ ધરાવતો હોવા છતાં શિયાળામાં પ્રિય લાગે છે. તે પ્રમાણે તેમની આંખોમાંથી ભાવ નીતરતો જણાતો હતો. એક વાત ન સમજાય એવી મને જણાઈ. ક્યારેક તેઓ મારી સામે જોતા અને અમારી ચાર આંખો ભેગી થતી ત્યારે મને જાણે કેફ અગર નશો આવતો હોય એવું લાગતું. તેઓ નજર ફેરવી લે પછી કાંઈ નહીં, આમ થવાનું કારણ પછીથી મને જાણવા મળેલું.

અઘોરી લોકો મુખ્યત્વે ત્રાટક, ત્રિકોણબિંદુ, દૃષ્ટિવેધ જેવી ક્રિયાઓને શરૂઆતમાં જ સિદ્ધ કરી લેતા હોય છે, જે તેઓને આગળ ઉપર ઉપયોગી નીવડે છે. આ પંથમાં એટલે કે અઘોરી, ઓઘડ, કાપાલિક, તેમજ શક્તિસંપ્રદાયના તાંત્રિક લોકો એ સર્વેમાં આંખનું ઘણું મહત્ત્વ સમાયેલું છે. આ લોકોની આંખ વિશે જેટલું કહીએ, સમજીએ અને અનુભવીએ તેટલું ઓછું છે.

આ લોકોનું પ્રબળ શસ્ત્ર આંખો જ છે. જ્યારે અસરપરસ સિદ્ધ લોકો મળે છે ત્યારે એકબીજા ઔપચારિકતાની વાતો નથી કરતા, તબિયત, તંદુરસ્તી, ભજન, તપસ્યા, સિદ્ધિ, મુશ્કેલી, પશ્ચાત્તાપ આદિ પ્રશ્નોની ચર્ચાનું માધ્યમ ફક્ત આંખ જ હોય છે. બહુ જ ગણતરીના સમયમાં અસરપરસ ચર્ચા પૂરી થઈ જાય છે. આંખોની શક્તિ દ્વારા જ આ લોકો સાધારણ અને ઓછા મનોબળવાળા માણસોને ઈચ્છા પ્રમાણે દૃશ્ય બતાવી શકે છે, ઈચ્છિત અનુભવ કરાવી શકે છે, માનસ પલટાવી શકે છે, ન કલ્પી શકાય એવા કૃત્રિમ ચમત્કારો ફક્ત આંખના ઈશારાથી કરી શકે છે.

આવું કાંઈક કારણ મારી સાથે બનતું હોવાથી માનસિક સમતુલા ક્ષણીક માટે અસંતુલિત બની જતી હતી.


અઘોરી મહાત્માએ ઓઘડજીને દાવો બનાવવાનો આદેશ કર્યો. અટલગિરિજીને સાથે લાવેલ સામાન વ્યવસ્થિત રીતે ગોઠવવા જણાવ્યું. અટલગિરિજીએ થેલામાંથી સામાન બહાર કાઢીને નાનાંમોટાં પાત્રોમાં ગોઠવણી કરવા માંડ્યા. સફેદ, કાળા, લાલ કપડાના ટુકડાઓ, સરસવ, અડદ (સુગંધી દ્રવ્યો) અને હવન સામગ્રી બધી વ્યવસ્થિત ગોઠવાઈ ગઈ. એ દરમ્યાન ઓઘડજી કાવો લઈને આવ્યા. સૌ પ્રથમ અઘોરી મહાત્મા પાસે તેઓ કાવો આપવા માટે ગયા. અઘોરી મહાત્માએ પોતાની ઝોળીમાંથી નારિયેળની એક અર્ધા કાચલાની માફક આકૃતિવાળી માનવખોપરી બહાર કાઢીને તેમાં કાવો લીધો....



## કાર્ટુન

અશોક અદેપાલ




### એક રમૂજ

એક વખત જલારામ બાપા

ભક્તો સામે બેઠા હતા.

બધાને આર્શીવાદ આપતાં તેમણે

કહ્યું, બધા સુખી થાઓ.

આગળ બેઠા હતા તેમણે સાંભળ્યુ કે...

બધા સુખી થાઓ એટલે તેઓ સુખી થયા

વચ્ચે બેઠા હતા તેમણે સાંભળ્યુ કે...

બધા બુકી થાઓ એટલે તેઓ બુકી થયા

પાછળ બેઠા હતા તેમણે સાંભળ્યુ કે...

બધા દુ:ખી થાઓ એટલે તેઓ દુ:ખી થયા

# ઉદ્યોગ



**શ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા**
(જન્મ૧૮૮૮, અવસાન તા. ૨૫/૦૮/૧૯૬૯)

જામનગર પાસેના ગોરાણા ગામના માત્ર બાર વર્ષની કુમળી વયે કિશોર નાનજીએ ભારતનો કિનારો છોડીને પરદેશમાં વેપાર કરવાની મહત્વાકાંક્ષા સાથે આફ્રિકાની વાટ પકડી હતી. વચ્ચે થોડા સમય દેશમાં પાછા આવ્યા. પણ ફરી ચાર વર્ષે યુગાન્ડા પહોંચ્યા. પહેલાં નોકરી કરીને અને સાથે આછો-પાતળો વેપાર કરતાં ધીમે ધીમે વેપાર જમાવ્યો.



પહેલાં જિનિંગ ફેક્ટરીઓ ઊભી કરી બાર-તેર વર્ષમાં તો બાવીસ જેટલી જિનિંગ ફેક્ટરીઓ ઊભી કરી દીધી. પછી ખાંડનું કારખાનું સ્થાપ્યું. બાદમાં રૂ, રબર, ચાહ અને કોફીના ક્ષેત્રે પણ ઝંપલાવ્યું અને સફળ થયા.

આફ્રિકાની ધરતી પર નાનજીભાઈએ સંખ્યાબંધ નવા ઉદ્યોગો વિકસાવ્યાં. ત્યાંની ભૂમિને માતબર કરી અને પોતે પણ સમૃદ્ધ થતા ગયા. દીવામાંથી દીવો પ્રગટે તે તેમના હાથે દેશમાં અને પરદેશમાં અનેક ઉદ્યોગ-ધંધા વિકસતા ગયા.

નાનજીભાઈ માત્ર સંપત્તિ કમાઈ જાણ્યા નહીં. પરંતુ સમાજ પાસેથી મળેલું ધન સમાજને પાછું આપવામાં પણ તેમણે પાછું ફરીને જોયું નહી. આફ્રિકા અને ભારતમાં તેમણે લગભગ બે કરોડ રૂપિયા દાન કર્યું. ગાંધીજીનું વડીલોપાર્જિત મકાન ખરીદી તેને સમરાવીને રાષ્ટ્રીય સ્મારક તરીકે તેમણે રાષ્ટ્રને અર્પણ કર્યું. ઉપરાંત બાજુમાં 'મહાત્મા ગાંધી કીર્તિમંદિર' પણ બંધાવ્યું. 'જવાહરલાલ પ્લેનેટોરિયમ' અને બાજુમાં 'ભારત મંદિર' તેમજ 'મહર્ષિ વિજ્ઞાન મહાવિદ્યાલય' ની સ્થાપના તેમજ અનેક લોકપયોગી કાર્યો કર્યાં.

# લુહાણા

લુહાણા રઘુવંશી છે. શ્રી રામના પુત્ર લવ એ જ લુહાણાઓના આદી પિતા. ક્ષત્રિયોની અઢાર શ્રેણીઓમાંથી એકનું નામ હતું લવાન. એ લવાનમાંથી થયું લવાણા-લુહાણા. આજે લુહાણા જાતિની ૮૪ અટકો છે. દસમી સદીની આસપાસ લુહાણાઓએ તુર્ક જાતિ સાથે ટક્કર લીધેલી. ત્યારથી માંડીને જુદા જુદા સમયે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે લુહાણા કોમે અખૂટ ધીરજ અને હિંમત દાખવી છે.

લુહાણા ઐતિહાસિક દ્દષ્ટિએ મૂળ ગૂજરાતના નથી. તેઓ બહારથી આવ્યા છે અને અન્ય જાતિઓની જેમ ગુજરાતી છે. લુહાણા મહિલાઓ ઊજળી કરતાં વધુ ધોળી છે.

લુહાણા જાતિ વીસમી સદીમાં માત્ર દેશભરમાં જ નહીં, પરંતુ છેક આફ્રિકા સુધી પહોંચે છે. આફ્રિકામાં યુગાન્ડામાં બે મોટાં ઉદ્યોગસંકુલો-માધવાણી અને મહેતા-લુહાણાનાં છે. ઈદી અમીનની હેરાનગતિ પછી તેઓ લંડન જઈને વસ્યાં છે.

ગુજરાતમાં તો સંખ્યાબંધ લુહાણા સંસ્થાઓ છે - શાળાઓ, વિદ્યાર્થીભવનો, ધર્મશાળાઓ વગેરે, પરંતુ ગુજરાત બહાર, ભારતભરમાં, તેમની દાનરાશીથી સ્થપાયેલી અનેક સંસ્થાઓ વર્ષોથી સારી રીતે ચાલે છે. તેનો એક ઉજ્જવળ દાખલો છે ઉત્તર ભારતના હરિદ્વારનો 'ગુજરાતી સમાજ'. પાંચમા દસકાની શરૂઆતમાં કલકત્તાના છગનલાલ પારેખ ઉર્ફે છગનબાપાની પ્રેરણાથી હરિદ્વારમાં આજે પાંચ મોટાં મકાનો ઊભાં છે. લાખો યાત્રાળુઓ તેનો લાભ લઈ રહ્યાં છે.

લુહાણા - પછી તે કચ્છી હોય કે હાલારી, ઘોઘારી હોય કે નગરઠઠ્ઠા - તે કોમે ગુજરાતને આપેલા અનેક સંતોની મહેક સદાય મધમધતી રહેશે. તેમના દેવ 'દરિયાલાલ' કે 'ઝૂલેલાલ', ઝિન્દા પીરને નામે મશહૂર છે. વીરપુરના જલારામબાપાની તસ્વીર કેટલાંય લુહાણા કુટુંબોનાં ઘરોમાં આસ્થાના પ્રતીકરૂપે શોભી રહી છે. મૂળે લુહાણા ઝીણાભાઈમાંથી સ્વામી જ્ઞાનજીવનદાસ બનેલા યોગીજી મહારાજને કારણે સંખ્યાબંધ લુહાણાઓએ સ્વામિનારાયણ સંપ્રદાય સ્વીકાર્યો છે. બોરસદમાં જન્મેલા લુહાણા લલ્લુભાઈ 'ભિક્ષુ અખંડાનંદ' બન્યા. તેમણે 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય' ની સ્થાપના કરી તો આદિવાસી-સેવાના ભેખધારી ઠક્કરબાપાએ તો પોતાનું સમગ્ર જીવન પીડિતો માટે સમર્પિત કર્યું.

જામનગર પાસે જન્મેલા નાનજી કાલિદાસે પોરબંદરમાં સખાવતો કરીને અનેક સંસ્થાઓ ઊભી કરી. તેમના પૌત્ર શેખર મહેતા સ્પીડકારની દુનિયામાં પ્રથમગુજરાતી વિશ્વચેમ્પિયન હતા. ટેબલ ટેનિસમાં ઉત્તમચંદારાણા વર્ષો સુધી ભારતમાં ચેમ્પિયન રહ્યા. આ ઉપરાંત વોટર સ્પોર્ટ્સમાં મગનભાઈ રાડિયા, ક્રિકેટમાં મોહનલાલ ચંદારાણા અને બેડમિન્ટનમાં કિશોર લોટવાળાનાં નામ અગ્રેસર છે.

સાહિત્ય અને પત્રકારત્વમાં 'ચિત્રલેખા' ના સ્થાપક વજુ કોટક, રામુ ઠક્કર, ગોકુળદાસ રાયચુરા, કરસનદાસ માણેક તેમજ પંડિત વિસનજી ઠક્કુર જાણીતા છે.

લુહાણાઓએ અનેક વ્યવસાયોમાં પોતાનું કૌશલ્ય બતાવ્યું છે. ગુજરાતમાં પુસ્તક-પ્રકાશન-ક્ષેત્રે પણ તેઓ અગ્રણી અને તેમની સંખ્યા નોંધપાત્ર છે.



# ગુણિયલ ગૂર્જર દેશ



ગુજરાત રમણીય ભૂમિછે. પશ્ચિમે કચ્છથી દમણ સુધીનો સાગરકાંઠો ને પૂર્વે અરવલ્લી અને પશ્ચિમઘાટને જોડતી ડુંગરમાળ અને જંગલો - વચ્ચે આરાસુરથી દમણ અને દ્વારકાથી છોટાઉદેપુર-સુરપાણેશ્વર સુધી વિસ્તરેલી ગુર્જરભૂમિરસાળ છે, સુંદર છે, સમૃદ્ધ છે. સરિતાઓ અને સરોવરો, વાડીઓ અને ખેતરો, ગામડાં અને નગરો, ઉદ્યોગો અને બજારો, મંદિરો અને મહાલયોથી સભર ગુજરાતની ધરતી જેવી સમૃદ્ધ છે તેવો જ તેનો ઈતિહાસ પણ સમૃદ્ધ છે. ઠેર ઠેર વેરાયેલાં પ્રકૃતિનાં સૌદર્યધામો પ્રસન્નતા આપે છે, તો અનેક ઐતિહાસિક સ્મારકો, ધાર્મિક સ્થાનકો, ઔદ્યોગિક મથકો અને સરસ્વતી સદનો ગુજરાતની સાંસ્કૃતિક ચેતનાનો પરિચય કરાવે છે. આ પ્રદેશમાં ફરતાં ફરતાં ભગવાન શ્રીકૃષ્ણથી માંડીને મહાત્મા ગાંધી સુધીની અનેક વિરલ વ્યક્તિઓ અને વિભૂતિઓનાં સંસ્મરણો જાગે છે. અહીં વીરત્વ અને સૌદર્ય, કાર્યદક્ષતા અને કલ્પનાશીલતા, ધનાઢ્યતા અને ઔદાર્ય, તપ અને ત્યાગ, જ્ઞાન-ભક્તિની અનેક કથાઓ ઊભરાય છે. યાદવો અને મૈત્રકોથી માંડીને આજ સુધીનો ઈતિહાસ કણેકણમાં વંચાય છે. દક્ષિણ ગુજરાતના દાંડીકાંઠે ઊભા રહી મીઠાની ચપટીનો મહિમા ઓળખતાં હોઈએ કે સૌરાષ્ટ્રના સાગરકાંઠે સોમનાથની સનાતનતાનો અનુભવ કરતા હોઈએ, પાવાગઢ કે ગિરનારનાં શિખરો પરથી ઈતિહાસ અને ધર્મ અવલોકતાં હોઈએ કે સુરત-અમદાવાદનાં બજારોમાં, જામનગર અને ભુજની શેરીઓમાં, નર્મદા-મહીનાં વહેણોમાં કે ડાંગ-ગીરનાં જંગલોમાં વિહરતાં હોઈએ, સર્વત્ર સાક્ષાત્કાર થાય છે - હજારો વર્ષથી પોતાની આગવી અસ્મિતાને જતનથી જાળવતી ને જમાને-જમાને એને વિવિધ રૂપે વિકસાવીને વ્યક્ત કરતી ગૂર્જર પ્રજાના પુરુષાર્થનો અને એની સંસ્કારીતાનો.

ગુજરાતનો પ્રવાસ એટલે માત્ર પ્રદેશનો નહીં પ્રજાનો પણ પરિચય એવો પરિચય કે જેનાથી પ્રત્યેક ગુજરાતીનું હૈયુ ગૌરવથી છલકાય, અન્યના ચિત્તમાં અહોભાવ ઊભરાય અને કવિના શબ્દોની સાર્થકતાની પ્રતિતિ થાય. આપણે આજ એવા ગુજરાતની વંદન કરવી છે. ધન્ય ધન્ય હો આ પુણ્ય પ્રદેશ.



# બાળપણની કેળવણી

મનુભાઇ પંચોલી 'દર્શક'

બાળપણની કેળવણી માટેનું ઉત્તમમાં ઉત્તમપુસ્તક દશમસ્કંધ છે. પહેલાં તમે જુઓ યશોદા. વ્યાસે નામ જ યશોદા આપ્યું. યશ આપવાવાળી. યશ તો છોકરાં સારાં થાય તો મળે. ના થાય તો ના જ મળએ.

સ્ત્રીનું પહેલા કામતો પોતાના છોકરાને સારો  કરવો એ છે. અમારી લોકભારતીમાં એવો નિયમ છે કે અમે સ્ત્રીઓને આખા દિવસનું કામઆપતા જ નથી. પહેલેથી નિયમછે કે અડધા દિવસનું કામઆપવાનું. એ ઘરકૂકડી થાય એમઅમે ઈચ્છતા નથી. એણે છોકરાં સાચવવાં, પોતાના ધણીને સાચવવો, પોતાનું કામછે એ કરવું. એ જો ઉત્તમ કામ ન કરે તો એ સ્ત્રી નથી.

ક્ષિતિમોહન સેન એ મોટા આચાર્ય હતા અને ભારતીય સંસ્કૃતિના એ પારગામી ઋષિ હતા. હોલેન્ડની એક ડચ મહિલા એમને મળવા ગઈ. પછી એ ડચ મહિલાએ એમને કહ્યું કે -

"હું હિન્દુસ્તાનમાં તો ફરી, પણ અહીં સમાજમાં સ્ત્રીઓ ઘણી પાછળ છે. અમારે ત્યાં તો ઘણી સ્ત્રીઓ પુરુષોની હરિફાઈ કરે છે. જે કાંઈ કામ પુરુષો કરે તે બધાં એ કરે. એ અવકાશમાં પણ જાય ને એન્જિન ડ્રાઈવર પણ થાય, ને ઓફિસમાં પણ જાય અને એકાએક હોદ્દાને માટે પોતે કમ્પિટ કરે છે."

ક્ષિતિબાબુ હસીને કહે :  "મેડમ, તમારે ત્યાંનાં બાળકો માટે મને બહુ દયા આવે છે !"

મેડમ : "કેમ એમ કહ્યું ?"

ક્ષિતિબાબુ : "તે એટલા માટે કે તેને બે બાપ થશે. એકેય "મા" નહી હોય - એક કુદરતે આપેલો બાપ ને આ કૃત્રિમબાપ બીજો. તમારાં બાળકોનું શું થશે ?"

યશોદા ક્યાંય નોકરી કરવા ગઈ હોય એવું ભાગવતમાં લખ્યું નથી. મોન્ટેસરીની નિશાળમાં જનારી બાઈઓ પોતાના ઘરે નોકરડી પાસે છોકરાં ઉછેરાવે છે. તે શું મોન્ટેસરી ભણી એમમને થાય છે ! પોતાનાં છોકરાંને નોકરડી પાસે મૂકે. ૨૫ રૂપિયાના પગારે અને પોતે ત્યાં જાય. આ કઈ જાતનો સોદો છે ?

યશોદાએ ભગવાનને સર્વસ્વ ગણ્યા. પોતાનાં બાળકને એમણે બધું જ તોફાન કરવા દીધું. અને ઊલટા ગોપીઓનાં દૂધ, દહીં, માખણ વગેરે... બધું જઈને ઢોળી નાખે, ફોડી નાખે, વાંદરાઓને ખવડાવી દે - બધું કરે ને ફરિયાદ કરવા ગોપીઓ આવે તો કહે કે, "મારો કા'નો એવું નકરે હોં - ન કરે -  ના, ના, કા'નો એ કરે જ નહિ."

પેલી ગોપીઓ કહે : "મારું ઘર તો જુઓ ?" પણ એને કા"નાનો દોષ વસતો જ નથી. કારણ કે એને એમછે કે બાળક તોફાન ન કરે તો શું ગીતા વાંચે ? શું સમજો છો તમારા મનમાં ? બાળક તોફાન ન કરે તો શું કરે એ ? એવું તો થાય એના હાથે કોઈ વાર...!

આ દશમસ્કંધ મસ્તીનો છે અને બાળકેળવણીના કેટલા મોટા સિદ્ધાંતો એમાં આપી દીધા છે !

એક વાર ભગવાન માટી ખાધી. એ પ્રસંગ ભાગવતમાં આવે છે અને બલરામે જઈને ફરિયાદ કરી : "મા, આ કા'નો માટી ખાય છે !"

મા રહે : "અહીંયાં આવ, માટી ખાય છે ? ઘરમાં દૂધ નથી ? દહીં નથી ? માખણ નથી ? તે માટી ખખાવા માંડ્યો !"

કા'નો : (બે દાંત દબાવીને) "અં... હં (હું કાંઈ માટી ખાતો જ નથી.)"

મા : "મોઢું ખોલ."

કા'નો : "અં... હં."

મા પરાણે મોઢું ખોલાવે છે અને ભાગવતકાર શું કહે છે ? એ જ કહી શકે. બીજા કોઈની શક્તિ નથી. તેણે મોઢું ખોલાવ્યું તો તેને ચૌદ બ્રહ્માંડ દેખાયાં ! અને પછી ચાલુ પુરાણીઓ કહે કે બ્રહ્માંડો ભગવાનમાં હતાં. ને આ બધી વાતોમાં હું માનતો નથી.

ચૌદ બ્રહ્માંડ દેખાયાં એટલે બાળકની અંદર અમીબાથી માંડી મહાત્મા ગાંધી સુધીના અંશો આવેલા છે, તે ચૌદ બ્રહ્માંડ છે. એ શક્તિ બાળકની અંદર નિગૂઢ રીતે પડેલી છે અને એ કો'ક યશોદાને દેખાય જાય છે અને બાકી બધીને દેખાતી જ નથી ! તેને બાળક તે બાળક જ લાગે છે.

બાળક એ ઈનહેરીટર (વારસદાર) છે. કોના ? બાયોલોજીકલી, સાયકોલોજીકલી કોઈપણ હિસાબે જુઓ. વિજ્ઞાનનો સિદ્ધાંત છે કે એનર્જીનો નાશ થતો નથી. એનર્જીનો નાશ થાય જ નહિ, એનું પરિવર્તન થાય છે ! તો આ કાળોના કાળથી આ એનર્જી આપણા દ્વારા બહાર આવી છે. તે આવી કઈ જગ્યાએ ? ભાગવતના દશમસ્કંધમાં કહ્યું છે કે એ બાળકમાં આવે છે. એની આપણને ખબર નથી પડતી. એનું કારણ આપણાં અજ્ઞાન મા-બાપ, અજ્ઞાન શિક્ષકો, અજ્ઞાન સમાજ છે !

એક વાર કૃષ્ણને બાંધ્યા, જેને ઉખળબંધન કહે છે. તે ઉખળબંધનમાં તેના હાથ બાંધે છે. ને ભગવાન તો ભોળા-ડાહ્યા છોકરાની જેમ ઊભા રહ્યા. એણે દોરડું મંગાવ્યું. તે દોરડું ટૂંકું પડ્યું. બીજું મંગાવ્યું, તે પણ ટૂંકું પડ્યું. ત્રીજું મંગાવ્યું. છેવટે ઘરમાં જેટલાં દોરડાં હતાં તે મંગાવ્યાં, પણ તે ટૂંકાં પડ્યાં. આ કેવડો મોટો સિદ્ધાંત છે કે, 'બાળકને તમે નહિ બાંધી શકો. કૃપા કરીને એ ધંધો મૂકી દો. એ ધંધો તમારે કરવા જેવો નથી.' તમે શું બાળકને બાંધશો ? ઓરડામાં હું એને બેસાડીશ. સમજો કે એને પાટિયા સામે બેસાડીશ. 'જો, પાટિયા સામે જો,  A=B, B=C, A=C, - પૂછીશ. 'બધું જુએ છે કે નથી જોતો ?' પેલો આ સામે આંખો કરે અને હું એમમાનું કે એ ભણવા માંડ્યો છે, પણ એ તો એમવિચાર કરતો હોય કે મારે ના'વા જવું છે...!

આ દશમસ્કંધમાં તો એમજ કહ્યું છે કે આવું આયોજન કરતાં જ નહિ - છોકરાંને બાંધવાનું !

જીવન પ્રત્યે એક પ્રકારનો આદર - જીવમાત્ર પ્રત્યે એક પ્રકારનો આદર હોવો જોઈએ. એ આદર સમસંવેદનશીલતામાંથી આવે છે અને એ ગુણ મા આપે છે. બાપ આપે છે, મિત્રો આપે છે, ઢોર આપે છે, જેની સાથે રમ્યા હોય તે આપે છે.

અમે બધાં નાનાં હતાં ત્યારે શેરીમાં કૂતરી વિયાય એટલે અમે બધાં ભેગાં થઈ જઈને એને જોઈએ. કાળું, લાલ, કાબરું કેટલાં એનાં બચ્ચાં આવ્યાં ? પછી અમને એમથાય કે અમારી બહેન કે માને સુવાવડ આવે ત્યારે એને શીરો ખવડાવે છે તો ચાલો આપણે આ કૂતરીને શીરો ખવડાવીએ. એક ઠીંકરી લઈને અમે જઈએ. ઘેર ઘેર જઈને કહીએ, 'બાઈ બાઈ કૂતરી વિયાણી, તેલ દો, ગોળ દો.' આ એક સંવેદનશીલતા હતી !

હવે કોણ એ જાય છે ? કોને પડી છે એવી ? કૂતરી ને એનાં ગલૂડિયાં સાથે શું લેવા કે શું દેવા ! સિમેન્ટનાં જંગલો સંવેદનશીલતાને ગૂંગળાવી નાખે છે...

અમારે ત્યાં પ્રાથમિક શાળામાં અમે છોકરાઓને કહીએ કે તું બે ઝાડ ઉછેર. ખાતર-દવા કર. બે કૂતરાનાં બચ્ચાંને ઉછેર. આ ગાયનાં બચ્ચાંને રમાડ. આખો દિવસ કાંઈ કોઈ એ કરતું નથી. પણ એને એટલી તો ખબર પડે છે, કે મારે પાણી પીવું પડે છે એમ વાછરડાંને પણ પાણી જોઈએ છે. મારે કંઈ ખાવા જોઈએ, એમછોડને ખાતર જોઈએ છે અને એને ખાતર ન મળે તો તે સુકાઈ જાય છે. એને પહેલો ભાવ તો એ જ થાય છે કે મારા જેવા જ એ પણ ચેતનવંત જીવ છે એટલે એને મારી નાખવાનો, ફેંકી દેવાનો કોઈ સવાલ જ નથી.

આ સમસંવેદનશીલતા તમે કદી ઈંટ-ચુનાનાં મકાનમાં નહિ શીખવી શકો. ઈંટ-ચુનાના મકાનમાં પછી એ રહેવાનો હોય તો ભલે રહે !

શ્રી કૃષ્ણની ઉંમર હતી ૧૩ વર્ષની, ત્યારે કહે છે કે ભગવાન ૧૩ મે વર્ષે રાસલીલા રમ્યા હતા અને પંદરમે વર્ષે એમણે કંસને માર્યો હતો. હવે એકાદ છોકરો તો એવો નીકળે, કંસને મારવાવાળો ! ક્યાંથી નીકળે આ ઈંટ-ચુનાના મકાનમાંથી ? પંદરમે વર્ષે એ માણસે કહ્યું કે હું કંસને મારી શકું છું ! સૌથી આશ્ચર્યની વાત દશમસ્કંધમાં એ છે કે કંસને માર્યા પછી પોતાનાં માતા-પિતાને છોડવવા તેઓ કારાગારમાં જાય છે. તેમને પગે લાગે છે અને દેવકી એને છાતીએ લગાડે છે. ઉગ્રસેન એને કહે છે કે, 'હવે તું ગાદીએ બેસ.' ત્યારે વસુદેવની સામે જોઈને કહે છે : 'પિતાજી, અમે અત્યાર સુધી ભણ્યા નથી. અમે નેસડામાં રહ્યા છીએ. ત્યાં અમને કોણ ભણાવે ? તો અમને ભણવા મોકલો.'

પંદરમે વર્ષે એ ભણવા જાય છે. સાંદીપનિને ત્યાં. એમકહે છે કે, ત્યાં ૬૪ કળાઓ ૬૪ દિવસમાં કૃષ્ણ શીખી ગયા. એ તો બધું કાવ્ય છે, પણ એટલું તો ખરું જ કે એ બધું જલદી શીખી ગયા હતા !

બીજી બાજુ આપણે તો ત્રણ વરસનું છોકરું ન થયું હોય કે તે પહેલાં એને બાળમંદિરમાં ખોસી દઈએ છીએ. આજના બાળમંદિરમાં મંદિરેય નથી હોતું અને બાળ પણ નથી હોતાં. એવી અત્યારની નિશાળ છે. હવે એ છોકરું કેવી રીતે શ્રીકૃષ્ણ થાય એ મને સમજાતું નથી.

આપણે બાળક પર જુલમ કરીએ છીએ. જો તમે ભાગવતની કથામાં ન જાઓ તો મને વાંધો નથી, પણ જાઓ તો મહેરબાની કરીને આમાંથી નીકળી જાઓ. છોકરાંને છોકરાંની રીતે જીવવા દો. એ થોડું મોડું ભણશે તો તે વહેલું ભણશે ! આ હું વર્ષોના મારા અનુભવે કહું છું. મારા ઘણા છોકરાઓ ૧૩ વર્ષની ઉંમરે આવ્યા છે ભણવા માટે અને એમ.એ. (ઈકોનોમીક્સ) થયા છે. એનું કારણ એ છે કે અનુભવ લઈને આવે છે એટલે વાત જલદી સમજાઈ જાય છે.

શ્રીકૃષ્ણ એક એવા પુરુષ છે કે જેનો સમુચિત વિકાસ થયો છે. એને આપણે ફરી ફરીને યાદ કરવા જેવા છે. પણ એવા શ્રીકૃષ્ણ 'મા' અથવા 'શિક્ષક' બે જ કરી શકે. આ 'મા' ની વાત ભાગવતે યશોદામાં કરી નાખી.

(શ્રી નરસી મોનજી જન્મશતાબ્દી વર્ષ - મુંબઈમાં આપેલ વ્યાખ્યાન 'મનુષ્યત્વની કેળવણી' માંથી સારવીને સાભાર.)



# (કળિયુગના) સત્યના પ્રયોગ

શાહબુદ્દીન રાઠોડ

સત્યને જાણવા માટે અનુભવ સિવાય બીજું કોઈ સાધન નહિ હોવાથી મેં ૦૧-૦૧-૧૯૯૩નો દિવસ નક્કી કર્યો. મનમાં દૃઢ સંકલ્પ કર્યો કે ભલે ગમે તેટલી મુશ્કેલીઓ આવે, ભલે ગમે તેવી મહાન આપત્તિ આવી પડે, પણ મારે સવારથી સાંજ સુધી સત્ય જ બોલવું અને સત્ય સિવાય બીજું કાંઈ ન બોલવું. સત્યના પાલનમાં જેજે યાતનાઓ આવે તે ચૂપચાપ સહી લેવી.

૦૧-૦૧-૯૩નું સવાર પડ્યું. નવા વર્ષના શુભ આગમનથી મારું હૃદય પ્રફુલ્લિત થયું. મેં સ્નાન કર્યું, અલ્લાહની ઈદાબત કરી, મારો દૃઢ સંકલ્પ જાહેર કર્યો. સત્યને માર્ગે ચાલનાર સત્યવીર જેવા ઉમદા ભાવો હૃદયમાં જાગ્યા. હું તૈયાર થયો ત્યાં 'નાસ્તો તૈયાર છે' એવો મારી પત્નીનો સ્વર સંભળાયો. મારા આશ્ચર્ય વચ્ચે ટેબલ પર એક ડીશમાં તીખી પૂરી, એકમાં મોળી પૂરી, એકમાં ગાંઠિયા, સાથે તળેલાં મરચાં, નવી ડીઝાઈનવાળાં કપ-રકાબી અને મને ભેટમાં મળેલી કીટલીમાં ચા - બધુ ડાઈનિંગ ટેબલ પર વ્યવસ્થિત ગોઠવાયેલું હતું. મારી પત્ની સાબિરાનો વ્યવહાર પણ આજે જુદો હતો.

પત્નીનો પ્રેમસભર વહેવાર જોઈને કોઈ તાજો પરણેલો પુરુષ કદાચ હરખાઈ જાય, પણ લાંબા લગ્નજીવન બાદ ઘડાયેલો પતિ તરત જ સમજી જાય છે કે સસ્મિત વહેવાર પાછળ કોઈ માગણીનો પ્રસ્તાવ રજૂ થશે. હું આવી મૂંઝવણમાં નાસ્તો કરતો હતો ત્યાં પત્ની બોલી કે "ગઈ કાલે તમે સાડીઓની ડીઝાઈન વખાણી હતી તે સાંજે લેતા આવજો."

મેં તરત જ સાચું કહી દીધું કે "મને ડ્રોઈંગમાં રસ હોવાથી એની ડીઝાઈન વખાણી હતી. બાકી એવી મોંઘાપાડની સાડીઓ આપણે ખરીદવી નથી."

મારી પત્ની કહે : "ભલે ગમે તે રીતે સાડીઓ વખાણી હોય, પણ છે તો સારીને ? બસ, લેતા આવજો, હું કહું છું ને ?"

મેં કહ્યું, "મેં કીધું ને હું નહિ લાવું."

બસ ઘરમાં થયો કજિયો શરૂ.

"એ ભર્યા ભવમાં બે સાડીઓનું વેણ નાખ્યું તોપણ 'હું નહિ લાવું !' એ તમે શું લાવતા'તા!" આવા પ્રકારનો વાણીનો પ્રવાહ શરૂ થઈ ગયો.

સામાન્ય રીતે આવા પ્રસંગે જે પ્રકારનો બળાપો બૈરાઓ કાઢે છે એવો બળાપો કાઢવામાં આવ્યો અને છેલ્લે ખીજમાં આડું જોઈ મને સાબિરાએ કહ્યું : "જુઓ, મેઈલમાં મારા બાપુજી, ભાઈઓ, ભાભીઓ, બાળકો વેકેશન ગાળવા આવે છે. જરા મેઈલ પર સામા જજો અને રિક્ષામાં સૌને લાવજો, અને જરાક કહેજો, તમે આવ્યાં તેથી અમને બહુ આનંદ થયો, તમારી અમે કેટલાય દિવસથી રાહ જોતાં હતાં. હવે આવ્યાં છો તો પંદર-વીસ દિવસ તો રોકાવું પડશે જ... બાઘાની જેમ ઊભા રહેતા નહિ, સમજ્યા ?"

મેં સૂચના ધ્યાનપૂર્વક સાંભળી અને કહ્યું : "ભલે, સ્ટેશન સામો જઈશ."

"મારા વચનનું હું પાલન કરીશ-" આમકહી હું ઘેરથી નીકળ્યો. રસ્તામાં કુંવરજી વાઘજીની દુકાન આવે છે. અમારી જીવન-જરૂરિયાતની ચીજ-વસ્તુઓ અમે ત્યાંથી ખરીદી કરીએ છીએ. ક્યારેક બીલ ભરવામાં વહેલું-મોડું થઈ જાય. બબ્બે મહિનાનાં બિલ ભેગાં થઈ જાય. એ ભરાય નહિ અને ખરીદી રાબેતા મુજબ ચાલુ રહે. બાકી રહેલું દેણું પાછું વધી જાય. વિષ્ણુગુપ્ત ચાણક્યે કહ્યું છે, "દેણું, દર્દ અને દુશ્મન ત્રણેનો જડમૂળથી નાશ કરવો."

આવા વિચારોમાં હું સ્કુલ તરફ જતો હતો ત્યાં રસ્તામાં મુંબઈના મહેમાનો મળ્યા. વિનુભાઈ મહેતા, ચીનુભાઈ શાહ, બાબુલાલ મેઘજી શાહ, શાંતિલાલ મહેતા. હું આ બધાને જોઈ ખુશ થઈ ગયો : "અરે, તમે બધા અહીં ક્યાંથી ? ચાલો ઘેર, ચા-પાણી પીને જજો."

વિનુભાઈ કહે : "ખોટા વિવેકની જરૂર નથી. અમે આવ્યા છીએ કામે અને મેઈલમાં જ પાછું ફરવું છે."

મેં કહ્યું : "પણ એવું તે શું કામ લઈને આવ્યા છો ?"

વિનુભાઈ કહે : "આ શાંતિલાલની દીકરી માટે મુરતિયો જોવા આવ્યા છીએ. અહીં ઉત્તમચંદ શેઠના પ્રમોદને જોવા આવ્યા છીએ. સાચું બોલજો : છોકરો કેમછે ?"

મેં કહ્યું, "પ્રમોદ ?"

પ્રમોદ અમારે તરપાળે રતન હતો. કાળું પાટલૂન, કાળું શર્ટ, ધોળા બટન, સેંથકની વાધરીવાળા ઊંચી એડીના બૂટ, ગળામાં વાઘનખ, હાથમાં ગેંડાના ચામડાનું કડું ધારણ કરતો, તરગાળા જેવા લાંબા વાળ રાખતો અને હમણાંથી વળી કાનમાં કડી પણ પહેરતો. તેજ-તમાકુ-પાન ખાઈ હાથમાં સિગરેટ રાખી પાનના ગલ્લે આખો દિવસ ટોળટપ્પાં માર્યા કરતો. પોલીસ જેવો જાડો પટ્ટો બાંધતો અને ન જોવાની ફિલ્મો જોતો. ક્યારેક જુગારમાં પકડાતો. હમણાં ત્રણ-ચાર દિવસ પહેલાં જ પ્રમોદનો દંડ કરવામાં આવ્યો હતો. મારા મનમાં સાચેસાચું જે પ્રમોદનું ચિત્ર હતું તે મેં મહેમાનો સમક્ષ રજૂ કર્યું. મહેમાનો કહે, "સારું થયું ને તમે મળી ગયા."

અમારી વાત ચાલતી હતી ત્યાં ઉત્તમચંદ શેઠ, પ્રમોદ, તેના મામા અને અન્ય મહેમાનો પણ મળ્યા. આજે મેં પ્રમોદને જુદા રંગમાં જોયો. સફેદ લેંઘો-ઝભ્ભો, સફેદ પટ્ટીનાં ચપ્પલ, ટૂંકા વ્યવસ્થિત ઓળેલા વાળ, હાથમાં ઝગારા મારતું નવું ઘડિયાળ, ગળામાં સોનાનો ચેન અને મોઢામાં પાનને બદલે માત્ર સોપારીનો કટકો. પ્રમોદના પરિવર્તનની મેં નોંધ કરી. મારી નોંધ જે મહેમાનોના મનમાં અંકિત થઈ ચૂકી હતી તેના લીધે મુંબઈવાળાએ ખૂબીપૂર્વક વાત વાળી લીધી. સગપણનું પાકું કર્યા વગર જતા રહ્યા. હું પણ સ્કૂલે ગયો. ત્યાં સૌરાષ્ટ્ર મેઈલનો સમય થયો.

હું સ્ટેશન આવ્યો. મારા મહેમાનોનો સમૂહ ઊતર્યો. હું અદબ ભીડીને સામો જઈ ઊભો રહ્યો અને ભાવવિહીન ચેહેરે સાબિરાએ જે કહ્યું હતું તે બધું એકીશ્વાસે બોલી ગયો : તમે આવ્યા તેથી બહુ આનંદ થયો : હવે રોકાજો, વગેરે અને છેલ્લે કહ્યું, "સાબિરાએ કહ્યું છે એટલે હું તમને કહું છું."

"નહીંતર ?" મારા સાળાએ પ્રશ્ન કર્યો.

મેં કહ્યું, "નહીંતર આટલાં બધાં મહેમાનોએ એકીસાથે અવાતું હશે ?" મારા મનમાં જે હતું તે મેં સચ્ચાઈપૂર્વક રજૂ કર્યું - વાણી, વિચાર અને વર્તનમાં એકસૂત્રતા જાળવીને.

બસ ખલાસ ! સ્ટેશનમાં જ મહેમાનો સાથે વાંધો પડ્યો. વળતાં સાથે મહેમાનો હોવાથી કદાચ ઉઘરાણી પાકી જાય એવો આશયથી અશોકે મને પૂછ્યું : "તમે સાચું કહેજો, મને પૈસા ક્યારે આપશો ?"

મેં કહ્યું, "એક મહિના પછી."

અશોક કહે, "કાલે કહેતા હતા એક-બે દિવસમાં આપી દઈશ અને આજે એક મહિનો કહો છો !"

મેં કહ્યું : "એ બધું ખોટું. આજે કહું છું તે સત્ય છે."

ત્યાં તો ઉત્તમચંદ શેઠ અને પ્રમોદ, શેઠના ધણખૂંટ જેવા બે સાળા બધા મને ફરી વળ્યા. શેઠ કહે : "સાચું બોલજો - તમે મુંબઈના મહેમાન સાથે શું વાત કરી ?"

મેં જે સત્ય ઘટના હતી તે જણાવી અને બજાર વચ્ચે કજિયો થયો.

સાંજ પડતાં-પડતાં તો આવી અવદશા થઈ ગઈ. સાંજે મેં ડાયરીમાં નોંધ કરી : એક જ દિવસ સત્યના માર્ગે ચાલવાથી આવી દશા થતી હોય તો સમગ્ર જીવન જે માનવીએ સત્યનું અનુસરણ કર્યું હશે તેણે કેટલી યાતનાઓ સહી હશે ?



# જગતનાં અસાધારણ આશ્ચર્યો


(સૌજન્ય: ઓનેસ્ટ પબ્લિકેશન્સ)



બોઇંગ ૭૪૭ વિમાન ઊંધુ પણ ઊડી શકે છે. જોકે, તેમાં તેનાં પાંખિયાં તૂટી જવાનું જોખમ રહેલું હોય છે.




આધુનિક ઉપકરણોનો વીજ વપરાશ વધવાને કારણે પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રમાં ફેરફાર થઈ રહ્યો છે.




ઓલિમ્પિક બેડમિન્ટનના નિયમ પ્રમાણે શટલમાં બરાબર ૧૬ પીંછાં હોવા જોઈએ.




આપણું હૃદય દિવસમાં ૧,૦૦,૦૦૦થી વધુ વખત ધબકે છે.



આઇસલેન્ડમાં કૂતરો પાળવા પર પ્રતિબંધ છે.



યુનિવર્સિટી ઓફ લંડનની તમામ મહત્ત્વની મિટિંગમાં વિખ્યાત વિદ્વાન જેરેમી બેન્થેમના હાડપિંજરને ઉપસ્થિત રાખવામાં આવે છે.



દેડકાનાં ટોળાંને અંગ્રેજીમાં **'આર્મી'** કહે છે.




પ્રત્યેક કાર દ્વારા દર ૪૦ કિલોમીટરે ૧ પાઉન્ડ (આશરે .૪૫ કિ.ગ્રા.) પ્રદૂષણ પેદા થાય છે.

# ગુજરાતના ઇતિહાસનાં ખ્યાતનામ નામો

રમેશ તન્ના

ગુજરાતની ભૂમિ અને ગુજરાતના લોકો અનેક રીતે મહાન છે. ગુજરાતનું ઘડતર અનેક લોકોએ કર્યુ છે. આ લેખમાં એવા કેટલાક મહાનુભવોની વાત છે. આપણે તેમાંથી પ્રેરણા લઈએ.

## જય જય ગરવી ગુજરાત

વીર કવિ નર્મદે આ હૃદયભાવ વ્યક્ત કર્યો હતો તે પ્રત્યેક ગુજરાતીના મનમાં વર્ષોથી સ્થિર થયો છે. ગુજરાતનું ગૌરવગાન કરતાં કાવ્યો ઘણાં લખાયાં છે, પણ 'જય જય ગરવી ગુજરાત' માં જે જયઘોષ છે તે પ્રત્યેક ગુજરાતીને તરત જ સ્પર્શી જાય છે.



નર્મદ આ જ કાવ્યમાં એમપણ કહે છે કે, 'ઊંચી તુજ સુંદર જાત'. (જોકે એમતો આ જ કાવ્યમાં એ એમપણ કહે છે કે 'સંપે સોહે સહુ જાત', પણ એના તરફ જ્યારે નર્મદ હયાત હતા ત્યારે પણ અને આજે પણ ગુજરાતીઓ ક્યાં ખાસ ધ્યાન આપે છે.) આ ગુજરાતી ઊંચી સુંદર જાત...ગરવી ગુજરાત એટલે શું ? એક ભવ્ય પરંપરા, એક ઉજ્જવળ પરંપરા. ગુજરાતની અસ્મિતાનો મનોભાવ હોય કે પછી સમૃદ્ધ, સંસ્કારી, સાહસિક, સહિષ્ણુ અને સુંદર ગુજરાતનું ગૌરવગાન હોય, આ મનોભાવ કે ગૌરવગાનનો ખરો અધિકાર તો છે ગરવો ગુજરાતી.

કેવો છે આ ગુજરાતી ?

તે પરિશ્રમી છે, તે સમાધાનકારી છે, તેનામાં સહિષ્ણુતા ઠાંસી ઠાંસીને ભરી છે. તે 'જીવો અને જીવવા દો'ની નીતિમાં માને છે. એટલું જ નહિ, એ પ્રમાણે તે જીવે પણ છે. તે પોતાની પ્રગતિમાં, પોતાના ઉત્કર્ષમાં માને છે, પણ બીજા કોઈના ભોગે નહિ. એને પોતાની જાતનું અને પોતાની પરંપરાઓનું ભારોભાર ગૌરવ છે, પણ એ પોતાનું આ ગૌરવ કોઈના પર ઠોકી બેસાડતો નથી. ગરવો ગુજરાતી પોતાની ગુજરાતી તરીકેની અસલિયતને સાચવીને પણ જે-તે પ્રદેશમાં એકરૂપ થઈ જાય છે. આ રીતે જોઈએ તો ગુજરાતી વિશાળ દ્રષ્ટિનો છે. આ સાબિતી ગુજરાત બીજા પ્રાંતના લોકોને પોતાને ત્યાં જે રીતે સમાવે છે અને સ્વીકારે છે તેમાં પણ મળે છે. મહાત્મા ગાંધી ખરેખર તો ગુજરાતી વિશાળ માનસના મનોભાવનું પ્રગટીકરણ છે !

આપણે મહાત્મા ગાંધીને યાદ કર્યા ! પણ ગુજરાતની ગુણિયલ ભૂમિએ તો વિશ્વને કેટકેટલા વીરપુરુષોની ભેટ ધરી છે ! પહેલી મે, ગુજરાત દિન નિમિત્તે આવા કેટલાક ગરવા ગુજરાતીઓનું પુણ્ય સ્મરણ કરીએ.

પ્રારંભ કરીએ તો કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય (વિક્રમસંવત ૧૧૪૫થી વિક્રમસંવત ૧૨૨૯)થી. જન્મધંધુકામાં. જ્ઞાનના મહાઉપાસક. પાટણમાં સિદ્ધરાજ જયસિંહના દરબારને તેમણે શોભાવ્યો. તેમનું મહત્વનું પ્રદાન તે સિદ્ધહેમ(વ્યાકરણ). આ ગ્રંથને રાજહાથી પર રાખી સિદ્ધરાજ શોભાયાત્રામાં પાટણમાં પગપાળા ચાલ્યા હતા. હેમચંદ્રાચાર્યે બીજા પણ ઘણાં મહત્વના ગ્રંથો આપ્યા. આચાર્ય, પંડિત, વિદ્વાન, ભાષાસાહિત્યના અઠંગ અભ્યાસી, જૈન ધર્મના જ્ઞાતા હેમચંદ્રાચાર્ય ગુજરાતી ભાષા-સાહિત્યના ઉદ્ભવ-વિકાસના પ્રથમઉદ્ઘોષક હતા.

પ્રથમઉદ્ઘોષકને યાદ કર્યા પછી પરોઢે ગવાતા પ્રભાતિયાંને યાદ કરીએ અને ત્યારે તરત જ યાદ આવે નરસિંહ મહેતા. ગુજરાતી ભાષાના આ આદિકવિએ ગુજરાતી ભાષા અને સાહિત્યને રળિયાત કર્યું છે. ૧૫મી સદીમાં થઈ ગયેલા આ કવિની અનેક રચનાઓ આજે પણ ગુજરાતીઓના મનહૃદયમાં અને હોઠ પર રમે છે. નરસિંહે ભક્તિની રચનાઓ આપી તો અખાએ ગુજરાતી સાહિત્યને છપ્પાની ભેટ ધરી. ૧૬મી સદીમાં થઈ ગયેલા આ સાહિત્યપુરુષે સમાજ અને ધર્મમાં ઘર કરી ગયેલા અનેક અનિષ્ટોને સચોટ અને વેધક રીતે ખુલ્લાં પાડ્યા.


જ્યાં સુધી ગુજરાતી ભાષાનો ઉદ્ધાર નહીં થાય ત્યાં સુધી માથે પાઘડી નહીં પહેરું એવી પ્રતિજ્ઞા કરનાર મહાકવિ પ્રેમાનંદ (૧૬૪૦ થી ૧૬૭૨ અંદાજે) ગુજરાતી સાહિત્યને અનેક મહત્વની કૃતિઓ આપી છે. પ્રેમાનંદના આખ્યાનો ગુજરાતી સાહિત્યના આભૂષણો છે. સત્તરમી સદીના અંતમાં ને અઢારમી સદીના પ્રારંભમાં ગુજરાતને પ્રેમાનંદ અને અખા ઉપરાંત ત્રીજો એક તેજસ્વી કવિ મળ્યો, તેનું નામશામળ (૧૬૯૪થી ૧૭૬૯). શામળ પદ્યવાર્તાકાર છે. તેની વાર્તાશૈલી એટલી અજબ હતી કે લોકો બધું ભૂલીને તેને સાંભળતા.

હવે યાદ કરીએ વીર કવિ નર્મદને! નર્મદ (૧૮૩૩થી ૧૮૮૬) બહુવિધ વ્યક્તિત્વ ધરાવતો નિર્ભય પત્રકાર હતો તો સાહસિક સમાજસુધારક હતો. કોઈ દિવસ કવિની આગળ વીર વિશેષણ લાગે ખરું ? નર્મદના નામઆગળ લાગે છે. ગુજરાતી સાહિત્યમાં અર્વાચીન યુગનો રીતસરનો પ્રારંભ નર્મદથી થયો. તેણે પદ્ય અને ગદ્ય બંને સ્વરૂપોમાં અનેક નવી પહેલો કરી. તેણે 'ડાંડિયો' દ્વારા નિર્ભીક પત્રકારત્વનો નમૂનો પેશ કર્યો.

ગુજરાતી ભાષા અને સાહિત્યનું એ ભાગ્ય છે કે તેને સમાંતરે અભ્યાસી, પ્રતિભાશળી અને પ્રતિબદ્ધ વ્યક્તિઓ મળતી રહે છે. દયારામઅને દલપતરામે પણ અનેક નોંધપાત્ર કૃતિઓ આપી. દલપતરામે તો કહ્યુ હતું કે 'હું ગુજરાતી વાણી રાણીનો વકીલ છું.'

ગોવર્ધનરામત્રિપાઠી (૧૮૫૫થી ૧૯૦૭) એ 'સરસ્વતીચંદ્ર' જેવી અમર કૃતિ આપી. નડિયાદના જ અન્ય એક સારસ્વત મણિલાલ નભુભાઈ (૧૮૫૮ થી ૧૮૯૮)એ ગુજરાતી ગઝલને સમૃદ્ધ કરી. માત્ર ૪૦વર્ષની આયુમાં તેમનું પ્રદાન અનન્ય રહ્યું.

કલાપી (૧૮૭૪ થી ૧૯૦૦)નાં કાવ્યો, પ્રકૃતિ, પ્રણય અને ત્યાગના ભાવોથી તરબતર હતાં. કલાપીએ અનેક ઉત્તમકાવ્યો આપ્યાં. ગુજરાતના



કવિવર ન્હાનાલાલ દલપતરામ(૧૮૭૭થી ૧૯૪૬)નું પ્રદાન સાહિત્યક્ષેત્રે, કાવ્યો અને નાટ્યલેખન ક્ષેત્રે અપૂર્વ હતું.

પ્રજ્ઞાચક્ષુ સુખલાલજી (૧૮૮૦થી ૧૯૭૮) જૈન ધર્મના પ્રકાંડ પંડિત હતા. તેમણે અનેક ઉત્કૃષ્ટ અને અભ્યાસી કૃતિઓ આપી છે. તેમનું જીવન આત્મશિક્ષણ અને જ્ઞાનપિપાસાનું એક અજોડ ઉદાહરણ છે.

હવે યાદ કરીએ રણજિતરામવાવાભાઈ મહેતા (૧૮૮૧થી ૧૯૧૭)ને. ગુજરાતી સાહિત્ય પરિષદના સ્વપ્નદ્રષ્ટા અને સ્થાપક. નાનકડા આયુષ્યકાળમાં આ વ્યક્તિએ ગુજરાતની સાહિત્યની ઉન્નતિ માટે અનેક પ્રવૃત્તિઓ કરી. ૧૯૨૮થી તેમની સ્મૃતિમાં ગુજરાત સાહિત્ય સભા દ્વારા રણજિતરામસુવર્ણચંદ્રક અપાય છે.


જેણે 'ગુજરાતી અસ્મિતાનું' ગાન કર્યું તે કનૈયાલાલ મુનશી (૧૮૮૭થી ૧૯૭૧) સર્વતોમુખી પ્રતિભા ધરાવતા હતા. તેમણે વિપુલ સાહિત્યસર્જન કર્યું તો ભારતીય સંસ્કૃતિના સંવર્ધન માટે પણ નોંધપાત્ર પ્રવૃત્તિઓ કરી. સાહિત્ય, સંસ્કાર, જાહેર જીવન એમઅનેક ક્ષેત્રોમાં તેમણે એકસરખી સફળતા મેળવી.

ગુજરાતના સારસ્વતોને યાદ કરતાં હોઈએ ત્યારે ઝવેરચંદ મેઘાણી(૧૮૯૬થી ૧૯૪૭) ને કેમભુલાય ? લોકસાહિત્યના પ્રખર અભ્યાસી અને કસુંબલ રંગના આ મહાન ગાયકે ગુજરાતની પ્રાણથી ધબકતી વાણીને ગુજરાતને ચરણે ભેટ ધરી ! રાષ્ટ્રીય ચળવળમાં પણ તેમનું ઘણું મોટું પ્રદાન...



ગુજરાતી ભાષા અને સાહિત્યને સમૃદ્ધ કરવામાં, રળિયાત કરવામાં સ્વામી આનંદ, ધૂમકેતુ, ર.વ.દેસાઈ, પન્નાલાલ પટેલ, સુંદરમ્, સ્નેહરશ્મિ, રા.વિ. પાઠક, કાન્ત, કાકાસાહેબ કાલેલકર વગેરેનું પણ નોંધપાત્ર પ્રદાન. સાહિત્યકારોની સાથે ગુજરાતને સમયાંતરે સિદ્ધહસ્ત કળાકારો પણ મળતા રહ્યા છે.આવાં એક નહિ,અનેક મહત્વપૂર્ણ નામો છે.કોને યાદ કરીશું સૌપ્રથમ? ભવાઈકળાના આદિપુરુષ અસાઈતને. અસાઈત ઠાકર ગુજરાતી ભવાઈના ભિષ્મપિતામહ છે. ભવાઈના ૩૬૦ જેટલા વેશ તેમણે લખ્યા. લોકરંજનની સાથે તેમણે સમાજના કુરિવાજો પર આકરા ઘા કર્યા હતા. નાટ્યકળાના આજીવન સાધક જયશંકર 'સુંદરી' (૧૮૮૯થી ૧૯૭૫)એ ગુજરાતી રંગભૂમિની રીતસર સાધના કરી.

આદિત્યરામવ્યાસ (૧૮૧૯થી ૧૮૮૦) બૈજુ બાવરા પછી ગુજરાતના સમર્થ સંગીતકાર હતા. તેમણે સંગીતક્ષેત્રે માતબર પ્રદાન આપ્યું. તેઓ માત્ર ગાયક જ નહિ, પરંતુ સમર્થ પખવાજવાદક પણ હતા. આ અવસરે આપણે ભારતીય સંગીતના સૌપ્રથમનોટેશન પદ્ધતિ યોજનારા મૌલા બક્ષ (૧૮૩૩થી ૧૮૯૬)ને પણ યાદ કરવા જોઈએ. મૌલા બક્ષે સંગીતની સાધના કરી નોટેશન પદ્ધતિ યોજી તથા સંગીતલક્ષી સામયિકો અને પુસ્તકો પણ પ્રગટ કર્યા. ગુજરાતમાં સંગીતશિક્ષણની પદ્ધતિસરની તાલીમઆપનારી શિક્ષણશાળાના તેઓ પ્રથમઆચાર્ય હતા.



જો આપણે ગુજરાતમાં સંગીતનો પર્યાય બની ગયેલા ઓમકારનાથ ઠાકુર (૧૮૯૭થી ૧૯૬૭)ને યાદ ન કરીએ તો લેખ અધૂરો ગણાય. તેમણે ભારતના સાંસ્કૃતિક અને સાંગીતિક ઈતિહાસમાં અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ભરૂચના વતની આ સંગીતસાધકની કીર્તિ સમગ્ર દેશમાં વ્યાપી હતી. તેમણે વિશ્વના અનેક દેશોની મુલાકાત લીધી અને કાર્યક્રમો રજૂ કર્યા.


સાહિત્ય અને સંગીત તથા કળા એમવિવિધ ક્ષેત્રે ગુજરાતને સમયાંતરે પ્રતિભાશાળી અને સિદ્ધિવાન વ્યક્તિવિશેષ મળતાં રહ્યાં છે. આવા મહાનુભાવોને કારણે ગુજરાત અને ગુજરાતીની પ્રતિભા હંમેશાં ઉજળી થતી રહી છે. ગુજરાત દિન નિમિત્તે આવા પરાક્રમી અને ગરવા ગુજરાતીઓનું સ્મરણ કરીને તેમનો વારસો સાચવવાનો આપણે સંકલ્પ કરીએ.

ગુજરાતની પ્રજાની ઓળખ વેપારી પ્રજા તરીકેની છે તેમાં તથ્ય પણ છે. ગુજરાતીઓએ વેપારમાં અનેક સિદ્ધિઓ મેળવી છે. વેપારના કૌશલ્યને જોરે તો ગુજરાતીઓ આજે સમગ્ર વિશ્વમાં પ્રસર્યા છે અને સફળ થયા છે. વેપાર ઉપરાંત ગુજરાતીઓ અનેક ક્ષેત્રોમાં સિદ્ધ-પ્રસિદ્ધ થયા છે. ઘણીવાર કોઈ પ્રજાને (કે પછી કોઈ વ્યક્તિને) કપાળે કોઈ એક ચોક્કસ ઓળખ પ્રસ્થાપિત થઈ જાય તે ઓળખ જલદી ભૂંસાતી નથી. ગુજરાતી પ્રજાને પણ વેપારી તરીકેની જે ઓળખ વળગી છે તે જલદી ભૂંસાય તેવી નથી. હકીકત એ છે કે ગુજરાતીઓ સમાજજીવનમાં અનેક ક્ષેત્રોમાં શિખર પર પહોંચ્યા છે.




રાજ્યશાસનના ક્ષેત્રની વાત કરતાં હોઈએ તો તરત જ સિદ્ધરાજ જયસિંહનું સ્મરણ થાય. અગિયારમી અને બારમી સદી તેનો સમયકાળ. સિદ્ધરાજ પરાક્રમી અને સર્વધર્મ સમભાવી રાજા હતો. તેણે પોતાના શાસનકાળમાં ગુજરાત રાજ્યની સરહદને, ગુજરાત શબ્દને આકાર આપ્યો. વહીવટી, વ્યવસ્થાશક્તિ અને લશ્કરી સિદ્ધિમાં તો તે અજોડ હતો જ, પણ તેણે વિદ્યાવિસ્તારને પણ ઘણું ઉત્તેજન આપ્યું હતું.

એવું જ એક બીજું પરાક્રમી નામછે સયાજીરાવ ગાયકવાડનું. તેઓ પ્રજાપરાયણ પુરુષાર્થી મહારાજ હતા. તેમણે શિક્ષણ, સાહિત્ય, કળા તથા પુસ્તકાલય પ્રવૃત્તિઓ શરૂ કરી અને સ્થાયી કરી. તેમણે સ્ત્રીકેળવણી પર ઘણું ધ્યાન આપ્યું.ગુજરાતીમાં જ્ઞાનપ્રચાર, કળાપ્રચાર, વિજ્ઞાનપ્રચાર, ગ્રામસુધાર, નારીવિકાસ, અંત્યોદ્ધાર એમઅનેક ક્ષેત્રોમાં તેમનું પ્રદાન માતબર હતું. ગુજરાતમાં વિવિધ ક્ષેત્રોમાં જેમણે નોંધપાત્ર પ્રદાન કર્યું છે એવી વ્યક્તિઓના જીવનનો અભ્યાસ કરીએ તો એક તારણ એવું પણ મળે છે કે આ વ્યક્તિઓ સયાજીરાવ ગાયકવાડે જે શિક્ષણ અને પુસ્તકાલયની પ્રવૃત્તિઓ વિકસાવી હતી તેની લાભાર્થી હતી. આજે ગુજરાત ઘણું સમૃદ્ધ ગણાય છે, પરંતુ ગુજરાતમાં ૧૮ હજારથી વધુ ગામોમાંથી છ હજાર ગામોમાં પુસ્તકાલય નથી. આને આપણે કેવી સમૃદ્ધિ કહીશું ? સયાજીરાવ ગાયકવાડ પછી ગુજરાતને કોઈ એવો પ્રજાકીય નેતા મળ્યો નથી, જેણે શિક્ષણ અને સાહિત્યની ગંભીર ચિંતા કરીને તે અંગે અસરકારક કામગીરી કરી હોય. જ્યાં સુધી ગુજરાતના પ્રત્યેક ગામમાં ધબકતું પુસ્તકાલય નહીં થાય ત્યાં સુધી ગુજરાત પૂર્ણ રીતે સમૃદ્ધ કહેવાશે નહી.




આપણે આ તબક્કે મહારાજા ભગવતસિંહને પણ યાદ કરવા જોઈએ. ગોંડલના આ રાજાએ ભગવદ્ગોમંડલની રચના કરાવી હતી. તેમણે ખેતીના વિકાસમાં ખૂબ જ રસ લીધો હતો. અતિશય સાદું જીવન જીવતા આ રાજાએ શિક્ષણના વિકાસ માટે અનેક મહત્વનાં પગલાં ભરાવ્યાં હતા. ગુજરાતના આદર્શ રાજવીઓમાં ભગવતસિંહજી નિઃશંકપણે પહેલી

હરોળમાં બેસે છે. તેમણે આરોગ્યની સેવાઓનો વિકાસ કર્યો હતો તથા અનેક સામાજિક સુધારાઓ પણ કર્યા હતા. ગોંડલને આદર્શ રાજ્ય બનાવવાનું તેમનું જીવનધ્યેય હતું. એ જ રીતે ભાવનગરનો ચહેરો બદલી નાખનાર ગૌરીશંકર ઓઝા 'ગગા ઓઝા'એ પણ શાસક તરીકે નોંધપાત્ર કામગીરી કરી હતી. આમગુજરાતને સમયાંતરે પ્રજાને પ્રતિબદ્ધ એવું નેતૃત્વ મળતું રહ્યું છે. ગુજરાતને સરદાર વલ્લભભાઈ પટેલ મળ્યા, જેમણે માત્ર ગુજરાતના વિકાસમાં જ નહિ, પરંતુ અખંડ ભારતના નિર્માણમાં પણ મહત્વનું યોગદાન આપ્યું. સરદાર વલ્લભભાઈ પટેલે નેતૃત્વના અનેક નવાં પરિણામો સર્જી બતાવ્યાં હતા. જો તેમણે ગુજરાતને વધારે સમય અને શક્તિ આપ્યાં હોત તો ગુજરાતનો નકશો અને ચહેરો બને જુદા હોત.



અહીં આપણે મહાત્મા ગાંધીને પણ યાદ કરવા જોઈએ. ગુજરાતની ગરવી અને પુણ્યશાળી ભૂમિના આ સંતને સમગ્ર વિશ્વમાં અનોખાં કહી શકાય તેવાં સત્ય અને અહિંસાના તત્વોને પુનઃસ્થાપિત કર્યા. સમગ્ર વિશ્વને મહાત્મા ગાંધીના રૂપમાં ગુજરાતે એક અનુપમભેટ ધરી છે.

સમગ્ર વિશ્વને સમયાંતરે મહાપુરુષો મળતાં રહ્યા છે અને આ એક કાળપ્રવાહનો ક્રમહોય છે કે દરેક દેશ અને સમાજને પોતપોતાના સમયકાળમાં વિવિધ પ્રકારનું નેતૃત્વ મળતું હોય છે. પરંતુ મહાત્મા ગાંધીને આપણે અનેક રીતે યાદ કરવા પડશે.



શિક્ષણ ક્ષેત્રની વાત કરીએ તો કેટલા બધાં નામો યાદ આવે! નાનાભાઈ ભટ્ટ, ગિજુભાઈ બધેકા, જુગતરામદવે, ભાઈલાલભાઈ પટેલ, હંસાબેન મહેતા- આ બધાં એવાં નામો છે, જેમણે ગુજરાતના શિક્ષણ જગતને અજવાળ્યું છે. નાનાભાઈ ભટ્ટની સાથે મનુભાઈ પંચોળી 'દર્શક'ને યાદ કરીએ ત્યારે એક એવી દ્વિધા અનુભવાય કે મનુભાઈ પંચોળીને કયા કોષ્ટકમાં મૂલવવા ? તેમને એક લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર ગણીશું, સફળ કેળવણીકાર તરીકે તેમની મૂલવણી કરીશું, એક પ્રતિબદ્ધ પ્રજાકીય પુરુષ તરીકે તેમને યાદ રાખીશું ? કોઈ એક વ્યક્તિમાં આટલું બધુ સામર્થ્ય ભરેલું હોય તેવું ભાગ્યેજ બને. ગિજુભાઈ બધેકાએ પ્રાથમિક શિક્ષણક્ષેત્રે અનેક નવા પ્રયોગો કર્યા, તો નાનાભાઈ ભટ્ટે ગુજરાતમાં અનુપમઅને અસરકારક કહી શકાય તેવી સંસ્થાઓની સ્થાપના કરી.

ગુજરાતે વિજ્ઞાન ક્ષેત્રે પણ રત્નોને જન્મઆપ્યો છે. ત્રિભોવનદાસ ગજ્જરનું નામયાદ કરીએ એટલે આપણી સામે ગુજરાતના એક પ્રખર રસાયણશાસ્ત્રી નજર સામે આવે. ત્રિભોવનદાસ ગજ્જર (૧૮૬૩થી ૧૯૨૦) રસાયણશાસ્ત્રના પ્રોફેસર હતા અને વૈજ્ઞાનિક પણ હતા. પશ્ચિમભારતમાં ફાર્માસ્યુટીકલ ઉદ્યોગનો પ્રસાર કરવામાં તેમનું બહુમોટું પ્રદાન. તેમણે રસાયણક્ષેત્રે માતબર યોગદાન આપ્યું હતું. તેમણે પોતાનું જીવન સામાન્ય જન માટે અર્પણ કર્યું હતું.



વિજ્ઞાનક્ષેત્રની વાત કરતાં હોઈએ ત્યારે ભારતીય અવકાશવિજ્ઞાનના પિતા વિક્રમસારાભાઈને યાદ ના કરીએ તે કેવી રીતે બને ? વિક્રમસારાભાઈએ (૧૯૧૯ થી ૧૯૭૧) ભારતના અવકાશ કાર્યક્રમમાં સિંહફાળો આપ્યો હતો. તેમણે કેટકેટલી સંસ્થાઓ સ્થાપી ! 'ઈસરો'ના અધ્યક્ષ તરીકે તેમને નોંધપાત્ર કામગીરી કરી. તેમની ઓળખ એક કે બે ક્ષેત્રો પૂરતી મર્યાદિત નથી. એક સફળ અને પ્રભાવક વૈજ્ઞાનિક, સ્વપ્નદ્રષ્ટા, શિક્ષક, ઉદ્યોગપતિ, અનેક સંસ્થાઓના વડા, લોકસેવક, રાષ્ટ્રભક્ત તેમજ કળામર્મજ્ઞ. આમતો તેઓ બહિર્મુખી વ્યક્તિત્વ ધરાવતા હતા.

ડો. હોમી ભાભા (૧૯૦૯થી ૧૯૬૬) એ પણ વિજ્ઞાનક્ષેત્રે ઘણું મહત્વનું પ્રદાન આપ્યું છે. અણુશક્તિ પંચના રાહબર તરીકે તેમણે અણુવિદ્યુત મથકો સ્થાપ્યાં.

એક એવું નામછે કે જેણે જુદા જુદા ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરી છે. એ નામછે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનારા પ્રકૃતિવિદ્ રૂબિન ડેવીડ. રૂબિન ડેવીડ (૧૯૧૨થી ૧૯૮૯) દ્વારા અમદાવાદનું પ્રાણીસંગ્રહાલય વિકસિત થયું છે. એ વાત તો બરાબર પરંતુ તેમણે પ્રકૃતિ અને પ્રાણીઓ પ્રત્યેની ગુજરાતીઓની દ્રષ્ટી બદલી રૂબિન ડેવિડ પ્રાણીશાસ્ત્રની આંતરરાષ્ટ્રીય સંસ્થા 'ઝૂઓલોજિકલ સોસાયટી ઓફ લંડન'ના ફેલો હતા. તેમણે પોતાના જ્ઞાન અને અનુભવનો જનહિતાર્થે ઉપયોગ કર્યો હતો.

ગુજરાતીઓની બહુપ્રચલિત ઓળખ તો વેપારી તરીકેની. આ એક એવું ક્ષેત્ર છે, જેમાં નોંધપાત્ર વ્યક્તિઓની યાદી બનાવીએ તો યાદી ઘણી લાંબી થાય. આમછતાં જે અગ્રણી શ્રેષ્ઠી છે તેમનું સ્મરણ કરી લઈએ.

ગુજરાતનું મહાનગર અમદાવાદ. અમદાવાદની આજની ઓળખ ભલે મેગાસીટી તરીકેની હોય અને અહીં બીજા વ્યવસાયો વિકસ્યા હોય, પરંતુ અમદાવાદની ખરી ઓળખ છે મિલ ઉદ્યોગની. ગુજરાતમાં મિલઉદ્યોગના આદ્યસ્થાપક હતા રણછોડલાલ છોટાલાલ (૧૮૨૩ થી ૧૮૯૮)

અનેક વિકટ સંજોગોનો સામનો કરીને તેમણે પ્રથમમિલની સ્થાપના કરી હતી, એક ઉદ્યોગપતિ તરીકે સફળ થયા પછી તેમણે અનેક સામાજિક કામો પણ કર્યા હતા. અમદાવાદની કાયાપલટ કરવામાં પણ તેમનું મોટુ પ્રદાન હતું. તેમણે શહેરનું આરોગ્ય સુધારવા અનેક પગલા ભર્યા હતા. કેળવણીક્ષેત્રે તેમણે નવી સંસ્થાઓ સ્થાપી હતી. સુરતમાં જન્મેલા પ્રેમચંદ રાયચંદ એક સફળ વેપારી હતી. ૧૮૫૮માં તેમની મિલકત માતબર ગણાતી હતી. આ મહાન ઉદ્યોગપતિ મહાન દાનેશ્વરી પણ હતા. શેરબજાર, રૂબજાર અને અફીણબજારમાં એક બાજુ તેઓ કરોડો રૂપિયા કમાયા હતા તો, બીજી બાજુ તેમણે શિક્ષણક્ષેત્રે માતબર અનુદાનો પણ કર્યા હતાં.

મુંબઈ યુનિવર્સિટીના પરિસરમાં આજે જે રાજાબાઈ ટાવર છે તે તેમણે પોતાની માતા રાજાબાઈની સ્મૃતિમાં બંધાવ્યો હતો. હવે યાદ કરીએ જમશેદજી તાતાને. જમશેદજી તાતા (૧૮૩૯થી ૧૯૦૪) જમશેદજી તાતા માત્ર ગુજરાતના જ નહિ, પરંતુ ભારતીય ઉદ્યોગના યુગપ્રવર્તક હતા. નવસારીમાં જન્મેલા આ પુરુષે અનેક ક્ષેત્રોમાં પહેલ કરીને ઉદ્યોગો વિકસાવ્યા હતા. લોખંડ અને પોલાદક્ષેત્રે તેમણે જે જમાવટ કરી તે તો આજે પણ લોકો યાદ કરે છે. તેઓ પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ હતા. સંપત્તિનું સર્જન કરવું એ એક વાત છે અને સંપત્તિના સર્જન સાથે પ્રતિષ્ઠા મેળવવી તે બીજી વાત છે. જમશેદજી તાતા આ બંને બાબતમાં સદ્નસીબ હતા.



ગુજરાતી વેપારીઓએ ઘૂઘવતા દરિયાને નાથીને વિદેશમાં જઈને વેપાર કર્યો છે. આવાં તો અનેક નામો છે. જેમાં એક નામછે નાનજીભાઈ કાલીદાસ મહેતાનું. તેમણે સંપત્તિનું સર્જન કર્યું . દક્ષિણ આફ્રિકા ગયા. વિવિધ પ્રકારના ધંધાઓ વિકસાવ્યા. સફળ થયા એ પછી પોતાના વતન માટે તેમણે ઘણી મોટી કામગીરી કરી. જીવનની ઉત્તરાવસ્થામાં તેઓ પોરબંદરમાં રહ્યા. તેમણે પોરબંદરમાં શૈક્ષણિક સંકુલ સ્થાપ્યું અને અનેક સામાજિક પ્રવૃત્તિઓનો પ્રારંભ કર્યો. ગુજરાતી શ્રેષ્ઠીઓની વાત કરતાં હોઈએ ત્યારે નાનજી કાલિદાસ મહેતાનું નામએક ગરવા ગુજરાતી તરીકે, એક સફળ ઉદ્યોગપતિ તરીકે અને તેની સાથે સાથે ભારતીય સંસ્કૃતિના એક સાચા ઉપાસક તરીકે યાદ આવે.



હવે આપણે પોરબંદરથી અમદાવાદ તરફ આવીએ. શીલભદ્ર શ્રેષ્ઠી કસ્તુરભાઈ લાલભાઈ (૧૮૯૪થી ૧૯૮૦) આ એક એવું નામછે, જે ગુજરાતની ઉજ્જવળ મહાજન પરંપરાનું નેતૃત્વ કરે છે. તેઓ સફળ ઉદ્યોગપતિ હતા. તેમણે અનેક મિલો સ્થાપી, અનેક કારખાના સ્થાપ્યા એ પછી શિક્ષણક્ષેત્રે જે પ્રદાન કર્યું તે નોંધપાત્ર છે. અમદાવાદમાં આજે શિક્ષણક્ષેત્રે જે વિકાસ થયેલો જોવા મળે છે તેના પાયામાં કસ્તુરભાઈ લાલભાઈની દીર્ઘદ્રષ્ટિ કારણભૂત છે. તેઓ કહેતાં કે શિક્ષણક્ષેત્રે મૂડીરોકાણ કરવું એ તો વાવેતર છે. એ વર્ષોમાં તેમણે શિક્ષણક્ષેત્રે કરોડો રૂપિયાના અનુદાન કર્યા હતા. મહાજન પરંપરાની આ ઉત્તમવ્યક્તિને ગુજરાત સદા યાદ કરશે.

એવાં તો કેટકેટલા ક્ષેત્રો છે, જેમાં ગુજરાતે અનેક વ્યક્તિવિશેષોને જન્મઆપ્યો છે. ધર્મ અને અધ્યાત્મ. દેશસેવા અને સમાજસેવા, રમતગમત, પત્રકારત્વ- આ તમામક્ષેત્રોની વાત કરવા જઈએ તો એક નહિ, પરંતુ અનેક વિશેષાંકો કરવા પડે. અહીં જે આચમન આપ્યું છે તે નિમિત્તે આપણે આ પુરુષાર્થી વ્યક્તિત્વોમાંથી કંઈક પ્રેરણા લઈએ.

લેખક ગુજરાત ટાઈમ્સના અમદાવાદાસ્થિત નિવાસીતંત્રી છે.

(સૌજન્ય ગુજરાત ટાઈમ્સ)



# લોહાણા વિઝન એન્ડ મિશનનું લવાજમ ફોર્મ

નંબર તારીખ :

અખિલ ગુજરાત લોહાણા સમાજ દ્વારા પ્રકાશીત થનાર ત્રિમાસીક “લોહાણા વિઝન એન્ડ મિશન” નાં ૪ વર્ષની મુદતનાં (૨૦૧૨-૨૦૧૬) લવાજમપેટે આ સાથે રૂા. ૫૦૦/- અંકે રૂપિયા પાંચસો પુરા જમા કરાવીએ છીએ.
જરૂરી વિગતો નીચે મુજબ છે.

પુરૂં નામઃ...............................................................................

સરનામુંઃ................................................................................

...............................................................................

ગામ/શહેર ................................ તાલુકો ................ જિલ્લો ................ પીનકોડ નંબર ................

ટેલીફોન નંબર :...........................................................................(એસ.ટી.ડી. કોડ સાથે)

મોબાઈલ નંબરઃ ................................ E-mail ID ......................

જન્મતારીખ :...........................................................................

લગ્ન તારીખ :...........................................................................

ઉપર દર્શાવેલ તમામવિગતો પુરેપુરી ભરવી અને તમામવિગતો સરનામા સાથે (પોસ્ટ માટે) સંપૂર્ણ છે. તે અંગેની ખાતરી આપું છું.

લવાજમભરનારની સહી

---

નંબર તારીખ :

શ્રી/શ્રીમતિ ............................................................ તરફથી ત્રિમાસીક “લોહાણા વિઝન એન્ડ મિશન” નાં ૨૦૧૨-૨૦૧૬ (ચાર વર્ષ માટે) ના લવાજમના રૂા. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) મળેલ છે.

અખિલ ગુજરાત લોહાણા સમાજ વતી

નાણાં લેનારની સહી

“લોહાણા વિઝન એન્ડ મિશન” નાં ૫૦૦ અથવા તેનાથી વધારે (૫૦૦ નાં ગુણાંકમાં) ગ્રાહકો બનાવનાર જ્ઞાતિબંધુને પ્રોત્સાહિત કરી યોગ્ય સન્માન આપવામાં આવશે.



ચર્ચા

# રઘુવંશી સમાજ કયા માર્ગે ?

તરૂણ દત્તાણી

ગુજરાતના કેટલાક વિસ્તારોમાં લોહાણા જ્ઞાતિને અનામત આપવાની વાત થઈ રહી છે. આ અંગે આપણી જ જ્ઞાતિના વરિષ્ઠ તંત્રી અને પત્રકાર તરૂણ દતાણી અભ્યાસપૂર્ણ ચર્ચા છેડે છે. આપ શું માનો છો?...અમને જરૂરથી લખીને મોકલો.

સૌરાષ્ટ્રના કેટલાક શહેરોના લોહાણા મહાજનોએ સરકાર સમક્ષ માગણી કરી છે. જેથી લોહાણા જ્ઞાતિને અનામતનો લાભ મળી શકે. તેઓ એવું માને છે કે અનામતના લાભ વિના લોહાણા યુવાનો નોકરીથી વંચિત રહે છે. પરિણામે આર્થિક રીતે નબળા પડતા જાય છે

આપણા માટે મહત્વનો સવાલ એ છે કે શું આ વાત સાથએ જ્ઞાતિના વરિષ્ઠો, મહાજન શ્રેષ્ઠીઓ, મહાપરિષદના હોદ્દેદારો સંમત છે ? આપણે એ પણ વિચારવું જોઈએ કે લોહાણા જ્ઞાતિને બક્ષીપંચમાં સામેલ કરવામાં આવે એ જ આપણા બેકાર યુવાનો માટે ઉપાય છે ?

રઘુવંશી લોહાણા સમાજ આર્થિક, સમાજિક, શૈક્ષણિક, ઔદ્યોગિક, વ્યાપાર, ટેકનોલોજી, સાહિત્ય, પત્રકારત્વ, જીવનના તમામક્ષેત્રોમાં વિકાસના ઉત્તુંગ શિખરો સર કરી ચુક્યો છે અને આજે પણ આ યાત્રા અવિરત ચાલુ છે. વ્યાપારી સાહસમાં આપણો સમાજ અગ્રસ્થાને છે. દેશ-વિદેશમાં આ સમાજે પોતાની પ્રતિભા પુરવાર કરી છે, પુરૂષાર્થની પરાકાષ્ઠા સરજી છે. એ સમાજ આજે પછાત જાતિની હરોળમાં બેસવા તૈયાર થાય એ યોગ્ય છે ?

અનામતની થોડી નોકરીની તકો માટે કરવામાં આવતી આ માંગણી કેટલી તાર્કીક છે એ પણ વિચારવું જોઈએ. આપણે એ ભુલવું ન જોઈએ કે બક્ષીપંચમાં સામેલ થયા પછી ખાનગી કંપનીઓ અને કોર્પોરેટ ક્ષેત્રમાં આપણા યુવાનો માટે રોજગારીની તકો ઘટી જશે ? કેમકે આ ક્ષેત્રમાં પછાત વર્ગોને અગ્રતા આપવામાં આવતી નથી. અનામતની એક નોકરી લેવા જતાં ાપણે દસ નોકરીના દરવાજા બંધ કરી દઈશું.

બક્ષીપંચમાં અસંખ્ય જાતિઓ સમાવિષ્ટ છે. ત્યાં પણ ખૂબ સ્પર્ધા છે. ખરી વાત એ છે કે........... ક્ષેત્ર કરતાં અનામતમાં વધુ સ્પર્ધા છે. અને હજુ તેમાં વધારો થતો જાય છે. માત્ર ઓછી ટકાવારીથી તક મેળવવાની લાલચ રોકવામાં આવે તો અનામતનું કોઈ આકર્ષણ નથી. આપણા સંતાનોને શિક્ષણમાં કોચિંગ સહિતની સુવિધાઓ પુરી પાડી ઓપન સ્પર્ધા માટે તૈયાર કરો, અનામત છોડો.

એક વખત બક્ષીપંચમાં સામેલ થયા પછી આપણા સમાજની ત્રીજ - ચોથી - પાંચમી પેઢીમાં સમાજિક પછાતપણાની લઘુતાગ્રંથી ઘર કરી જશે. તેમાંથી આપણો સમાજ હજારો વર્ષો પછી પણ મુક્ત નહીં થઈ શકે.

કોઈ વિકસિત સમાજ કે માનવ સમુદાય આ રીતે પછાત બનવાની સ્પર્ધામાં સામેલ થાય એ નૃવંશ શાસ્ત્રના ઈતિહાસની અજોડ ઘટાના બની રહેશે. સમાજને આપણે પડતીની ખાઈમાં ધકેલવો છે કે જે સમાજ અન્ય લોકોને, દેશને અને વિશ્વને પ્રેરક અને માર્ગદર્શક રહ્યો છે એ સમાજને અવળે રસ્તે જતો બચાવીએ. ઘડિયાળના કાંટા પાછા ન જ ફેરવાય.

અનામતના આધારે કોઈ સમાજે વિકાસની હરણફાળ ભરી હોય એવું બન્યું નથી. અનામતની લાલચમાં બક્ષીંચમાં સામેલ થયા પછી આપણે સમાજ પણ રાજકારણીઓના સ્થાપિત હિતોનો ભોગ બનશે. આ મુદ્દે અનેક પાંસાઓનો વિચાર કરવાની આવશ્યકતા છે. સમાજમાં બૌદ્ધિક ચર્ચા, ચિંતન અને આત્મમંથન થાય. તેના આધારે એક નિષ્કર્ષ, નિર્ણય પર આવવું જોઈએ. સમાનતા શ્રેષ્ઠીઓએ વૈકલ્પિક માર્ગો પણ વિચારવા જોઈએ.

સૌરાષ્ટ્રમાં લોહાણા જ્ઞાતિને બક્ષીપંચમાં સામેલ કરાવવા માટે ચાલતી ઝુંબેશના સંદર્ભમાં વિચારવા માટે કેટલાંક મુદ્દા અહી આપ્યા છે. આ મુદ્દો શક્ય છે કે આગામી મહા પરિષદમાં પણ આવે. ઝનૂની અને જીદ્દી લોકો સંઘર્ષ કરવા તત્પર બને તો સમાજ બે ભાગમાં વિભાજીત થઈ જાય. આ પ્રશ્નનું તાર્કીક અને બૌદ્ધિક રીતે નિરાકરણ આવે અને અવળે માર્ગે જઈ રહેલા જ્ઞાતિ બંધુઓને લોહાણા મહાજાતિના આત્મગૌરવના સાક્ષાત્કાર કરાવાય એ જરૂરી છે. જ્ઞાતિના તમામમેગેઝીનોમાં તેના વિદ્વાન તંત્રીઓ આ વિષય પર વધુ ચિંતન કરીને લેખો લખે - લખાવે અને જાગૃતિ લાવે એવી અપેક્ષા છે. શ્રી ઉમંગભાઈ ઠક્કરના નામે પણ એક આલેખ બધા મેગેઝીનોને મોકલાય. એ જરૂરી છે. સૌના ચિંતન અને ચર્ચા માટે અહીં એક નોંધ આપી છે તેનો ઉપયોગ કરી શકાશે.